પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥૮॥


નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઇ મંગલં

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ


णमो
अरिहंताणं
णमो
अरिहंताणं
अरिहंताणं

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

||૮||



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

**☐ HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

**☐ VOLUME - 8**

June 2018
300 Copies / 224 Pages
For Private Circulation only.

---

**☐ PUBLISHER**

Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

---

**☐ SPONSOR**

Shri C. K. Mehta
Mumbai

---

**☐ ENHANCED & DESIGNED BY**


Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

---

**☐ eBOOK AVAILABLE AT**

www.bhadrankar.com

Amazon Kindle



# અધ્યાત્મમાર્ગી માટેનો રત્નખજાનો!



“સાહેબજી, પૂજ્ય પંન્યાસજી મહારાજની હસ્તલિખિત ૧૦૫ ડાયરીઓથી ભરેલ આ જ બૉક્સ સંભાળી લ્યો, જે રાજકોટમાં અમારા પિતાશ્રીના ચિંતન-સ્વાધ્યાય કક્ષમાં હતાં. તેઓની સૂચનાનુસાર એમના દેહોત્સર્ગ પશ્ચાત્ આપની મૂડી આપને પરત કરવાની છે.” અઢી વર્ષ પહેલાનાં આ વચનો હતા દીપકભાઈ શશિકાંતભાઈ મહેતાનાં. એમના પિતાશ્રી અપૂર્વ સમાધિ સાથે વિદાય થયા પછી તેમના કાકા મહેન્દ્રભાઈ, કાકી ચન્દ્રિકાબેન, ભાઈ-બહેનો તથા સમસ્ત પરિવારજનો સાથે વંદન કરવા અમદાવાદ આવેલા, ત્યારે અમને ડાયરીઓનાં બૉક્સ સોંપ્યા. અમે જોયું તો બધી જ ડાયરીઓ ક્રમ પ્રમાણે એકદમ વ્યવસ્થિત જ હતી, તેથી બૉક્સ પાછા જેવા હતા, તેમ વ્યવસ્થિત પેક કરીને આરાધનાધામનાં એક વિશિષ્ટ ઓરડામાં સાચવીને મૂકવા એક ખાસ સથવારા સાથે મોકલાવી દીધા. જાણે એક કામ પુરૂં થયું...!

...પરંતુ ત્યારે એવી કલ્પના પણ ક્યાં હતી કે ટૂંક સમયમાં જ આ ડાયરીઓ અનેક ઉત્તમારાધક અધ્યાત્મમાર્ગી આત્માઓનાં જીવનમાં મુખ્ય માર્ગદર્શકરૂપ બની રહેશે? અરે, એવી પણ ક્યાં જાણ હતી કે એમાં આત્મા-પુદ્ગલ, સ્વ-પર ભેદ વગેરે વિષયો વિશેની પૂ. સાહેબજીની ચિંતન-અનુપ્રેક્ષાઓ પણ આટલી ઉંડી-ગહરી હશે?

આજે જુઓ, એક પછી એક ડાયરીઓ સર્જન પ્રક્રિયામાંથી પસાર થાય છે અને દર મહિને ખજાનામાંથી જાણે રત્નની પેટી નીકળ્યા કરે છે. અમે પોતે જ તાજ્જુબ થઈ ગયા છીએ કે સાહેબજી શું દરરોજ આત્મભાવમાં આટલા બધા લીન રહેતા હતા?

અરે, આ ચિંતનો લખતા હશે, ત્યારે એમની માનસિક ભાવધારા કેટલી ઉંચી હશે!

પૂજ્યશ્રીના સંપર્કમાં આવેલ દરેક ઉત્તમ સાધકોનો ત્યારે એક જ અભિપ્રાય રહેતો કેઃ 'આત્મરમણતાની અનુભૂતિ કરતો, પરોપકારભાવભાવિત-વાસિત, શીઘ્ર મોક્ષગામી કોઈ ઉચ્ચકોટીનો આત્મા એટલે પંન્યાસજી મહારાજ!' ત્યારે લાગતું કે સાહેબજીએ એમને સારા પદાર્થો સમજાવ્યા હશે, એટલે ભાવાવેશમાં આપણને આમ જણાવી રહ્યા છે, પણ અત્યારે ડાયરીઓનાં ચિંતનનો આ ખજાનો ઉકેલતા એ વાતની સત્યતા સમજાય છે. આજે આ હસ્તાક્ષરનાં અક્ષયપાત્રો વાંચીને મળી રહેલા ઉત્તમ સાધકોના અભિપ્રાયો જાણીએ તોઃ 'રત્નજડિત સુવર્ણમય અમૃતથી ભરેલા આ ૭ કુંભો ખરેખર જન્મ-મરણથી મુકત કરી, અમર બનાવવા સમર્થ છે. જાણે અક્ષરે-અક્ષરે પ્રેમ અમૃત ભર્યું છે.' તથા 'વૈજ્ઞાનિકોનું કહેવું છે કે હસ્તાક્ષરના વળાંકોમાં વ્યક્તિનું વ્યક્તિત્વ અને તેની ઉર્જા પ્રગટ થતી હોય છે. અધ્યાત્મયોગી ભદ્રંકરવિજયજી મહારાજનાં અક્ષરદેહમાંથી પણ તેઓનું વ્યક્તિત્વ અને અનુપમ ઉર્જા અનુભવાય છે, જે વિશ્વ સમક્ષ મુકવાનું પુણ્યકાર્ય થયું છે.' આવા વિવિધ ભાવો દર્શાવતા અનેક પત્રો આવે છે ને પૂજ્યપાદશ્રીનાં અક્ષરદેહને પ્રગટ કરવાનો ઉત્સાહ વધતો જાય છે.

લક્ષ્મી અને સરસ્વતી બંને એક સાથે જો મળી જાય, તેનો કેટલો બધો આનંદ હોય! આ કાર્ય માટે હંમેશા યાદ રાખવા જેવી વ્યક્તિ એટલે નામનાની કામના વિનાના, રગે-રગમાં ગુરુદેવ પ્રત્યેનો અખંડ પૂજ્યભાવ ધરાવનાર, છતાં ગુરુદેવ સમક્ષ કયારેય પોતાની જાતનું અંશ પણ મહાન અસ્તિત્વ ના બતાવનારા મુંબઈ સ્થિત **ગુરુભકત સી. કે. મહેતા**. તેઓનું અપૂર્વ આર્થિક યોગદાન મળતાં અમો આ મહાકાર્ય માટે સંપૂર્ણ ચિંતામુકત રહી શકયા છીએ. આ સદ્‌લક્ષ્મી સાથે હંમેશા યાદ રહેશે અમારા શશિકાંતભાઈનાં પુત્રવધૂ તથા નામથી પણ સરસ્વતી એવા રાજકોટનાં **ભારતીબેન દીપકભાઈ મહેતા**નું અથાક ગુરુભક્તિપૂર્વકનું આ શ્રમદાન. આ અક્ષયપાત્રો આપણા આત્મગુણો ખીલવવા માટેનાં ખરેખર અક્ષયપાત્રો બની રહે, તે જ અમારી ભાવના.

વજ્રસેન વિ.

હેમપ્રભ વિ.

૦૧.૦૬.૨૦૧૮

હાલાર તીર્થ, આરાધનાધામ.

# હું કરતો નથી - મારા વડે કરાય છે...



મારા પૂજ્ય ગુરુમહારાજનાં વચનો યાદ આવે છે કેઃ

“अहं करोमि ભાવ છોડીને मया क्रियते ભાવ ભક્તિસૂચક છે. ફળ રૂપી કાર્ય, ક્રિયા રૂપી કર્મ અને કર્તા રૂપી કારક ત્રણે જ્યારે દેવ-ગુરુને અર્પણ થઈ જાય છે, ત્યારે પ્રભુકૃપા અને પ્રભુપ્રસાદરૂપી બંને ભૂજાઓ વડે ઊંચકાઈને જીવ ભીમભવોદધિને તરી જાય છે. આવી સમર્પણતાનું ગુહ્ય જ્ઞાન તો ગુહ્યથી પણ ગુહ્ય છે.”

આ વાત વાગોળતાં આજે જ સંપ્રાપ્ત પત્રમાં વાંચી રહ્યો છું કેઃ ‘પૂજ્ય સાહેબજીનો એક એક શબ્દ મંત્ર સમાન છે. આ અમૃતતત્ત્વ પ્રત્યે એટલો અહોભાવ પ્રગટે છે કે જાણે સાક્ષાત્ પ્રભુ જ મળ્યાં! જેમના થકી આ પ્રભુ મને મળી રહ્યા છે, તે દાતાને આંસુની સ્યાહી ને કૃતજ્ઞતાનાં શબ્દો દ્વારા, મુજ હૃદયથી અનેક-અનેકવાર આભાર.’ કિન્તુ આ લાભ બદલ આભાર તો મારે **પં.વજ્રસેનવિજયજી**નો જ માનવો રહ્યો.

હવેની ઉર્ધ્વ ઉડાન ગુરુમહારાજનાં હસ્તમાં સોંપીને, અક્ષરભક્તિનાં આ આલંબને... ‘ખરેખર આ ભવરોગ ખરી જ પડશે’ તેવો આત્મવિશ્વાસ જાગવા લાગ્યો છે. મારા આ પ્રેમલક્ષણાભક્તિ સમા પ્રકાશન કાર્ય થકી સૌ ઉપર પ્રભુકૃપા-ગુરુકૃપા વરસે અને સૌ શીઘ્ર ભવોદધિ પાર ઉતરીએ એવી પ્રાર્થના.

૦૨.૦૬.૨૦૧૮
મુંબઈ

સી. કે. મહેતા









કમલદલ વિપુલનયના,
કમલમુખી કમલ-ગર્ભ-સમગૌરી,
કમલે સ્થિતા ભગવતી
દદ્યાત્ શ્રુતદેવતા સૌખ્યમ્ ।

બેડા, ૧૯/૮/૬૦

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે સમાધિ તો યોગીઓ જ લગાવે. સમાધિમાં શરીર અને સ્થળ ભૂલી જવાય છે. તેવી અવસ્થા યોગીઓ જ નહિ, પણ પોતાના રોજિંદા જીવનમાં દરેક જણ કરતો હોય છે. જીવનમાં જે કાર્ય અને જે વસ્તુ ઉપર પ્રીતિ હોય, તેવા કાર્યમાં દરેક જણ (ક્ષણિક) સમાધિનો અનુભવ કરતો હોય છે. એક પ્રેમી જ્યારે પ્રેમીની યાદમાં પોતાને શું નથી ભૂલી જતો? અને ક્ષણિક આનંદ નથી અનુભવતો? એ રીતે જો વિશ્વના સર્વ જીવો સાથે પ્રેમ કેળવાય, તો વિશ્વપ્રેમી પરમાત્માની યાદમાં કેટલો આનંદ આવે?

વિશ્વના સર્વજીવોનું હિત ચિંતવનાર એવા શ્રી અરિહંત પરમાત્માની યાદમાં આનંદ આવવા લાગે, ત્યારે સમજવું કે તમારો તેમની સાથે યોગ થઈ ગયો. પછી જે સમાધિ આવશે તેમાં શાશ્વત આનંદનો અનુભવ થશે. તે યોગ અને સમાધિ સાધવા માટે મનને કેળવવું પડશે. 'જગતના સર્વ જીવોનું હિત થાય અને સર્વજીવોનું હિત ચાહનાર અને કરનાર પરમાત્માની જય થાઓ' એ ભાવનાને મનમાં વારંવાર લાવવી પડશે.

આ ભાવનાના પુદ્ગલો ચૌદ રાજલોકમાં ફેલાશે
અને સર્વત્ર શાંતિનો પ્રસાર કરશે.
'વિશ્વશાંતિ પ્રસારનાર ભાવનાનો અને
શાંતિ વર્ષાવનાર શ્રી અરિહંત ભગવાનનો
જય થાઓ, વિજય થાઓ.'

આ મહામંત્રનું જેઓ રટણ કરશે, તેઓ ચિત્તની સમાધિ પામશે. સમાધિનું સુખ મળશે, શાશ્વત શાંતિ અનુભવશે.

o <u>મૈત્રી ભાવનાની પરિકર્મણાનો ક્રમ</u>

(૧) ઉપકારી - કૃતજ્ઞતા (૩) સ્વજન - ઉદારતા
(૨) પરિચિત - પરોપકારિતા (૪) અપરિચિત - પરમાર્થવૃત્તિતા

કૃતઘ્નતા × કૃતજ્ઞતા. ઉદરંભરિતા × પરોપકારિતા.
કૃપણતા × ઉદારતા. સ્વાર્થાંધતા × પરમાર્થપરાયણતા.

सत्त्वेषु मैत्रीं गुणिषु प्रमोदं
क्लिष्टेषु सत्त्वेषु कृपापरत्वं ।
माध्यस्थभावं विपरीतवृत्तौ
सदा ममात्मा विदधातु देव ! ॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

o મોક્ષ અને સર્વાર્થસિદ્ધ દેવલોક ઉપર આવેલા છે.
તીર્થંકરત્વ-ચક્રવર્તિત્વનું પુણ્ય નીચે ઉદયમાં આવે છે.

શિવમસ્તુની ભાવના મોક્ષસુખ-પરમાર્થસિદ્ધિનું કારણ છે.
પરહિત નિરતાની ભાવના સર્વાર્થસિદ્ધિનું કારણ છે.
દોષાઃ પ્રયાન્તુ નાશંની ભાવના તીર્થંકરત્વનું કારણ છે.
સર્વત્ર સુખી ભવતુ લોકઃ ચક્રવર્તિપણાનું કારણ છે.
શાંતિનાથ ભગવાનને આ ચારે સિદ્ધિ પ્રાપ્ત થઈ હતી.

અર્થ પુરુષાર્થથી ચક્રવર્તિપણું પ્રાપ્ત થાય.
ધર્મ પુરુષાર્થથી તીર્થંકરત્વપણું પ્રાપ્ત થાય.
કામ પુરુષાર્થથી સર્વાર્થસિદ્ધિપણું પ્રાપ્ત થાય.
મોક્ષ પુરુષાર્થથી પરમાર્થસિદ્ધિપણું પ્રાપ્ત થાય.

શિવમસ્તુ - મોક્ષ, દોષાઃ પ્રયાન્તુ નાશં - કામ,
પરહિતનિરતા - ધર્મ, સર્વત્ર સુખી ભવતુ - અર્થ.

અંતરાય ચરિત

સ્વ અને પર વચ્ચે રહેલું અંતર-ભેદ.
તેનો આય (લાભ) તે અંતરાય.
સ્વ-પર વચ્ચે રહેલા ભેદનો છેદ = અંતરાયનો ક્ષય.
ભેદ પાડનાર મોહ, ભેદ તોડનાર મોહનો ક્ષય = મોક્ષ.
સ્વપ્રત્યેના મોહક્ષયનો ઉપાય = સર્વ પ્રત્યેનો સમભાવ.
અહંભાવનો વિરોધી છે સર્વભાવ.
મમભાવનો વિરોધી છે સમભાવ.

o નામ - વાચક, દ્રવ્ય - વાચ્ય,

સ્થાપ્ય - ભાવ, સ્થાપના - મૂર્તિમંત ભાવ.

નામ એ દ્રવ્યનું વાચક, સંકેત અને સ્મારક પણ છે.
સ્થાપના એ ભાવનું દર્શક છે અને ભાવનું સૂચક પણ છે.
નામનો સંબંધ દ્રવ્ય, સ્થાપનાનો સંબંધ ભાવ સાથે છે.
ભાવનું ત્રિભુવનસ્વામિત્વ વર્તતા સર્વચિદ્રૂપત્વ સ્પષ્ટ છે.

o Idol is related to Ideal. Name is connected with Substance. Ideal is related to idol. Idol is related to name. Name is related to all.

o વિશ્વ ઉપર પાંચ સમવાયનું પ્રભુત્વ છે.
પાંચ સમવાય ઉપર પ્રભુત્વ શુભભાવનું છે.
ચતુઃશરણગમનાદિ શુભભાવરૂપ છે.
તે પાંચ સમવાય ઉપર પ્રભુત્વ ધરાવે છે,
તેથી વિશ્વનો પ્રભુ 'ભાવ' છે, એ સિદ્ધ થાય છે.

o પરમભાવને ઝીલનારી મુદ્રા, મહા લબ્ધિના ભિંતીમાં ભિંતી ચિત્ર કરતાં પણ અનંતગુણા અધિક કામના-
ભવના ભાવને સ્પર્શવાની ટેવ છે.

શબ્દનો સંબંધ સામાન્ય સાથે છે.
આકૃતિનો સંબંધ વિશેષની સાથે છે.
સામાન્યનો સંકેત શબ્દમાં છે, વિશિષ્ટનું પ્રતીક મૂર્તિમાં છે.
મૂર્તિ વડે વિશિષ્ટ ધર્મને જાણી શકીએ છીએ,
શબ્દ વડે સામાન્ય ધર્મને જાણી શકીએ છીએ.
સામાન્યનો બોધક શબ્દ-વિશિષ્ટનો પરિચાયક આકાર છે.
વિશિષ્ટનું જ્ઞાન અને વિશિષ્ટ પ્રત્યે ભક્તિ મૂર્તિ વડે
સંધાય છે. સામાન્યનું જ્ઞાન અને સામાન્ય પ્રત્યે ભક્તિ
શબ્દ વડે સિદ્ધ કરી શકાય છે.

o એક વાત સુનિશ્ચિત છે કે

જેને પોતાની જાત ઉપર કાબુ આવ્યો નહિ,
તે વિશ્વ ઉપર કદી પણ કાબુ મેળવી શકવાનો નહિ.
પોતાની જાત ઉપર કાબુ મેળવવા માટે પોતાની પાંચ
ઇંદ્રિયો ઉપર અને પોતાના મન ઉપર પુરેપુરો કાબુ
આવવો જોઇએ. એ ત્યારે જ આવી શકે કે જ્યારે
સર્વત્ર વિલસી રહેલું ચૈતન્ય, પોતાની શક્તિ વડે
વિશ્વનું સંચાલન કરી રહ્યું છે, એ વાત સ્પષ્ટ થાય.

જીવની કર્તૃત્વ શક્તિ એ શું?

કર્મના સંબંધમાં આવવાની અને એ સંબંધમાં લાવનાર
દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના સંબંધમાં આવવાની યોગ્યતા.

## શિવની કર્તૃત્વ શક્તિ કઈ?

એ જીવની કર્મના સંબંધમાં આવવાની યોગ્યતાનો ઉદય કરવાની શક્તિ અથવા જીવની મુક્તિના સંબંધમાં આવવાની યોગ્યતાનો પરિપાક કરવાની શક્તિ છે.

જીવ - અનુગ્રાહ્ય, શિવ - અનુગ્રાહક,
કર્મ - બંધન, અવિદ્યા - બંધનનો હેતુ.

બંધનમાંથી છોડાવવાનું અને મુક્તિમાં પહોંચાડવાનું કાર્ય કરવાની શક્તિ જેમાં હોય તે શિવતત્ત્વ.

એ શક્તિ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુરૂપ પોતાનું કાર્ય કર્યા જ કરે છે. જેમ જીવ તે તે પ્રકારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુરૂપ કર્મના સંબંધમાં આવવાનું કાર્ય કરે છે, તેમ જીવ તે તે પ્રકારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અનુરૂપ કર્મબંધનમાંથી મુક્ત કરવાનું કાર્ય કરે છે.

એકને જીવશક્તિ - બીજાને શિવશક્તિ કહેવાય.

શૈવ - ભાગવતનું અધિકારીપણું છે.

જૈનનું કર્મ, જૈનનું બંધ, જૈનની શાસ્તા,
જૈન-વેદાન્તનો પુરુષ, વેદાન્ત-બૌદ્ધની ભ્રાન્તિ,
બૌદ્ધનું વંધ, બૌદ્ધનું રાગ, બૌદ્ધ-વેદાન્તની અવિદ્યા,
સાંખ્યની પ્રવૃત્તિ, સાંખ્યનું ક્ષેત્રવિદ, સાંખ્યની પ્રકૃતિ છે.

કર્મનો બંધ, કર્મનો સંબંધ, કર્મનો સંયોગ,
પ્રકૃતિની પ્રવૃત્તિ, અવિદ્યાની ભ્રાન્તિ,
પુરુષના શાસ્તા, વંદ્ય, અધિકારી.

સૃષ્ટિની ઉપાસના વિજ્ઞાન, સૃષ્ટાની ઉપાસના અધ્યાત્મ.
વિજ્ઞાનથી જીવનગતિ વધે, અધ્યાત્મથી જીવનની દિશા મળે.
વિજ્ઞાન અને અધ્યાત્મ બંનેની સરખી જરૂર છે.
વિજ્ઞાનનું એન્જિન જ્ઞાનવિદ્યાના પાટા પર ચાલવું જોઈએ.
જો પાટો નહિ હોય તો એન્જિન
અટકવાનું અથવા નાશ પામવાનું.
અધ્યાત્મવિદ્યા
મારા-તારાનો ભેદ મટાડવા માટે છે.
વિજ્ઞાન પણ આજે એ જ કહે છે કે
મારા-તારાનો ભેદ જલ્દી મટાવો
અથવા સર્વનાશ વહોરી લ્યો.
આત્મસર્જન, તેમાં કોઈક એવું રહસ્ય છે કે
જેની વ્યાખ્યા આપવી કઠીન છે.
એ એક ઊંડું કુહર છે.
આત્માની જાગૃતિ, મુક્તિ અને
ભૌતિક ઇચ્છાઓ વચ્ચેનું ઊંડું કુહર.

० પરતંત્ર = પર - સ્વભિન્ન - વિજાતીયને આધીન.

સ્વતંત્ર = સ્વ - સંબંધીને આધીન.

અતંત્ર = કોઈને આધીન નહિ, સ્વચ્છંદ.

अर्हत्सिद्धाचार्योपाध्याय -
मुनिभ्यश्च महन्तः ।
पूर्णोपचारदेशक -
पाठकनिर्विघ्नचिन्तनात् । (परिशिष्ट-२)

નમસ્કારને ઉત્પન્ન કરનાર પરમેષ્ઠિ ભગવંતો છે.
ભક્તિને જગાડનાર તીર્થંકર ભગવાનનું આત્મદ્રવ્ય છે,
તીર્થંકરો શાસ્ત્ર-સંઘ-અનુગ્રહ કરનાર અનુગ્રાહક છે.
આપણામાં નમ્રતા, નિરભિમાનીતા, નિરહંકારતા પેદા કરે છે.

તીર્થંકરો આપણા અહંને ઓગાળે છે.

જીવમાં કર્મગ્રહણ કરવાની શક્તિ છે.

ભગવાનમાં કર્મ છોડાવવાની શક્તિ છે.

જેમ કર્મગ્રહણ કરવાની શક્તિ દ્રવ્યાદિને અનુરૂપ છે,
તેમ કર્મને છોડાવવાની શક્તિ પણ દ્રવ્યાદિને અનુરૂપ છે.

પરતંત્રતામાં સ્વતંત્રતા છુપાયેલી છે.

પર એટલે ઉત્કૃષ્ટ તત્ત્વ.

તેને પરતંત્ર થયા સ્વ-તંત્રતા પ્રાપ્ત થતી નહિ.

ह्रीं

સ્વતંત્રતામાં સ્વતંત્રતા નહિ, પણ પરતંત્રતામાં સ્વતંત્રતા છે.

'નમો' પરતંત્રતા વાચક છે.

સ્વાધીનતા = પરતત્ત્વ - ઉત્કૃષ્ટતત્ત્વની આધીનતા.

સ્વતત્ત્વ શુદ્ધાત્મ ચૈતન્યસ્વરૂપ છે.

તેની સાથે સંબંધ કરાવનાર

પરતત્ત્વ-ઉત્કૃષ્ટ-વિરાટ ચૈતન્યસ્વરૂપ છે.

ચૈતન્યસ્વરૂપની વિરાટતા સાર્વદેશિક, સાર્વકાલિક સત્તામાં છે.

સાર્વદેશિક સર્વ જીવપ્રદેશોમાં રહેલી સત્તાને સૂચવે છે.

સાર્વકાલિક સર્વ જીવઅવસ્થાઓમાં અથવા જીવની

સર્વઅવસ્થામાં રહેલી ચૈતન્યની સત્તાને સૂચવનાર છે.

તેને એક શબ્દમાં કહેવું હોય તો:

दिक्कालाद्यनवच्छिन्नानंतचिन्मात्रमूर्तये ।

स्वानुभूत्येकसाराय नमः शान्ताय तेजसे ॥

તે જ સ્વરૂપ આદિત્યનું અનુકાર છે. શાંત સ્વરૂપ ચંદ્રના અનુકારરૂપ છે. દિક્કાલાદ્યન વચ્છિન્ન સ્વરૂપ સાગરને અનુકાર છે, તેથી સાગરવર ગંભીર, ચંદ્રવત્ નિર્મલતર, સૂર્યવત્ પ્રકાશકર એવું ચૈતન્ય સ્વરૂપ, તેને પરતંત્ર રહેવારૂપ નમસ્કાર એ જ સ્વસ્વરૂપને આધીન રહેવા બરાબર છે. તે શિવપદની અવસ્થા એ નહિ સ્વતંત્ર,

નહિ પરતંત્ર, કિન્તુ સ્વતંત્ર છે. કોઈને પણ આધીન ન હોઈને તે અવસ્થા સુકાન વિનાના વહાણ જેવી છે.

o ઈશ્વરને આપણી, આપણને પદાર્થોની ચિંતા હોય, તોય ઈશ્વરને સદા સાથે રાખી, નિર્ભીક થઈ કાર્ય કરીએ. શક્તિ ઈશ્વરની કૃપામાંથી મળે છે અને ઈશ્વરની કૃપા હૃદયની નિર્મળતામાંથી સાંપડે છે. તેવી નિર્મળતાનું અમોઘ સાધન શુભ વિચાર - સાચી મહાશક્તિ છે. તે પ્રયત્નથી જ આવે છે. જે પોતાના જ વિચારો પરત્વે સજાગ હોતો નથી, તે પોતાની શક્તિ ખોઈ બેસે છે. શુભ વિચાર કરનારને પહેલા જરૂર ઈશ્વરમાં અનન્ય શ્રદ્ધાની છે. તે નહિ હોય તો સંસારયાત્રા કઠિન છે.

પોતપોતાના હૃદયમાં જ ઊંડા ને ઊંડા ઉતરીને જે મનુષ્યો વિચાર કરશે, તેમને ઈશ્વરની હયાતિ વિષે શંકા રહેશે નહિ. જે હૃદયમાં ઉતરી જઈ પ્રશાંત બને છે, તે જ મનુષ્ય ઈશ્વરને જોઈ શકે છે.

ઈશ્વરનો વાસ સઘળે છે એ વાત ખરી છે, પરન્તુ એનો ઉજ્જ્વલ પ્રકાશ હૃદયમાં છે. આખા જગત પ્રત્યે પ્રેમ રાખતાં શીખવું. તેમાં જ પરમાત્માની ખરી ઓળખ છે. હૃદયના ઉભરાને સંયમ કરવો પડશે. ઉપવાસ અને

મોહને વળગી રહેશે તેથી જ નવા જન્મોને પામશે.

○ 'હું ખોવાઈ ગયો છું,' એમ કહેવું એ જેમ ખોટું છે, તેમ 'મારો આત્મા દેખાતો નથી,' એમ કહેવું પણ ખોટું છે. પોતાનો આત્મા દેખાય છે, માટે જ બહારની ચીજો દેખાય છે. બહારની ચીજોના પ્રત્યક્ષ દર્શનમાં હજુ ભ્રમ હોઈ શકે, પણ એ પ્રત્યક્ષ કરનાર આત્માના પ્રત્યક્ષ દર્શનમાં કોઈ જાતનો ભ્રમ નથી. આત્મદર્શન હંમેશા અભ્રાન્ત હોય છે. મધ્યાહ્ન સમયે નિરભ્ર આકાશમાં સૂર્ય નથી, એમ કહેવું જેમ સાચું નથી, તેમ જીવતા શરીરમાં જીવ નથી, એમ કહેવું પણ અસત્ય છે. આકાશનો પ્રકાશ જેમ સૂર્યને આભારી છે, તેમ દેહમાં ચેતન આત્મદ્રવ્યને આધીન છે.

○ સુંદર એવા બાળકના શરીરમાં લીંટ દેખાય, ત્યારે માતા તેનું નાક પકડીને પણ લીંટ કાઢી નાંખે છે, તે વખતે બાળક નારાજ થતો દેખાય છે, પણ લીંટ નીકળી ગયા પછી રાજી થાય છે, તેમ સુંદર ધર્મજિજ્ઞાસા કરનાર આરાધક આત્માઓની અંદર પણ પોતાની ક્રિયાનું અહં આવતું નજરે પડે છે, ત્યારે તે અહંરૂપી લીંટને સદ્ગુરુ ઉપદેશ રૂપી નાક પકડવાની ક્રિયા કરીને દૂર કરવા પ્રયત્ન કરે છે, તે વખતે શ્રોતાને દુઃખ થતું દેખાય છે, પણ અહંનો મળ

નીકળી ગયા પછી બહુ આનંદિત થાય છે.

પ્રાણીમાત્રમાં અપૂર્વશક્તિરૂપે જે ચૈતન્ય વિલસી રહ્યું છે, તેનું નામ જ 'જગદંબિકા' છે અને સંસારની સર્વ પ્રવૃત્તિ એ મહાશક્તિને આધારે જ ચાલે છે. આશ્વિન માસમાં જગદંબિકાનું જે પૂજન કરે છે, તે ગમે તેવા ભયમાં હોય, તો પણ તેથી મુક્ત થાય છે. ભક્તિ અને શ્રદ્ધાયુક્ત થઈ જગદંબિકાના મહાત્મ્યને

જે શારદીય આશ્વિન માસમાં સાંભળે છે,

તે સર્વદુઃખોમાંથી મુક્ત થઈ જાય છે.

મૂળ નક્ષત્રમાં સરસ્વતીનું આહ્વાન, પૂર્વાષાઢામાં પૂજન, ઉત્તરાષાઢામાં બલિ અને શ્રવણમાં વિસર્જન થાય છે.

સ્નાન વગેરેથી શરીરની બાહ્ય શુદ્ધિ થાય છે. રસ-રૂધિર, મેદ-માંસ વગેરેની આંતરશુદ્ધિ પંચગવ્યના પાનથી થાય છે. મન, બુદ્ધિ, ઇંદ્રિય વગેરેની શુદ્ધિ યથોચિત શબ્દ, સ્પર્શ, આહારાદિથી થાય છે. આહારશુદ્ધિથી સત્ત્વશુદ્ધિ થાય છે.

સત્ત્વશુદ્ધિ વડે નિજસ્વરૂપની ઓળખાણ થાય,

અને સ્વસ્વરૂપની ઓળખાણ એ જ

માનવજીવનનું સાર્થક્ય છે.

o મા+નવ=માનવ, સાધુ-સંન્યાસી એટલે વિશ્વમાનવ.

નારી = ભાવના, વિશ્વાસ, શ્રદ્ધા, ભક્તિ.

નર = જ્ઞાન, સંયમ, તપ.

હકારાત્મક ભાવના = ભક્તિ, શ્રદ્ધા, વિશ્વાસ.

નકારાત્મક ભાવના = તપ, સંયમ, જ્ઞાન, ધ્યાન.

વિશ્વ સંચાલક પાંચ સમવાયો એ પ્રભુની દયા છે. સર્વ પ્રકારના દોષોમાંથી સાધકોને મુક્ત કરાવનાર પાંચ સમવાયનું તત્ત્વજ્ઞાન છે. એ તત્ત્વજ્ઞાન આપણને પુરું પાડીને પ્રભુએ આપણને (૧) પુરુષકારના અહંકારી

(૨) નસીબના પૂજારી (૩) કાળને પરાધીન

(૪) નિયતિના ગુલામ (૫) સ્વભાવના દાસ

થતાં બચાવ્યાં છે, એટલું જ નહિ પણ પ્રત્યેક કારણને તેને ઘટતો ન્યાય આપી સ્વીકારતા શીખવ્યું છે. સર્વ-જીવોને, સર્વદ્રવ્યોને અને સર્વક્રિયાઓને સરખો, વ્યાજબી, અધિકાર આપવાનું પ્રભુએ શીખવ્યું એ એમની દયા છે.

ઉપાદાન આતમ સહી પુષ્ટાલંબન દેવ,
ઉપાદાન કારણપણે પ્રગટ કરે પ્રભુ સેવ.

ઉપાદાન પોતાની મેળે કાર્યના કારણપણે પરિણમતું નથી, પણ નિમિત્તો તેને કારણપણે પરિણમાવે છે. ઉપાદાન એવી માટીને ઘટનાં કારણપણે દંડ-ચક્રાદિ

નિમિત્તો પરિણમાવે છે. તે નિમિત્તો ન મળે તો કાર્ય
પ્રગટાવવા માટે ઉપાદાન એ નપુંસકરૂપ છે.
જીવનો નિજ સત્તાગર્ભિત જ તે ઉપાદાન છે. ઉપાદાનમાં
રહેલા શક્તિની અભિવ્યક્તિ માટે નિમિત્તની અપેક્ષા છે.
નિમિત્ત ઉપાદાનને કારણરૂપમાં પરિણમાવે છે.

૦ ભગવાનના સ્વરૂપનું ચિંતન તે તત્ત્વથી નિજસ્વરૂપનું
ચિન્તન છે. જિનની પૂજા તે પરમાર્થથી નિજની પૂજા છે.
જિનવર પૂજા રે તે નિજ પૂજના.

ભક્તિરસની આર્દ્રતા જ હૃદયની શુષ્કતાને દૂર કરી દે છે.
ભગવદ્ભક્તિના અવલંબનથી દાંભિકતા-ભ્રાન્ત્યાદિ દોષ
પ્રવેશતા નથી અને આત્મધ્યાન સહજ બની જાય છે.
ભગવત્સ્વરૂપના આલંબનથી ભક્તિપ્રધાન દૃષ્ટિ થાય છે.
તેના આલંબનથી અધ્યાત્મદૃષ્ટિ ગૌણ થાય છે,
તેથી શુષ્કતાદિ દોષો પ્રવેશ પામતા નથી.
ભક્તિમય અધ્યાત્મ-અધ્યાત્મમય ભક્તિમાં તે દોષ નથી.

ઝાડ પોતાને મથી પોતે અગ્નિ બને છે.
વાટ દીપકની ઉપાસના કરી દીવો બને છે.
જે સંસાર સમુદ્ર જેવો તરવો દુર્ઘટ છે,
તે પુષ્ટાલંબનના પ્રભાવે
ગોષ્પદ જેવો તરવો સુઘટ બની જાય છે.

o જ્ઞાનમાર્ગ કાચા પારા જેવો છે,
ક્રિયામાર્ગ તલવારની ધાર જેવો છે,
ભક્તિમાર્ગમાં જ્ઞાનક્રિયા સમાઈ જાય છે,
છતાં ઉભયમાંનો એક પણ દોષ રહેતો નથી.

o જ્ઞાનમાર્ગ ગોળ જેવો કફકારક છે. ક્રિયામાર્ગ સૂંઠ જેવો પિત્તકારક છે અને ભક્તિમાર્ગ એ બેના મિશ્રણથી નિપજતા ઔષધની જેમ કફ-પિત્ત ઉભયનો નાશ કરે છે.
કફ અહંકારરૂપ છે, પિત્ત પરનિંદારૂપ છે.
જ્ઞાન-ક્રિયા ઉભય એકઠા મળી પરસ્પર અનુવિદ્ધ થાય,
ક્રિયા ઉપર જ્ઞાનને-જ્ઞાન ઉપર ક્રિયાને ભક્તિ જાગે,
તો જ ભક્તિ ઉભયને ભેટાવે,
ઉભયના દોષ દૂર કરી આપે છે,
અને ઉપરથી આરોગ્યરૂપી ગુણને સર્જનાર થાય છે.

જ્ઞાનમાર્ગ દુરારાધ્ય છે. સંશય, વિપર્યય, સ્વચ્છંદ, અતિપરિણતિ આદિ બહુ દોષોના ભયયુક્ત છે.

ક્રિયામાર્ગ અભિમાન, આગ્રહ, મોહ, પૂજાસત્કારાદિ અને દેહાધ્યાસાદિ દોષોને પોષનાર થાય છે.

ભક્તિમાર્ગ ઉભયના સમન્વયરૂપ હોવાથી બધાં દોષો દૂર કરાવી મુક્તિની પ્રાપ્તિ કરાવે છે.

ह्रीँ

o સંસાર સ્વપ્નતુલ્ય છે (અશરણ), સંસાર ઈંદ્રજાળ-તુલ્ય છે (અનિત્ય), સંસાર નાટકતુલ્ય છે (સંસાર).

કાયા કેદખાનું - મુસાફરખાનું - પાયખાનું છે.

સંસાર અને કર્મ બાંધવાના પાંચ કારણો

(1) સંસાર કતલખાનું છે → યોગ

(2) સંસાર કલાલખાનું છે → મિથ્યાત્વ

(3) સંસાર કુટણખાનું છે → અવિરતિ

(4) સંસાર જુગારખાનું છે → વિષય

સંસાર શિકારખાનું છે → કષાય

(5) સંસાર ચોરખાનું છે → પ્રમાદ

સર્વનો ઉપાય

(૧) શ્રુતધર્મ - નવકાર (૨) ચારિત્રધર્મ - સામાયિક.

શ્રુતધર્મ એટલે પાપને પાપ જાણવું - પ્રકાશ.

ચારિત્રધર્મ એટલે પાપને ન કરવાનો નિયમ - ત્યાગ.

શ્રુતધર્મથી પ્રકાશ મળે છે, ચારિત્રધર્મથી કર્મ બળે છે.

નવકાર એ શ્રુતધર્મ છે, સામાયિક એ ચારિત્રધર્મ છે.

નવકારથી જગતનું અને કાયાનું સ્વરૂપ જાણવું.

લોકાલોકનું સ્વરૂપ જાણવું, તેમાં બોધિની દુર્લભતા જાણ, તેમાં પણ સામાયિક ધર્મની દુર્લભતા જાણ.

મિથ્યાત્વ અકરણ નિયમ, અવિરતિ અકરણ નિયમ,
પ્રમાદ અકરણ નિયમ. વિષય અસેવન નિયમ,
કષાય અસેવન નિયમ, યોગ નિગ્રહ નિયમ.

સામાયિકધર્મ = પાપ ન કરવાના નિયમરૂપ ધર્મ અતિદુર્લભ છે, તેમ જાણીને અકરણ નિયમરૂપ ધર્મને સ્વીકાર્યો.
તે ધર્મના ત્રણ ગુણ: શુભાસ્રવ, સંવર, સકામનિર્જરા.

મિથ્યાત્વ રોકાય તો સમ્યક્ત્વ પ્રગટે.
અવિરતિ રોકાય તો વિરતિ પ્રગટે.
પ્રમાદ રોકાય તો અપ્રમાદ પ્રગટે.
વિષય રોકાય તો નિર્વિષયતા પ્રગટે.
કષાય રોકાય તો અકષાયતા પ્રગટે.
યોગ રોકાય તો અયોગિતા પ્રગટે.

તે પ્રગટવાથી પૂર્વકૃતકર્મ સમતાભાવે નિર્જરી જાય છે.
નિર્જરાનો હેતુ સમત્વભાવ છે.
જેમ જેમ સમત્વભાવ વધે છે,
તેમ તેમ કર્મક્ષય થતો જાય છે.

સમ્યક્ત્વથી અધિક વિરતિ અને તેથી અધિક અપ્રમાદ સમત્વભાવરૂપ છે. ઉત્તરોત્તર નિર્વિષયતા, અકષાયતા, અયોગિતા અધિક અધિક સમત્વભાવરૂપ હોવાથી તે

અધિક અધિક રીતે નિર્જરાના હેતુ છે.
કર્મનો બંધ અસમ્યક્ત્વભાવથી - ક્ષય સમ્યક્ત્વભાવથી છે.
અસમ્યક્ત્વભાવ એટલે બાળકોને પોતાથી જુદા જાણવા.

## આસ્રવ અને બંધના હેતુ

પરસ્વરૂપ પુદ્ગલોને સ્વસ્વરૂપ જાણવા, સ્વસ્વરૂપ જીવોને પરસ્વરૂપ જાણવા અને એના આધાર પર જીવન જીવવું, મન-વચન-કાયાના યોગોને પ્રવર્તાવવા એ આસ્રવ અને બંધના હેતુ છે. અફસોસ નિયમરૂપ ધર્મ તેમાંથી બચાવે છે, તેથી ધર્મ જ જગતમાં સારરૂપ છે, તે ધર્મ પાળવાનો પ્રકાશ નવકારથી મળે છે, કેમકે તેમાં તે ધર્મનું પાલન કરનાર પર રાગપૂર્વકની ભક્તિ છે.

૦ ભગવાનનું નામ ન લેનાર - ધ્યાન ન કરનાર
એકેન્દ્રિય શૂન્ય, એકેન્દ્રિયનો અવતાર પામે,
મન વિનાનો અસંજ્ઞી અને સંમૂર્છિમ જન્મ પામે.

*Everything is in circle.*

પરતંત્ર, સ્વતંત્ર, અતંત્ર, કુતંત્ર એ વર્તુળને પરતંત્ર રહે ત્યાં સુધી ફાલે ફુલે છે. પર=પરમાત્મા, સ્વ=સજાતીય. પરમાત્માની આધીનતામાંથી જે સજાતીયની આધીનતા પ્રગટે છે, તેમાંથી વિજાતીયની આધીનતા ટળે છે અને આધાર મળવાથી નિરાધારતા જાય છે. આધાર વિના કે

અધિષ્ઠાન વિના કોઈપણ વસ્તુ ટકતી નથી. જીવાત્માનું અધિષ્ઠાન સર્વાત્મા છે અને સર્વાત્માનું અધિષ્ઠાન પરમાત્મા છે. પરમાત્માને આધીન રહીને સર્વાત્મભાવ કેળવવો જોઈએ. સર્વાત્મભાવને આધીન રહીને આત્મભાવ કેળવી શકાય છે, ખીલવી શકાય છે. આત્મભાવને વિકસિત કરવા માટે સર્વાત્મભાવની જરૂર છે અને તેને વિકસિત કરવા માટે પરમાત્મભાવની જરૂર છે.

વીતરાગની મૂર્તિનાં દર્શન, વંદન, સત્કાર, સન્માન કરીએ, ત્યારે તેમના જીવનના શુભ પ્રસંગોનું, તેમની ભાવનાઓનું, તેમના સર્વોત્કૃષ્ટ આત્મદ્રવ્યનું તુરંત સ્મરણ થાય છે અને તેને પરિણામે આપણા સૌની મનની પરિણતિ ઘણી જ ઉચ્ચ પ્રકારની રહે છે.

## દાન-શા માટે?

દાન દઈને આ આત્માને હળવો બનાવવાનો હેતુ છે, નહિ કે કીર્તિના સ્થૂલમાર્ગમાં ખેંચાઈને કર્મબંધન કરવાનો હેતુ છે. દાન દેનારને આવી હલકી મનોવૃત્તિ રાખવા કરતાં, દાનની શુભભાવના ભાવીને દાન કર્યા જેટલું પુણ્ય ઉપાર્જન કરવું સારું, પણ માનને વશ થઈ, દાન કરીને પણ ભવિજનો માટે પાપમાં પડવું સારું નહિ.

ह्रीँ

## લક્ષ નવકારનો અર્થ - નવકારનું લક્ષ્ય

લક્ષ્યસ્થાન નક્કી કર્યા વિનાની ગતિ નિષ્ફળ જાય.
લક્ષ્યસ્થાન વિનાની ગતિ અનર્થકારક થાય છે.
સરનામું કર્યા વિનાના કાગળપત્ર
મુખ્ય ટપાલ કચેરીમાં તો જાય છે,
પણ ઇષ્ટ સ્થાને પહોંચી શકતા નથી.
લક્ષ નવકારનો જાપ આરાધકનું લક્ષ્યસ્થાન શું છે,
તેનો તરત નિર્ણય કરાવી આપે છે.

લક્ષ્યસ્થાન સમ છે, પણ મમ નથી.

નમ વિના સમ પમાતું નથી, તેથી નમન વડે શમન અને
નમ વડે સમ પ્રાપ્ત કરવો એ આરાધનાનું લક્ષ્ય છે.
આરાધનાના
મૂળમાં પણ સમ અને ફળમાં પણ સમ હોવું જોઈએ.
સર્વજીવો પ્રત્યે આત્મતુલ્યભાવ જાગ્યા વિના
પરમાત્મધ્યાન કે આત્મધ્યાન એક પણ સિદ્ધ થતું નથી.
સમભાવ, આત્મતુલ્યભાવ,
વૈરભાવનું શમન, આત્મભાવનું પ્રકટીકરણ,
એ જ મુક્તિનું અનંત કારણ છે,
બાકી બધા તેને પ્રાપ્ત કરવા માટેનાં સાધન છે.

જ્યાં જ્યાં ભક્ત નવકારનો જાપ થાય છે,
ત્યાં ત્યાં કલ્યાણકારી વાતાવરણ તુરંત જામે છે.
આત્મવિશુદ્ધિ માટે નવકારમંત્ર સર્વોત્તમ સાધન છે.
જીવનમાં આવા ભક્ત નવકારની આરાધના એ
આંતરધન પ્રાપ્ત કરવાનું અપૂર્વ સાધન છે.
જગતના અન્ય લાભો આની પાસે તુચ્છ છે.

o શ્રી ઠાણાંગ સૂત્રમાં ૮ સમિતિ કહી છે.
તેમાં મન, વચન અને કાયસમિતિ પણ કહી છે.
મનગુપ્તિથી જ્ઞાન,
મનસમિતિથી દર્શન, મનશુદ્ધિથી ચારિત્ર.

o સમતુલન ધરીને સર્વપક્ષોને, સર્વ-અભિપ્રાયોને,
સર્વમતોને, સર્વવિચારોને ઘટતો ન્યાય આપવો.

o સર્વજીવોને આત્મસમાન માનવા એ વ્યવહારનય છે.
સર્વજીવોને આત્મભિન્ન માનવા એ નિશ્ચયનય છે.
વ્યવહારમાં નિષ્ણાંત બનનારને નિશ્ચયનો અધિકાર છે.

(૧) લોકસ્વરૂપ ભાવના, બોધિદુર્લભ ભાવના,
ધર્મદુર્લભ ભાવના.

(૨) શુભઆશ્રવ ભાવના, સંવર ભાવના,
સકામ નિર્જરા.

ॐ

નવકારમાં લોકસ્વરૂપ-બોધિદુર્લભ-ધર્મદુર્લભ ભાવના છે.

આ સામાયિકમાં પાપાશ્રવનો નિરોધ હોવાથી

શુભાશ્રવ, સુસંવર છે, સકામ નિર્જરા છે.

શ્રુત સામાયિકમાં અજ્ઞાનનો સંવર છે,

સમ્યક્ત્વ સામાયિકમાં મિથ્યાત્વનો સંવર છે.

દેશવિરતિ સામાયિકમાં અપ્રત્યાખ્યાનાવરણનો સંવર છે

સર્વવિરતિમાં ૧૨ કષાયોનો સંવર છે.

યથાખ્યાતમાં સર્વ કષાયોનો સંવર છે.

જ્યાં સંવર હોય ત્યાં

સંયોગાને શુભાશ્રવ અને સકામ નિર્જરા હોય જ.

० ભગવાનના આત્મદ્રવ્યની સર્વોત્કૃષ્ટતાના હેતુઓ:

(૧) દ્રવ્યની ઉચ્ચતા તેના ભાવ ઉપરથી માપી શકાય.

પ્રભુનો ભાવ જગત જીવોનાં ઉત્તમ આત્માઓના ભાવોને અડકો ત્યારે, તો પણ અનેક ગુણી ચઢી જાય છે.

આજનો દેશનેતા પ્રજાને જે ખાવાને અનાજ, પહેરવાને વસ્ત્ર, રહેવાને ઘર, ફરવાને મોટર, ભણવાને નિશાળ, માંદાને સારવાર આપવા ઈચ્છે છે, તેનું નામ 'દ્રવ્યદયા' છે.

સાધુ-સંતો અજ્ઞાનીને જ્ઞાન, અશ્રદ્ધાળુને શ્રદ્ધા, આચારહીનને આચાર આપવા ઈચ્છે છે.

## પ્રભુ શું આપવા ઇચ્છે છે?

મિથ્યાદૃષ્ટિને સમ્યગ્દર્શન, મિથ્યાજ્ઞાનીને સમ્યગ્જ્ઞાન, મિથ્યાચારિત્રીને સમ્યક્ચારિત્ર.

એ ત્રણે સાધના વડે સંસારમાં પરિભ્રમણશીલ જીવને મોક્ષનાં અવ્યાબાધ સુખ આપવા ઇચ્છે છે.

આનું નામ '<u>ભાવદયા</u>' છે. તેમાં પણ તારતમ્ય હોય છે. પ્રભુનો ભાવ સર્વને-પ્રત્યેકને આત્મધન પ્રાપ્ત કરાવવાનો હોવાથી અને તેમના જેવો ઉત્કૃષ્ટભાવ બીજાઓમાં ન જાગતો હોવાથી, તેમનું આત્મદ્રવ્ય સર્વોત્કૃષ્ટ છે.

(૨) જેઓનું આત્મદ્રવ્ય સર્વોત્કૃષ્ટ હોય, તેઓને ઓળખાવનારું નામ પણ અચિન્ત્ય માહાત્મ્યવાળું હોય જ.

(૩) જેમનું નામ અચિન્ત્ય માહાત્મ્યવાળું હોય, તેમનું રૂપ તો પણ વધારે મહિમાવાળું માનવું જોઇએ, કારણકે એકરૂપમાં અનેક નામનો સંગ્રહ છે.

(૪) સમાનભાવ-દ્રવ્યને ધારણ કરનાર વ્યક્તિઓમાં ભેદ પાડવાની શક્તિ દેશકાળમાં નથી જ, તો તેઓ 'દિક્કાલાદ્યનવચ્છિન્નાનંત ચિન્માત્ર મૂર્તિ' ઇત્યાદ.

(૫) દેશકાળનો ભેદ બુદ્ધિ પ્રકલ્પિત છે. સાધનામાં તે ભેદ પ્રયોજનભૂત નથી. તો તેને બાદ કરીને અવશેષ રહેનાર ભાવ અને દ્રવ્યને અભાવ કરાય છે. તે સર્વ

ह्रीँ

અરિહંતો સ્વરૂપથી સમાન હોવાના કારણે
એકની પૂજામાં સર્વની પૂજા અને
એકની હીલનામાં સર્વની હીલનાનો નિયમ સચવાય છે.
(૬) પ્રભુના આત્મદ્રવ્યની પૂજા પોતાના આત્મદ્રવ્યની
પૂજાસ્વરૂપ જ છે. પ્રભુનું ધ્યાન એ પોતાના
આત્માનું જ ધ્યાન છે અને તેથી કાંઈક વિશેષ છે.
તેમાં પોતાથી અધિકનું પણ ધ્યાન થાય છે.
(૭) પ્રભુના ભાવનું બહુમાન એ પોતાના ભાવને
ઉંચો લાવવાનું સાધન છે. ભાવથી ભાવ વધે છે,
સજાતીયને સજાતીય મળવાથી બંનેની શક્તિ વધે છે.
સજાતીય અને વિજાતીય મળવાથી બંનેની શક્તિ વધે છે.
૦ અખંડ દીપ ધ્યાન ધરવામાં મદદગાર થાય છે.
દરેક મનુષ્યના હૃદયમાં
રજોગુણ, તમોગુણ કામ-ક્રોધના તોફાન ચાલતાં હોય છે.
તેને શમાવવા દિવ્યતત્ત્વોની આરાધના કરવી જોઈએ.
તેમનું ધ્યાન કામ-ક્રોધમાંથી મુક્તિ અપાવે છે.
૦ નવેને પોતાના રક્ષણમાં સ્થાપન કરનાર
રાગનું ફળ પણ સમતા જ છે, પરંતુ તે રાગ
અગ્નિ વડે ચંદનની જેમ કદાગ્રહ વડે ભસ્મરૂપ થઈ જાય છે.

'નયોને પોતપોતાના સ્થાને સ્થાપવા' એટલે
સ્યાદ્વાદ મર્યાદાથી યથાર્થ વસ્તુસ્વરૂપ તથા મોક્ષના
આરાધકપણાને વિષે યોજવા, અવતારવા.

સમતાયુક્ત વક્તા જ નયોના જ્ઞાનને પોતપોતાના
સ્વરૂપમાં સ્થાપન કરવા સમર્થ થાય છે, બીજો નહિ.
જ્ઞાન ભસ્મરૂપ થાય છે અર્થાત્ અસાર બને છે.
જ્ઞાનને સફલ સમતા અને જ્ઞાનનો નાશ કદાગ્રહ કરે છે.
જ્ઞાન ચંદન સમાન હોવા છતાં કદાગ્રહરૂપી અગ્નિ વડે
અસાર બને છે, કેમકે કદાગ્રહયુક્ત પ્રાણી તેને
અન્ય સ્થાનમાં યોજે છે અથવા જેનાથી રાગ-દ્વેષની
હાનિ થાય તે રીતે તેને યોજતો નથી.

વ્યવહારના સ્થાને નિશ્ચયને અને નિશ્ચયના સ્થાને
વ્યવહારને મુખ્ય બનાવવાથી આત્માની નિર્મળતા
થતી નથી, અંતઃકરણની પ્રસન્નતા રહેતી નથી.

નતિ : રાજાદિકનો નમસ્કાર.

સ્તુતિ : લોકો તરફથી સત્કાર-પ્રશંસા.

સમતા : ત્રસસ્થાવરાદિ ભેદવાળા સર્વજીવોમાં સુખ-પ્રિયત્વાદિ આત્મતુલ્ય છે એવી પરિણતિ.

વ્યવહાર : પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ.

૦ એક જ વસ્તુમાં અનેક ધર્મની કલ્પના એ વિકલ્પ કલ્પિત છે. એકનો શત્રુ, બીજાનો મિત્ર અને ત્રીજાનો ઉદાસીન હોય છે. વસ્તુ દરેક જુદી જુદી હોવા છતાં પ્રયોજનવશાત્ તેને ભેગી કરીને જે ત્રણ ચાર અભિધા નામ આપીએ છીએ. પ્રયોજન સર્યા પછી વસ્તુમાં એકપણું જ રહે છે અથવા જે છે તે રહે છે. જડમાં ઇષ્ટાનિષ્ટતા અને ચેતનમાં મારા-તારાપણું મનઃકલ્પિત છે.

૦

तएणं समणे भगवं महावीरे अरहा जाए। जिणे, केवली, सव्वन्नू, सव्वदरिसी, सदेवमणुआसुरस्स लोगस्स परियायं जाणइ पासइ, सव्वलोए सव्व-जीवाणं आगइं, गइं, ठिइं, चवणं, उववायं, तक्कं मणो माणसियं, भुत्तं, कडं, पडिसेवियं, आविकम्मं, रहोकम्मं अरहा, अरहस्सभागी, तं तं कालं मणवयकायजोगे वट्टमाणाणं सव्वलोए सव्वजीवाणं सव्वभावे जाणमाणे पासमाणे विहरइ। (परिशिष्ट-३)

समता-सर्वत्र-आत्मसमदर्शित्व। (परिशिष्ट-४)

सव्वे पाणा परमाहम्मिया। एसो छट्ठो जीवनिकाओ। एसो छट्ठो जीवनिकाओ खलु तसकाओ इति पवुच्चइ।

પ્રકૃતિ સર્વ જીવો પરમ ધર્મવાળા છે,
એટલે સુખની ઇચ્છા-દુઃખનાં દ્વેષવાળા છે.
આ છઠ્ઠો જીવનિકાય નિશ્ચે ત્રસકાય છે,
પ્રભુ (સર્વ તીર્થંકરો-ગણધરોએ) કહેલું છે.
'પરમાહમ્મિઆ' પદથી એ સર્વ જીવો સુખના અર્થી,
દુઃખનાં દ્વેષી છે, માટે કોઈ જીવને દુઃખ થાય નહિ,
તેમ વર્તવાનું અહીં વિધાન કર્યું છે.

મમતાસહિત કરેલાં ધર્માનુષ્ઠાન સમતાથી મળનારા
મોક્ષસુખને કેવી રીતે આપે?
દાન, તપ, યમ, નિયમનું
સમતા વિના કાંઈ ફળ નથી.
સમતાપૂર્વક કે સમતા માટે કરાયેલાં
દાન, તપ, યમ, નિયમ જ ફળદાયી થાય છે.

o રાગ = કોઈ ઠેકાણે આત્માનો અભિલાષરૂપ પરિણામ.
દ્વેષ = કોઈ ઠેકાણે આત્માનો અપ્રીતિરૂપ પરિણામ.

o વસ્તુના એક અંશના ગ્રહણ વડે
વસ્તુધર્મની દેશના તે નયદેશના છે.

o Pride Comes before fall.
પડતી પહેલાં અભિમાન આવે છે.

ह्रीँ

ભેડા, આસો સુદ ૨

૦ મંગલ (મં = મમ) - સંભવ (સં = સમ).

નમઃ = ન મમ। અર્હં = ન અહં।

દયા ધર્મ કો મૂલ હૈ, પાપ મૂલ અભિમાન,
તુલસી દયા ન છાંડિયે જબ લગ ઘટમેં પ્રાન.

અહીં અભિમાન છોડવાનું કહ્યું છે, પણ દયા છોડવાની કહી નથી. ઊલટું દયા માટે તો અભિમાન કરવાનું કહ્યું છે કે પ્રાણ જાય તો ભલે જાય, પણ દયા ન જાય.

૦ સવાલ આપણા પોતાના અંતઃકરણની સ્વચ્છતા- અસ્વચ્છતાનો નથી.

સવાલ આઘાત-પ્રત્યાઘાતનો છે.

અહિંસા માટે મહાવીર પ્રભુએ કોઈપણ જીવને દુઃખ થાય એવું કર્મ ન કરવું, એ મહાસત્ય ઉચ્ચાર્યું.

૦

જુદા જુદી = છોડાછોડ કરવી.
મૂંદા મૂંદી = આંખ બંધ કરી સ્થિર બેસવું.
સુધા સુધી = સર્વને આત્મસમાન વર્તવું.
સમતા = સર્વત્ર તુલ્યતા.
નિરૂપક = ઓળખાવનાર, નિરૂપિત = અપેક્ષા રાખનાર.

(1) mahayana is contained with
: <u>3 things</u> :
Compassion, Bodhichitta & Realisation.
Compassion is the basis of all. The path to बुद्धत्व starts from Compassion. One should meditate on it, considering the universality of sorrow to which all are fataly subject in whatever destiny they are born, neither king, nor God can escape it.

(2) This perception that sorrow is implicit in whatever escists produces in ourselves a feeling of Compassion for our fellowbeings, friends & enemies, as well as the desire to free them from it by feeling of Compassion towards all beings and by the determination to be of help to them. The bodhisattva considers

all beings equal to himself.
(3) When Compassion is so realised, it is known as great Compassion. Great Compassion is of primary importance. As such it is the cause of the first blossoming of the बोधिचित्त। The will to reach perfect enlightenment for the benefit of all suffering beings.

This is a means which brings about great results: even if it is not accompenied by practice, it abolishes the miseries of संसार। may I become a बुद्ध for the benefit of all beings. प्रस्थान: setting in motion of that thought of Enlightenment after having taken vows (संवर) from Saintly friend (कल्याणमित्र) or invoked the presence of the बुद्ध, the बोधिसत्त्व's

etc. Enlightenment cannot be realised without practice. This practice cosists in following both the paths of gnosis, પ્રજ્ઞા and the appropriate means (ઉપાય), i.e. Compassion. These two should be practiced and realised jointly. No progress is possible if only one is insisted upon. Faith, zeal, Exertion, Serenity are against sloth.

When an individual changes in a God-centred way, everything in and around him is changed. This is the meaning and the power of confident thinking and faith in the virtues of samadhi and therefor to feel a desire for it.

કર્મણ્યતા - dexterity of body and mind.

'समसुखदुःखः स्वस्थः ब्रह्मभूताय कल्पते ।' અધ્યા૦ ૧૪
લોકનાં જેવો સુખ-દુઃખને સમ ગણી સ્વસ્થ રહે તે આચાર.

० વ્યક્તિ સતત પરિવર્તનશીલ છે, માટે વ્યવહારમાં સદા *Fresh mind* રાખીને ચાલવું. નિત્યનૂતનતા એ જીવનપાથેય છે. यत्किं च भूतम् प्रणमेत् अनन्यः।

० पदार्थत्यजनस्य परमं प्रयोजनं मोक्षः।
तथा हि आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो
निदिध्यासितव्यः इति श्रुत्या श्रवणादीनामात्म
साक्षात्कार हेतुत्वबोधनात् ।

श्रुत्या देहादिविलक्षणात्मस्वरूपे सत्यत्वसंभावना-ऽनिवृत्ते र्युक्त्यनुसन्धानरूपमननसाध्यत्वात् । मननोपयोगि-पदार्थनिरूपण-द्वारा शास्त्रस्यापि मोक्षोपयोगः।

तदनन्तरं श्रुत्युपदिष्ट योगविधिना निदिध्यासने कृते तदनन्तरं देहादिविलक्षणात्म साक्षात्कारे सति देहादावहमभिमानरूप-मिथ्याज्ञाननाशे सति दोषा-भावात् प्रवृत्त्यभावे धर्माधर्मयोरभावात् जन्माभावे पूर्वधर्माधर्मयोरनुभवेन नाशे चरमदुःखध्वंस लक्षणो मोक्षो जायते । (પરિશિષ્ટ-૫)

o 'ત્રિવિધં બ્રહ્મમેતત્ ।' શ્વેતાશ્વતર

ક્ષર: પ્રધાનાત્મક ભોગ્યબ્રહ્મ, અક્ષર: જીવાત્મરૂપ ભોક્તૃબ્રહ્મ.

પુરુષોત્તમ : ઈશ્વરરૂપ પ્રેરકબ્રહ્મ.

o વેદાહમેતં પુરુષં મહાન્તમ્
આદિત્યવર્ણં તમસઃ પરસ્તાત્ ।
તમેવ વિદિત્વાઽતિમૃત્યુમેતિ
નાઽન્યઃ પન્થા વિદ્યતેઽયનાય ॥

- શુક્લ યજુર્વેદ ૩૧-૧૮, તૈત્તરીય આરણ્યક ૩-૧૩
(પરિશિષ્ટ-૬) - શ્વેતાશ્વતર ઉપનિષદ્ ૩-૮

o The self should be perceived, heard, considered and contemplated upon.

o દુઃખ, જન્મ, પ્રવૃત્તિ, દોષ, (પરિશિષ્ટ-૭)
મિથ્યાજ્ઞાનાનામુત્તરોત્તરાપાયે તદનન્તરાપાયાદપવર્ગઃ।

Pain, Birth, Effort, faults and erroneous knowledge : by the destruction of these five, the salvation follows.

ह्रीँ

अवच्छेदक विशेषक विभाजकोपाधि

बृहद्देशस्थायों पछी एकदेशावच्छेदक

दुःखत्वकार्यतावच्छेदक कारणतावच्छेदक -

वह्नित्व अवच्छेदक

कारणता अवच्छेदक

कार्यता अवच्छेदक

शक्यता अवच्छेदक

सेव्यता अवच्छेदक

प्रतियोगिता अवच्छेदक

This determining notion need not be always a species.

To be in hell is to drift (તણાવું).

To be in heaven is to steer (ગતિકરવી).

0 ધર્મ સાંભળવાની ઇચ્છા એ શુશ્રૂષા.

શૃંગારરસની ઇચ્છા એ મૈથુનસંજ્ઞા.

આહારરસની ઇચ્છા એ આહારસંજ્ઞા.

ધર્મ કરવાની-મેળવવાની ઇચ્છા એ ધર્મરાગ.

કાંચનરસ મેળવવાની ઇચ્છા એ પરિગ્રહસંજ્ઞા.

mantra is so called because it protects or saves by thinking out.

मननात् त्राणधर्माणो मन्त्राः स्युः ।
मननात् त्रायते इति मंत्रशब्दार्थः ॥

શબ્દ-મૌન, સાર્થ, ચિત્તસ્થ, ધ્યેયૈક્ય, નિઃશંક-બુદ્ધિપૂર્વક
મનોમય-ભાવાત્મક પ્રણવ ઉપાધિરહિત શબ્દતત્ત્વ છે,
તે 'સ્ફોટ' કહેવાય છે. સ્ફોટ બ્રહ્મતત્ત્વનો વાચક છે.

તે જ્યાં સુધી ભાવાત્માદિ અવ્યક્ત રહે,
ત્યાં સુધી કાંઈ પ્રયોજન સિદ્ધ થતું નથી.

અભિઘાતજનિત શબ્દને અનાહતનાદમાં લીન કરવાથી
મંત્રપદાક્ષર સમષ્ટિરૂપ થઈ ઈડા-પિંગલાની ગતિ રોકાય છે.

પ્રાણ તથા મન સુષુમ્ણાની અંદર પ્રવિષ્ટ થઈને
પોતે મિથ્યા અને શબ્દબ્રહ્મ શરીરી છે,
તેવો અનુભવ આરાધકને થાય છે.

(૧) રેચક (૨) પૂરક (૩) કુંભક (૪) સત્ત્વ (૫) રજ
(૬) તપ (૭) સ્થિરીકરણ (૮) સ્મૃતિ (૯) ટક્કા
(૧૦) નાદ (૧૧) ધ્યાન (૧૨) ધ્યેયૈક્ય (૧૩) તત્ત્વ.

સ્મરણ, વિચિંતન, ધ્યાન, આત્મધ્યેયૈક્ય, મંત્રાધિપને
પ્રણમન કરવાની પ્રક્રિયા શ્લોક ૬ થી ૧૭માં મળે છે.

મનોમય કરવાની પ્રક્રિયા શ્લોક ૧૮થી જાણવા મળે છે.
અંતઃસ્થ અર્થ કંઠસ્થ હકાર મળે તો તે ઉરસ્થ બને છે.

ચિત્તાકાશ = mental, ચિદાકાશ = spiritual,
આકાશ = physical, સ્વરૂપ = મંત્રરાજ અર્હં,
મંત્રાધિપ = ૐ અર્હમ્, અભિધેય = પ્રથમ પરમેષ્ઠિ,
તાત્પર્ય = વિશિષ્ટ અર્થક્રિયાકારિત્વ.

અર્થક્રિયાકારિત્વ માટે હકાર જે કંઠસ્થ છે તેને ઉરસ્થ કરવો જોઈએ, તે માટે રકારને અંતઃસ્થથી મુક્ત કરવો જોઈએ.

૦ <u>નાદ સમાધિ - બિંદુનવક</u>

બિંદુ, અર્ધચંદ્ર, રોધિની, નાદાની, નાદ(અનાહત),
શક્તિ, વ્યાપિકા, સમના, ઉન્મની.

૦ <u>અહંકાર</u>, જે સંસારભ્રમણનું કારણ છે, તેના <u>'હ'કારને</u> ઉપર અને નીચે <u>'ર'કારરૂપ</u> અગ્નિજ્વાળના રેફયુક્ત કરી, તે જ્વાળ વડે આરાધક પોતાને પગથી માથા સુધી દહન કરે, જેથી અહંભાવ ભસ્મીભૂત થાય. અહીં <u>અર્હંકારની</u> તત્ત્વમયતા સ્થાપિત થાય છે. તત્ત્વ એટલે બીજ અથવા અક્ષર. તે તત્ત્વવિદ્, યથાર્થ જાણનાર, રહસ્ય જાણનાર.

'વીરો વિશ્વેશ્વરો દેવો, યુષ્માકં કુલદેવતા ।
સ એવ નાથો ભગવાન્ અસ્માકં પાપનાશનઃ ॥'

(પરિશિષ્ટ-૮) - <u>સિદ્ધહૈમ ૨-૧-૧૮</u>

૦ યોગમાં પહેલા વસ્તુ એ કરવાની છે કે મનની અંદર એક સ્થિર શાંતિ અને નિરવતા મેળવવી. મન જો અશાંત હશે તો યોગમાં પાયો નાંખવો બની શકશે નહિ. મનમાં પ્રશાન્તિ એ પહેલી જરૂરની વસ્તુ છે. - શ્રી અરવિંદ

The first thing to do in the sadhana is to get a settled peace and silence in the mind.
It is not possible to make a foundation in yoga if the mind is restless. The first thing needed is quietness in mind.
In the mind's silence, the transcendent acts. - Aurobindo

'તેનેદં પૂર્ણં પુરુષેણ સર્વં ।' ઔપનિષદ પુરુષ
ક્ષરઃ સર્વાણિ ભૂતાનિ કૂટસ્થોઽક્ષર ઉચ્યતે । (પરિશિષ્ટ-૯)

અવ્યક્ત પ્રકૃતિ ૨૪ ત

આત્મા, પરમાત્મા, પુરુષ, કર્તા, ચેતન, ભોક્તા છે.
જીવ ધર્માધર્માદિ, રાગ, સુખ, દુઃખાદિ પુરુષના છે.

અંતઃકરણ પ્રાકૃત છે,

તેના ધર્મો રાગ, સુખ-દુઃખ, ધર્માધર્માદિ છે.

પુરુષ જ્ઞાન-પ્રેરક છે. પ્રકૃતિ જ્ઞાન-પ્રકાશક છે.

બંને અનાદિ છે, માટે જ્ઞાન છે.

કર્તા-ધર્તા સર્વશક્તિમાન-સર્વનિયામક

મહાન દેવ તે દેવાધિદેવ.

તેના નિયમન-શાસન પ્રમાણે આખું વિશ્વચક્ર ચાલે છે.

૦ પુરુષવિશેષ = પરબ્રહ્મ, પુરુષોત્તમ = નિત્યમુક્ત.

ક્ષર પુરુષ ચેતન, પ્રકૃત્યાત્મક પુરુષ અચેતન, સ્વતંત્ર પુરુષ પ્રકૃતિભિન્ન રહે છે. સ્વતંત્ર પુરુષોમાં પણ પૂર્ણત્વ એવો એક પુરુષોત્તમ ઈશ્વર-મહેશ્વર-શિવ-પશુપતિ છે.

ઉત્તમઃ પુરુષસ્ત્વન્યઃ પરમાત્મેત્યુદાહૃતઃ ।
યો લોકત્રયમાવિશ્ય બિભર્ત્યવ્યય ઈશ્વરઃ ॥

(પરિશિષ્ટ-૧૦) - ગી૦ ૧૫-૧૭

જપના ૧૩ પ્રકાર

૩ પ્રાણાયામ, ૩ મુદ્રા, સ્થિરીકરણ, સ્મૃતિ,
ઢક્કા, નાદ, ધ્યાન, ધ્યેયૈક્ય, તત્ત્વચિંતન.

આમ જપના ૧૩ પ્રકારોમાં
હઠ, મંત્ર, લય, રાજ એમ ચારે યોગો સમાવિષ્ટ છે.

ह्रीँ

(૧) <u>હઠયોગ</u>: કુંભક પ્રાણાયામ.

(૨) <u>મંત્રયોગ</u>

સત્ત્વ-રજસ-તમસ, દિવ્ય-વીર-પશુ,
ભવ્ય-સત્ત્વ-જંતુ, ઉત્કૃષ્ટ-મધ્યમ-જઘન્ય.
શિષ્યીકરણ એ હઠ અને મંત્રનું મિશ્રણ છે.
સ્તુતિ એ પણ હઠ અને મંત્રનું મિશ્રણ છે.
હક્કા એ મંત્રયોગનો ઓળખા પ્રકાર છે.
સ્મરણ-ચિંતનમાં હક્કા હોઈ શકે નહિ.

(૩) <u>લયયોગ</u>

તે નાદ, ધ્યાન, ધ્યેયૈક્ય, ધારણારૂપ છે, તેથી લય છે.

(૪) <u>રાજયોગ</u>

તેનું મુખ્ય અંગ તત્ત્વચિંતન છે.
તત્ત્વવિચારણાદિ વાચ્ય-વાચક સંબંધનું ભાન
તથા અર્થ પરિભાવનારૂપ ભવ્યાંકુર પ્રાપ્ત થાય છે.

o વ્રત-તપના પ્રભાવથી સત્ય સંકલ્પ બની શકાય છે.

o <u>અરિહંતોનો ઉપકાર, સિદ્ધોનો આધાર,
આચાર્યોનો આચાર, ઉપાધ્યાયોનો વિચાર,
સાધુઓનો ઉપચાર, સમ્યગ્દર્શનનો સંસ્કાર,
સર્વજીવોનો સત્કાર મુખ્ય છે.</u>

o જેમ આકાશનો રંગ જોઈને, દેડકાનો અવાજ સાંભળીને અને ચકલાને ધૂળમાં નહાતી જોઈને વરસાદની આગાહી કરી શકાય છે, તેમ એક અરિહંતમાં પંચ પરમેષ્ઠિ અને એક નિશ્રીમાં જ નિશ્રી જોઈ શકાય છે:

o પિંડસ્થ અવસ્થા : જન્મ, રાજ્ય, દીક્ષા.

પદસ્થ અવસ્થા : કેવલિપણું, તીર્થંકરપણું, નિર્વાણપર્યંત.

રૂપાતીત અવસ્થાનું ધ્યાન : સિદ્ધપણું.

o જેમાં જયણા નહિ, તે ધર્મક્રિયા પણ નહિ.

જેમાં સર્વના હિતનો વિચાર નહિ, તે પણ ધર્મક્રિયા નહિ.

o વ્યક્તિ કરતાં શાસનના અધિકારને અધિક માન છે. શાસન ચલાવવા માટે નિમાયેલ અધિકારીની પૂજા એ પદની કે શાસનની પૂજા છે, પણ વ્યક્તિની નહિ. સર્વ શાસન સેવકના ઉપલક્ષણરૂપ સુરસમરણનો કાયોત્સર્ગ છે.

સમ્યગ્દૃષ્ટિને વૈયાવૃત્ય, શાંતિ અને સમાધિ

આપનાર સર્વ કોઈનું સ્મરણ,

તેઓ જાણે કે ન જાણે,

તો પણ તેઓમાં શાસનસેવાની જાગૃતિ આણનાર

મંત્રના દૃષ્ટાંતથી સિદ્ધ છે.

શાસનપ્રેમ કરતાં સાધુ વૈયાવચ્ચ કરનારની અધિકતા છે.

तेसिमविन्नाणे वि हु तव्विसयउस्सग्गओ फलं होइ ।
विग्घजय-पुन्नबंधाइ कारणं मंत नाएण ॥
'तदपरिज्ञानेऽप्यस्माच्छुभसिद्धौ
सिद्धमेव वचनं ज्ञापकम् ।'

જેના સેવકો ઇંદ્રાદિ શક્તિશાળી દેવો છે,
તેથી પણ આ શાસન પ્રભાવશાળી ગણાય છે.
કાયોત્સર્ગ કરનારની શુભ સિદ્ધિ - વિઘ્નોપશમ,
પુણ્યબંધાદિ સિદ્ધિમાં આ કાયોત્સર્ગ
પ્રવર્તક વચન ગમક - સ્તુતિ છે.
કાયોત્સર્ગના ધ્યાનબળથી શાસનદેવાદિ અધિષ્ઠાયકોમાં
પણ જાગૃતિ તથા ઉત્સાહ આવે છે.

o લાભની પૂર્વ કે પછીની અવસ્થા તે દ્રવ્ય છે.

<u>ઉદ્દેશ, પ્રયોજન, નિમિત્ત</u>

હેતુ - કારણ - પ્રયોજનની સિદ્ધિમાં મદદગાર સાધનો:
1) કાયોત્સર્ગ 2) પ્રાયશ્ચિત 3) આત્મવિશુદ્ધિ 4) નિઃશલ્યતા.
શાસનદેવાદિના કાયોત્સર્ગનો ઉદ્દેશ સ્મરણાદિથી તેમને ઉત્સાહિત કરવાનો છે. કાયોત્સર્ગનો ઉદ્દેશ સિદ્ધ તો જ થાય કે જો તે દેવોમાં વૈયાવૃત્યકરત્વ, શાંતિકરત્વ અને સમાધિકરત્વરૂપ કારણ હોય.

શાસનદેવાદિનો કાયોત્સર્ગનો ઉદ્દેશ સ્મરણાદિ વડે
તેઓને ઉત્સાહિત કરવાનો છે.

તેઓમાં શાંતિ, સમાધિ વૈયાવચ્ચનો ઉત્સાહ વધે છે. ગાડીમાં બેસીને જલ્દી ફુલ લેવા જાય છે. એમાં જલ્દી ફુલ લાવવા એ ઉદ્દેશ છે, ગાડીમાં બેસવા એ સાધન છે. સાધન એટલે હેતુ, ઉદ્દેશ એટલે નિમિત્ત અગર પ્રયોજન.

૦ અભિચારુકાદિ સ્તોભન, સ્તંભન, મોહનાદિ કર્મોમાં અને શાંતિ-પૌષ્ટિક કર્મોમાં સ્તોભનાય, સ્તંભનાયના જાણવામાં ન હોય, તો પણ સ્તંભનાદિ ફળ પ્રત્યક્ષ દેખાય. સ્તંભક મંત્રોચ્ચારણ ન જાણનારનું પણ સ્તંભન થાય છે.

## Universal Realisation

First Individual consciousness,
then Universal consciousness,
afterwards universal Realisation.
First subconsciousness,
then mind consciousness,
then Spiritual consciousness.
Afterwords spiritual
consciousness.

૦ જ્યાં પ્રેમ છે, ત્યાં ક્રોધ છે.
જ્યાં વેર છે, ત્યાં નાશ છે.
હૃદયના માર્ગને ઈશ્વરની ઓળખનો
માર્ગ કહેલો છે.
બુદ્ધિનો માર્ગ અનેક
તર્કવિતર્કોમાં ગૂંચવી નાંખે છે,
એ માર્ગ ભ્રાંતિનો છે.
એ માર્ગે કોઈપણ
મનુષ્યને સ્થિર નિશ્ચય
થતો નથી.
બુદ્ધિનો માર્ગ ઈન્દ્રજાળનો છે.
એ માર્ગનો અંત નથી.
એ માર્ગનો મુસાફર આખરે
થાકી જાય છે.

૦ જગતમાં ઈશ્વરનું ધાર્યું નથી થતું,
તો કોનું ધાર્યું થાય છે?
આપણી સફળતા કે નિષ્ફળતા,
આપણા જ પ્રયત્ન કે અપ્રયત્નને
આધીન નથી.

o અહંકારના વાવાઝોડામાં બુદ્ધિ ટકરાઈ જાય છે.

'આપણને ગમ્યું તે સારું અને ન ગમ્યું તે ખરાબ'
એવું માનવાનો રોગ અહંકારના કારણે છે.
અહંકાર આજનો નથી, પેઢી દર પેઢી વારસાગત વસ્તુ છે.
તે આપણો સ્વભાવ બની ગયો છે.
ભગવાનની કૃપા વગર સ્વભાવ બદલાય નહિ.
ઈશ્વરને ઓળખવામાં અહંકાર આડો આવે છે.
ઈશ્વરનો જે અનન્ય ભક્ત હોય છે,
તે ઈશ્વરની પાસે કદાપિ કોઈપણ પદાર્થ માંગતો નથી.
ઈશ્વરમાં તેની શ્રદ્ધા એવા મક્કમ હોય છે કે
ઈશ્વર તેને જે આપે તે ઉત્તમ છે,
એવું માની તે આનંદમાં રહે છે.

o કૃતજ્ઞતા ગુણની સિદ્ધિ માટે
'ભગવાનથી જ આપણું ભલું થાય છે' એમ માનવું જોઈએ.
અપ્રમાદ ગુણની સિદ્ધિ માટે
'આપણે કરીએ તો જ આપણું ભલું થાય' એમ માનવું.

o પાપનો ત્યાગ-કુશળમાં પ્રવૃત્તિ-વર્તનમાં વિનય
એ ત્રણેની પ્રાપ્તિ જ્ઞાન વિના થતી નથી.

o વ્યાક્ષેપ = ચંચળતા, વ્યામોહ = મલિનતા.

આક્ષેપ અને આત્મનિરીક્ષણ ઘણું ધ્યાન શુશ્રૂષાધ્યાન છે.

o જીવનના પ્રશ્નો ઉકેલવા માત્ર તર્ક કે બુદ્ધિ
ઉપર આધાર રાખવો યોગ્ય નથી.

ભાવનાથી મલિનતા, અકુશળતાથી ચંચળતા જન્માય છે.
ઈશ્વરે આપણને કલ્યાણ સાથે અંતઃકરણ પણ આપ્યું છે.
અંતઃકરણનો અવાજ પિછાણતા શીખવું જોઈએ.
તે દયા અને કરુણાનો જ દરિયો છે.

o ઇન્દ્રિયો ફક્ત વર્તમાનને જ જાણે છે,
મન તો અતીત-અનાગતને પણ જાણે છે.
ઇંદ્રિયો ફક્ત પરને જ જાણે છે,
મન પોતાને તથા પરને-ઉભયને જાણે છે.
ઇન્દ્રિયો ફક્ત એકેક વિષયને જ જાણે છે,
મન પાંચે વિષયને જાણે,
તેના ઉપર મનન-ચિંતન-પૃથક્કરણ કરી શકે છે.
ઇન્દ્રિયો ફક્ત વિષયોના ઉપભોગને જ જાણે છે,
મનના વિષયો નીચે પ્રમાણે છે:
ગણિત, તર્ક, આમિત, કાર્ય-કારણ-ભાવના નિયમ.

o

He scoffs at the scar
that never felt a wound.

o કોઈપણ એક સ્થૂલ કે સૂક્ષ્મ
વસ્તુમાં મનને રોકવું તે 'ધારણા',
તે જ વસ્તુ વિષે એકાગ્ર વિચાર કરવો
તે 'ધ્યાન' અને અભ્યાસ કરતા જતાં
ચિંતન વિષયમાં એકરૂપ જેવી અવસ્થા
અનુભવવી તે 'સમાધિ'.
મનની આ ત્રણ ભૂમિકા એ જ મનનો સંયમ છે.
પ્રયત્નથી આવો સંયમ સિદ્ધ કરી શકાય છે.

o અનેકાન્ત ભાવનાજનિત તત્ત્વજ્ઞાન

अनेकान्त भावनाजनित तत्त्वज्ञानोपबृंहित
शैलीकरण प्रयत्नजन्य मोक्षमात्र उद्देश्यक
प्रवृत्तिमत्त्वम् उत्तमत्वम् ।
અર્થાત્ તત્ત્વજ્ઞાનની શુદ્ધિ અનેકાન્ત ભાવનાથી થાય છે.
પ્રયત્નની પુષ્ટિ તત્ત્વજ્ઞાનથી થાય છે.
પ્રયત્નની શુદ્ધિ મોક્ષના ઉદ્દેશથી થાય છે.
ધર્મ પ્રવૃત્તિમાત્રનો ઉદ્દેશ મોક્ષ હોવો જોઈએ અને
પ્રયત્ન શૈલેશીકરણનો હોવો જોઈએ.
પ્રયત્ન તત્ત્વજ્ઞાનથી પુષ્ટ થયેલો જોઈએ.
તત્ત્વજ્ઞાન અનેકાન્ત ભાવનાજનિત હોવું જોઈએ.

સં-૨૦૧૬ આસો વદી ૧૩, બેડા

૦ શાંતિમંત્ર શરૂઆતમાં શ્રદ્ધા, અંતમાં સંતોષ લાવે છે.

૦ સંકુચિત આત્મદશામાંથી મોહ પેદા થાય છે.
તે દેહવિલય વગેરે પ્રસંગે શોકનું કારણ બને છે.

૦ દાનં સ્વધર્મો નિયમો યમશ્ચ
શ્રુતં ચ કર્માણિ ચ સદ્વ્રતાનિ
સર્વે મનોનિગ્રહ લક્ષણાન્તાઃ
પરો હિ યોગો મનસઃ સમાધિઃ
- ભાગવત સ્કંધ ૧૧ અ - ૨૩ શ્લો - ૪૬

(પરિશિષ્ટ-૧૧)

૦ જૈનકુળની રક્ષાર્થે જૈનધર્મરૂપી ધન પૂર્વાચાર્યોએ આપ્યું છે, તે વડે રક્ષા ન કરનારા કુળદીપક નહિ, પણ કુળાંગાર છે.
કોર્ટો અને જેલોમાં ગુનેગાર તરીકે કોઈ જૈન નહિ મળે.
જૈનો રાજ્ય વિરુદ્ધ કાર્ય કદી નહિ કરે.
તેઓ સમજે છે કે:
ભાવથી પણ ક્રિયા બળવાન છે.

૦ 'ન હિતં નિર્નાયકં સૈન્યં ।'
'સ્વચ્છંદો પરિચારો તસ્સ વિણટ્ઠો ન સંદેહો ।'

(પરિશિષ્ટ-૧૨)

० परमेश्वरस्य परमेष्ठिनो वाचकं,

सिद्धचक्रस्यादिबीजं (ॐ) (परिशिष्ट-१३)

० सकलागमोपनिषद्भूतं

अशेष-विघ्न-विघात-निघ्नं[१]

अखिलदृष्टादृष्टफलसंकल्प[३]कल्पद्रुमोपमं[२]

आशास्त्राध्ययनाध्यापनावधि प्रणिदध्महे।

१ योगः अलब्धस्य प्राप्तिः।

२ क्षेमः लब्धस्य रक्षणं।

३ संकल्पः इच्छासंपादनम्

४ अभेदः एकीभावः य एवार्हन् स एवाऽहं।

५ स्वरूपः एवाहं स एवाहमिति। (परिशिष्ट-१४)

“यन्नामानुस्मृतिमय-सज्ज्ञानश्रिताचक्षुः-

क्षेपादिव्यांजनमनुसरन् लब्धशुद्धावलोकः।

सद्यपर्येत्यमलमिति-हत्मेदिनीमध्यमग्नम्

गम्भीरार्थं प्रवचननिधिं भारतीं तां स्तवीमि ॥१॥”

(परिशिष्ट-१५)

'जीतं सर्वं रसे जीते।' 'जीतं जगत् मनो येन।'

न वेगान् धारयेत् जातु मनोवेगान् विधारयेत्।

(परिशिष्ट-१६) - वाग्भट

o Spiritual values have a determining voice in the ordering of the universe.

o To excist is to be perceived. Perception is the real cause of external objects. The mind only determines the objects and does not create them. Determination and creation are two different things altogether.

There is no such thing as matter or the external world is merely the creation of our own minds. That which excists is real. Reality is excistence. All is one because all excists. One Soul, one universe.

Existence is all inclusive.
Not leaving self essence.

o જીવંત યોગીઓના અનુભવસિદ્ધ શબ્દોમાં એક પ્રકારની વિદ્યુતશક્તિ ભરેલી હોય છે. એ શબ્દો પ્રાકૃત મનુષ્યને ઉંચી ભૂમિકા તરફ પ્રેરણ કરાવવા માટે હોય છે. સંત મહાત્માઓ સ્થૂલ દેહના વિલય પછી પોતાનું તત્ત્વરૂપ અસ્તિત્વ ગુમાવતા નથી, પરંતુ જ્યોતિર્મય શરીરરૂપે કાયમ રહે છે. આવા જ્યોતિર્મય શરીરને સ્થળ અને કાળની મર્યાદા હોતી નથી અને તે કદી જીર્ણ થતું નથી.

o સામાન્ય મનુષ્યોને ભૌતિક જીવન અને ભોગ વિલાસ વિષયોની બાકીની સૃષ્ટિ કેવળ ભ્રમ લાગે છે, કારણ કે તેમની યાત્રા કેવળ અન્નમયકોશ અને પ્રાણમયકોશ સુધીની જ હોય છે. આનાથી આગળ કેટલાક વળી મનોમય પ્રદેશ સુધી ગયા હોય છે. તેમને નિરાશા હોય છે, પરંતુ બુદ્ધિના ડહોળાયેલા પ્રદેશની બહાર તેઓ જઈ શકતા નથી. ત્યાર પછી આવતો જેને સાચી સમજ શક્તિ કહીએ, તે તો વિજ્ઞાનમય ભૂમિકાની હોય છે. ત્યાં માનવ આત્મા રાગ-દ્વેષથી પર એટલે કે સાક્ષીભૂત બની જાય છે.

ૐ

૦ મનુષ્યની ચિત્તવૃત્તિ નામરૂપાત્મક વસ્તુને સહેલાઈથી ગ્રહણ કરનારી હોવાથી ઈશ્વરતત્ત્વ નામરૂપાત્મક સ્વરૂપે ઉપાસવામાં આવે છે. ઈશ્વરતત્ત્વનાં તે સાંકેતિક નમૂનાઓ છે.

૦ સંતો અને પામરોનાં શરીર તો સરખાં જ છે. ઉદાહરણ મંદિરમાં જેમ ચૂનો, માટી તથા ઈંટો છે અને એક શૌચગૃહમાં પણ તે જ છે. ચૂનો, માટી અને ઈંટોને જ જે મનુષ્યો જુએ છે, તેમને મન એ બંને સરખાં છે, પરંતુ એ બંને વસ્તુઓ નિરાળી છે.

૦ નમસ્કાર = સ્વીકાર. સ્વીકારવું = પોતાનું કરવું. હોજરી જેને સ્વીકારે છે, તેને તે સ્વતંત્ર વસ્તુ તરીકે રહેવા દેતી નથી. 'વસ્તુ હજમ થાય છે' એનો અર્થ એ જ કે જે વસ્તુ દેહમાં ગઈ, તે દેહરૂપ બની જાય છે, પણ હોજરી જેનો વિરોધ કરે છે, તેવા વિજાતીય વસ્તુને તે બહાર ફેંકી દે છે અને બહાર ફેંકેલા અન્નને તે યાદ પણ કરતી નથી. ગમે તે અન્ન મોઢામાં મૂકો, પણ જો તે શરીરને નુકસાનકારક હશે, તો પ્રથમ જીભ ના પાડશે. જીભનું નહિ સાંભળો તો ગળું ના પાડશે. તેને નહિ સાંભળો તો આંતરડાં બળવો કરશે અને વિજાતીય તત્ત્વને બહાર ધકેલવા ધમાલ કરશે. એ રીતે વિજાતીય તત્ત્વને ધકેલી

ह्रीँ

બહાર કાઢવું અને સજાતીય તત્ત્વને પોતાનું સ્વરૂપ સમજીને સ્વીકાર કરતાં શીખવું તથા પોતાનું સ્વરૂપ બનાવવું તે નમસ્કારનું તત્ત્વ છે. નમસ્કારમાં સજાતીય તત્ત્વને આલિંગન છે. વિજાતીય તત્ત્વનો તિરસ્કાર છે. સજાતીય ઉપર પ્રેમ છે. વિજાતીય સાથે રણસંગ્રામ છે. સજાતીય ઉપર પ્રેમ અને વિજાતીય ઉપર વિદ્વેષ એ નમસ્કારનું પરમ રહસ્યભૂત તત્ત્વ છે.

૦ સંપમાં બળ-સંપમાં શોધકતા-સંપમાં તારકતા

(૧) તંતુને એક નાનો બાળક તોડી શકે, પરન્તુ
તેના બનેલા રસાને હાથી પણ તોડી ના શકે.

(૨) અલ્પબળ મહત્ત્વનું છે. દા.ત. એક સૈનિક અને સૈન્ય.

(૩) સુદ એકમની પૂનમનો ચંદ્ર - એક કળા અને ૧૬ કળા.

(૪) રેશમનો એક નાનો તાંતણો અને આખું મજબૂત કપડું.

(૫) એક તૃણ અને અનેક તૃણોથી બનેલું ઝાડુ.

(૬) સંપમાં તારકતા પણ છે, જેમ કે:
એક પત્ર અને વૃક્ષ, એક તૃણ અને છાપરું.

(૭) સંપની શત્રુઘાતકતા = નાગ-સિંહ સામે કીડીઓનો સમૂહ.

(૮) સંપની ઉપકારકતાના દાખલા સ્વરૂપે: કંપની, રાજ્ય, શેર હોલ્ડર, કારખાના, રેલ્વે, સભા, જૈનોની નીતિમત્તા.

ૐ

## ૐ અનેકાન્ત અને સ્યાદ્વાદ - ઉપોદ્ઘાત ૐ

વિજ્ઞાન અને તર્ક: વર્તમાન યુગ મુખ્યત્વે વૈજ્ઞાનિક (Scientific) અને બૌદ્ધિક (Rational) છે. વર્તમાન યુગમાં દરેક વાત તર્કની કસોટી ઉપર કસવામાં આવે છે. તે કસોટી ઉપર જો તે ન ટકે, તો તેને ખરી માનવામાં આવતી નથી. આ યુગમાં વિશ્વાસનો તો એક પ્રકારે અંત જ આવી ગયો છે. શાસ્ત્રમાં શું લખ્યું છે, તેને આજે કોઈ સાંભળવા માંગતું નથી. બધાની સામે એક જ દૃષ્ટિ છે અને તે વિજ્ઞાન અને તર્કની કસોટી.

### તર્કની અનિશ્ચિતતા

જો કે કેટલાક લોકો તો તર્કને વિશેષ મહત્ત્વ આપવા આજે પણ તૈયાર નથી. તેઓ કહે છે કે: તર્ક પણ પરસ્પર વિરોધ દેખાય છે. એક જ વિષયમાં અનુકૂળ અને પ્રતિકૂળ બંને પ્રકારના તર્ક મળી આવે છે. ઈશ્વરને સૃષ્ટિકર્તા સિદ્ધ કરવા માટે જેમ તર્ક મળે છે, તેમ ઈશ્વરમાં સૃષ્ટિકર્તૃત્વનો અભાવ સિદ્ધ કરવા માટે તેનાથી વિપરીત તર્કો પણ મળે છે. એટલે તર્ક કોઈ વાતનો નિર્ણય કરવા માટે નિશ્ચિત પ્રમાણ નથી, છતાં પણ આ યુગમાં તર્કનું આધિપત્ય તો છે જ.

કોઈપણ વિષયમાં અનુકૂળ કે પ્રતિકૂળ તર્ક લેવા એ કાંઈ ખોટું નથી, કારણકે એથી વસ્તુના સ્વરૂપનો નિર્ણય કરવામાં મોટી સહાયતા મળે છે. ખરેખર તો જોવું જોઈએ કે કયા તર્કનું બળ વધારે છે અથવા કયો તર્ક સાચો છે અને કયો તર્ક ખોટો છે. કોઈપણ ન્યાયાધીશ કોઈપણ કેસનો યોગ્ય નિર્ણય તો જ આપી શકે છે કે તે જ્યારે વાદી-પ્રતિવાદી ઉભયના તર્કો સાંભળી લે છે. એ રીતે તર્ક યોગ્ય નિર્ણય લાવવામાં સહાયરૂપ બને છે.

## પ્રયોગાત્મક પદ્ધતિ

કોઈપણ વાતને તર્કની તુલા ઉપર તોળવા અને પછી વિજ્ઞાનયુક્ત જોવા, એ વર્તમાનયુગની ખાસિયત છે.

વિજ્ઞાન જેને બતાવી આપે તર્ક જેને સિદ્ધ કરે,
તે વાતમાં આજે કોઈને સંદેહ રહેતો નથી.
અગ્નિની ઉષ્ણતામાં કોઈને સંદેહ પડે તો
અગ્નિને અડીને જોઈ લેવાથી સંદેહ નાશ પામે છે.

કોઈપણ નિયમને સિદ્ધ કરવા યુક્તિ-પછી પ્રયોગ, એ બે સાધનો આજે મુખ્ય છે, એનાથી આજે Atom-Hydrogen bomb જેવા વિનાશક અને રેડિયો-વાયરલેસ જેવા ઉપયોગી સાધનો શોધાયા છે.

આ યુગમાં આ રીતે તર્ક અને વિજ્ઞાનનું પ્રાબલ્ય
હોવાથી અનેકાન્તનો વિચાર પણ વૈજ્ઞાનિક અને
તાર્કિક દૃષ્ટિકોણથી કરવો ઉચિત છે.

## અનેકાન્તવાદ: દર્શન અને ધર્મ

અનેકાન્તવાદ એ જૈનદર્શનનો સૌથી મોટો સિદ્ધાન્ત છે.
સમસ્ત જૈન તત્ત્વજ્ઞાન તેના પર જ ઉભેલું છે.
દરેક મતને બે બાજુ હોય છે:
એક ધર્મની બાજુ: તેનો સંબંધ આચાર સાથે છે.
બીજી દર્શનની બાજુ: તેનો સંબંધ વિચાર સાથે છે.

:ધર્મ પ્રતિપાદિત બાબતો:

શું કાર્ય કરવાલાયક અને શું નહિ કરવાલાયક,
શું ખાવાલાયક અને શું ન ખાવાલાયક,
શું બોલવાલાયક અને શું ન બોલવાલાયક,
શું આપવાલાયક અને શું ન આપવાલાયક,
શું પૂજવાલાયક અને શું ન પૂજવાલાયક
વગેરે બાબતોનું પ્રતિપાદન ધર્મ કરે છે.
દર્શનમાં તત્ત્વનો વિચાર આવે છે:
આત્મા-પરલોક શું છે? સૃષ્ટિકર્તા છે કે નહિ?
પુનર્જન્મ-મુક્તિ છે કે નહિ?
એ રીતે ધર્મનું મૂળ આચાર-દર્શનનું મૂળ વિચાર છે.

ॐ

## સુગૃહીતનામધેય પૂજ્ય આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ વિરચિત

## : શ્રી ઉપદેશપદનો ભાવાનુવાદ :

### મનુષ્યપણાની અતિદુર્લભતા

(૧)-(૨) ત્રિલોકનાથ, લોકાલોક પ્રકાશક, મહાભાગ શ્રી મહાવીરજિનને નમસ્કાર કરીને મંદમતિના બોધ માટે ભાવાર્થથી ભરેલા ઉપદેશોને ભિન્ન ઉપદેશાનુસાર કહીશ - સર્વ ઉપદેશોમાં પ્રધાન ઉપદેશને કહે છે:

(૩) મહાનુભાવો! અતિદુર્લભ એવું મનુષ્યપણું મેળવીને બુદ્ધિમાન પુરુષોએ જિનપ્રણીત ધર્મને વિષે ઉદ્યમ કરવો.

(૪) ચુલ્લગ વગેરે દૃષ્ટાંતોથી સિદ્ધાંતમાં મનુષ્યપણાને અતિદુર્લભ કહ્યું છે, તેથી તે દૃષ્ટાંતોને હું અહીં કહું છું.

(૫) ચૂલો, પાસા, ધાન્ય, દ્યુત, રત્ન, સ્વપ્ન, ચક્ર, ચર્મ, યુગ અને પરમાણુ, એ ૧૦ દૃષ્ટાંતો મનુષ્યજન્મની પ્રાપ્તિની દુર્લભતા જણાવવા માટે શાસ્ત્રકારોએ કહ્યાં છે.

(૬) ચૂલો અર્થ ભોજન.

બ્રહ્મદત્ત ચક્રવર્તિના રાજ્યમાં બ્રાહ્મણને ફરીવાર ચક્રવર્તિના ભોજનની પ્રાપ્તિની જેમ મનુષ્યભવ દુર્લભ છે.

(૭) દેવાધિષ્ઠિત પાસા વડે દીનારથી ભરેલા પાત્રને દ્યુતથી જીતવો દુષ્કર છે, તેની જેમ મનુષ્યત્વ દુર્લભ છે.

(૮) ભરત ક્ષેત્રના ધાન્યના ઢગલામાં સરસવનો પ્રક્ષેપ કરીને

ह्रीं

વૃદ્ધ સ્ત્રી પાસે તેને વહાવવાને, જુદા પાડવાની ક્રિયાની જેમ મનુષ્યપણાનો લાભ દુષ્કર છે.

(૯) સ્થવાર રાજા ૧૦૦૮ સ્થંભને દ્યુતમાં જીતનાર પુત્રને રાજ્ય આપવાની પ્રતિજ્ઞા કરે છે, તે વાતની જેમ જ મનુષ્યપણાનો લાભ દુર્લભ છે.

(૧૦) સમુદ્રના મધ્યમાં પડી ગયેલ રત્નના લાભની જેમ મનુષ્યપણાનો લાભ દુષ્કર છે.

(૧૧) સ્વપ્નમાં ચંદ્રદર્શનની જેમ ફરીવાર તે સ્વપ્નનો લાભ થવાની જેમ મનુષ્યભવ દુર્લભ છે.

(૧૨) સ્વયંવર મંડપમાં રાધાવેધ સાધીને કન્યાને ગ્રહણ કરવાની ક્રિયા કરતાં પણ મનુષ્યપણાનો લાભ દુષ્કર છે.

(૧૩) સરોવરના મધ્યમાં સેવાળની ફાટ દ્વારા જોયેલા ચંદ્રને દેખાડવા માટે પરિવારને બોલાવવા જતાં કાચબાને ફરી ચંદ્રના દર્શનની જેમ મનુષ્યત્વ દુર્લભ છે.

(૧૪) ચરમ સમુદ્રના એક કિનારે ધોંસરું અને બીજા કાંઠે ખીલી સ્વયં વહેતા પરસ્પર મળે અને ધુંસરાના છિદ્રમાં ખીલી પ્રવેશ પામે, તેની જેમ મનુષ્યત્વ દુર્લભ છે.

(૧૫) પત્થરના સ્તંભનો ચુરો કરીને, દેવતા વડે ઉડાડેલા પરમાણુઓને એકત્ર કરીને, ફરીવાર તે સ્તંભને ઘડવાની જેમ મનુષ્યત્વ દુર્લભ છે.

(૧૬) અજ્ઞાન-પ્રમાદદોષથી જીવ એકેન્દ્રિયાદિ અવસ્થામાં અનંતકાળ ભમે છે, કારણકે તેની કાયસ્થિતિ દીર્ઘ છે.

(૧૭) પૃથ્વી, અપ્, તેજ અને વાયુરૂપ એકેન્દ્રિયોની કાય-સ્થિતિ <u>અસંખ્ય</u> ઉત્સર્પિણી-અવસર્પિણી છે. વનસ્પતિની <u>અનંત</u> ઉત્સર્પિણી-અવસર્પિણી કાયસ્થિતિ કહી છે.

(૧૮) શ્રુત અને ચારિત્રધર્મથી વંચિતતાવાળા સૌ જીવોને અજ્ઞાન-મોહ-પ્રમાદ-લોભાદિના સેવનથી દીર્ઘસ્થિતિવાળી યોનિઓમાં વારંવાર-અવારનવાર ભ્રમણ કરવું પડે છે. તે માટે ઘોર પુરુષાર્થ સદા ધર્મને વિષે પ્રયત્ન કરવો.

(૧૯) ચક્ષુરહિતને ચક્ષુના લાભ વડે થતા સંતોષને દૃષ્ટાંતે સૌ પ્રથમ અજ્ઞાનનાશક શ્રુતને વિધિપૂર્વક ગ્રહણ કરવું જોઈએ. શ્રુત વડે જ પ્રવૃત્તિ સમ્યગ્ બની શકે છે.

(૨૦) થી (૨૬) તે સૂત્રનું ગ્રહણ વિનયાદિગુણોપેત શિષ્ય વડે જ થઈ શકે છે. માટે ચાંડાલ પાસે વિદ્યા ગ્રહણ કરનાર રાજા શ્રેણિકની જેમ વિનયાદિ ગુણોમાં પ્રયત્નશીલ બનવું.

(૨૭) અવિધિપૂર્વક સૂત્રનું ગ્રહણ પરિણામ પામતું નથી. તે આત્માની સાથે એકીભાવ થતું નથી. માટે વિનય, અભ્યુત્થાન, આસનદાન, પાદપરિધાવન, વિશ્રામણા, ઉચિત અન્નપાનાદિ અને અનુકૂળ ચિત્તવૃત્તિ સંપાદન વડે

ગ્રહણ કરેલું સૂત્ર પરિણામ પામે છે. તેથી યથાવસ્થિત ઉત્સર્ગ, અપવાદ, હેયોપાદેય પદાર્થોનું શુદ્ધપરિજ્ઞાન થઈ તદનુસાર ચરણકરણની પ્રવૃત્તિ પણ શુદ્ધ બને છે.

(૨૮) જેમ જ્વરની ઉત્પત્તિ વખતે લીધેલું ઔષધ દોષરૂપી ફળને કરે છે, તેમ મિથ્યાત્વરૂપી જ્વરના ઉદયે ગ્રહણ કરેલું સૂત્ર પણ વિપરીત ફળ આપે છે, જેમ સર્પને ઘણા સ્નેહથી પાયેલું દૂધ પણ વિષને જ વધારે છે.

: મિથ્યાત્વ ૬ પ્રકારનું છે :

ઐકાન્તિક, સાંશયિક, વૈનયિક,
પૂર્વ વ્યુદ્ગ્રાહિત, વિપરીત રુચિ અને નિસર્ગ મૂઢદૃષ્ટિક.

(૨૯) ગુરુએ વિધિપૂર્વક યોગ્ય શિષ્યોને સૂત્રપ્રદાન કરવું.

'યોગ્ય' એટલે વિનય, અવનામાદિ ગુણોનું ભાજન.

'સૂત્રાનુસારે' એટલે જે સૂત્રને માટે
જેટલા વર્ષના પર્યાયવાળો યોગ્ય હોય તેને.

(૩૦-૩૧) સૂત્રાનુસાર સૂત્રદાન કરનાર શિષ્યને સન્માર્ગે સિદ્ધ નામના આચાર્યની જેમ અવતાર કરાવી શકે છે.

(૩૨) સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ એ આસન્નસિદ્ધિક જીવનું લક્ષણ છે. તે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવના ઔચિત્યપૂર્વકની સ્વકુટુંબ ચિંતારૂપ કે દ્રવ્ય સ્તવભાવ-સ્તવરૂપ પ્રવૃત્તિ.

(૩૬) અનુચિત પ્રવૃત્તિ કરવાથી આ લોકમાં અપકીર્તિ, પરલોકમાં દુર્ગતિ થાય છે. ભગવદ્ વચનથી વિપરીત આચરણ કરવા વડે આત્માનો જે પ્રકોપ થાય છે, તે દુર્ગતિપાતનું કારણ છે.

(૩૭) બુદ્ધિયુક્ત મનુષ્યો જ આ તત્ત્વને જાણે છે. જડ બુદ્ધિથી સમજવાલાયક સામાન્ય બુદ્ધિવાળા સેંકડો પ્રયત્નો કરે, તો પણ જાણી શકતા નથી. માટે બુદ્ધિની વૃદ્ધિના કારણે બુદ્ધિના ભેદો બુદ્ધિમાન પુરૂષો પાસે સાંભળવા જોઈએ. પદ્મરાગ મણિના સાંનિધ્યથી સ્ફટિક જેમ અરૂણિમા પામે છે, તેમ વિમલબુદ્ધિવાન પુરૂષોની સંગતિથી બુદ્ધિરૂપી ધનના નિધાન સમાન બનાય છે.

(૩૮) ઔત્પત્તિકી, વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી એમ ચાર પ્રકારની બુદ્ધિ સિદ્ધાન્તવેદિઓએ કહી છે. 'સિદ્ધાન્ત કેતુ' અર્થાત્ સિદ્ધાન્તરૂપી પ્રાસાદના ચિન્હભૂત તીર્થંકર અને ગણધર ભગવંતો.

## શિક્ષણ વિષેનો દૃષ્ટિકોણ: નાણા, માગસર સુ-૧

શિક્ષણ યોજના પાછળ કોઈ દર્શન જરૂર રહેવું જોઈએ. એ દર્શનનું ધ્યેય વિદ્યાર્થીઓમાં મહાન ભાવના જાગૃત કરવાનું રહેવું જોઈએ. લેખન-વાંચનને જ શિક્ષણ માનવું, આથી મોટો કોઈ ભ્રમ નથી.

લેખન-વાંચન સંસ્કૃતિ મેળવવાનું સાધનમાત્ર છે, પણ તે જ એક માત્ર સાધન કે સૌથી મોટું સાધન નથી.

૦ આત્માને ઓળખીને સમદર્શી થવું એ સમ્યગ્જ્ઞાન છે. તે જ્ઞાન જ મોક્ષ મેળવવામાં ઉપયોગી થાય છે. જેને આવું જ્ઞાન ઉત્પન્ન થતું નથી, તે જિનોપદિષ્ટ ક્રિયાઓ શુદ્ધ રીતે કરી શકતો નથી. તે ક્રિયાઓ આત્મદર્શન માટે છે. તેને ટુંકમાં <u>છ આવશ્યક</u> નામથી સંબોધ્યા છે.

આ છ ક્રિયાઓને જીવનવ્યાપી બનાવવા જોઈએ.

(1) <u>સામાયિક</u>: આત્માને સમભાવમાં લાવી, સમતામય બનાવવો તે.

(2) <u>ચતુર્વિંશતિ સ્તવ</u>: અર્હદ્ભક્તિને જીવનમાં વણી લેવી તે.

(3) <u>ગુરૂવંદન</u>: ગુરૂભક્તિ તે ગુરૂવંદન છે.

(4) <u>પ્રતિક્રમણ</u>: ભૂલ માટે દીલગીર થઈ ક્ષમા માંગવી અને પ્રાયશ્ચિત લેવું તે.

(5) <u>કાયોત્સર્ગ</u>: શરીરની જડતા અને બુદ્ધિની સ્થૂલતા ઓછી કરવા તથા સ્વાધ્યાયમાં અનુપ્રેક્ષા સુધી પહોંચવું હોય તો કાયોત્સર્ગનો અભ્યાસ ઉત્તરોત્તર વધારતા જવો જરૂરી છે. કાયોત્સર્ગના અભ્યાસથી શાસ્ત્રોના રહસ્યો ખુલે.

(6) <u>પ્રત્યાખ્યાન</u>: ત્યાગમય જીવન બનાવવા પ્રત્યાખ્યાનનો

અભ્યાસ જરૂરી છે. પ્રથમ નાનો ત્યાગભાવ, પછી મોટો-અને વધારે મોટો ત્યાગભાવ પ્રત્યાખ્યાન વડે જ કેળવાને જીવનમાં આપણે સંવર-નિર્જરા સાધી શકીએ છીએ.

જૈન દૃષ્ટિએ જ્ઞાન-ક્રિયાનો અભ્યાસ આ જ છે.

નવકાર એ જ્ઞાન છે.

સામાયિક એ ક્રિયા છે.

૦ મહત્ત્વના નામે છેતરપીંડી અને પવિત્રતાના નામે પાખંડ અને દંભ ચાલતા હોય તેને અટકાવવા જોઈએ.

૦ દિવ્ય જીવન માટેની તૈયારી તે સાધુજીવન.

ઈશ્વરના કુશળ સંદેશવાહક એવા ધર્મગુરુના વ્યવસાય માટે પણ ડૉક્ટર, વકીલ કે દરજીના વ્યવસાયની જેમ નક્કર તાલીમની આવશ્યકતા છે.

ધર્મગુરુનું કાર્ય માનવોને
ઈશ્વર તરફ લઈ જવાનું છે અને
ધર્મગુરુનું કાર્ય ઈશ્વરને માનવોની સમીપ લાવવાનું છે.
તેનામાં માનવ અને ઈશ્વરનું મિલન થવું ઘટે છે.

ધર્મગુરુ અધિકૃત અનુસંધાયક છે.
તે ઈશ્વર-માનવ વચ્ચેના પુલની ગરજ સારે છે.

Close - Retreat = એકાંતવાસ

૦ સાધુચરિત જીવન એ આધ્યાત્મિક સદ્‌ગુણોનો પાયો છે. ગમે તે પ્રવૃત્તિમાં પ્રાર્થનાની અને ધાર્મિક આદર્શ પ્રત્યેના સમર્પણની ભાવનાથી ચિત્ત સદા યુક્ત રહેવું જોઈએ. આંતરિક સત્ત્વની જે શોધ પાછળ માનવનું ચિત્ત અનાદિ કાળથી વ્યાપૃત થયેલું છે, તેની પૂર્તિ માટે દાર્શનિક અભ્યાસ ખાસ જરૂરી છે. વિશાળ તથા ઊંડા અધ્યયન વડે આજના પરસ્પર વિવિધ વિચારપ્રવાહો વચ્ચે વૈચારિક નેતા - સામાન્ય જનતાના પથપ્રદર્શક બનવાનું છે.

જે <u>વ્યવહારમાં ન ઊતરે તે તત્ત્વજ્ઞાન નિષ્ફળ</u> છે.

ભગવાનનાં દર્શનનો પ્રાપ્તિનો આનંદ કરવો અને
અપ્રાપ્તિની ઈચ્છા ન કરવી, એ મનોદશા શ્રેષ્ઠ છે.

તત્ત્વની માત્ર ચર્ચા નહિ પણ સાધના હોવી જોઈએ.

તત્ત્વજ્ઞાન એ કેવળ મગજની મજૂરી કે
પાંડિત્યનું કે પારિભાષિક શબ્દોનું પ્રદર્શન નથી,
પરંતુ આંતરિક શક્તિ કેળવવાનું શાસ્ત્ર છે.
જે શાસ્ત્ર કાંઈ પણ ફળ ન પ્રગટાવે અને
ફક્ત શબ્દોમાં રચ્યું-પચ્યું રહે,
તે શાસ્ત્ર અજાગલસ્તનની જેમ વિફલ છે.

સાધનાક્રમ તથા તેની પ્રગતિની તપાસ સતત રહેવી જોઈએ.

o બુદ્ધિ વિલાસ કે સારી સારી શિખામણોથી મનુષ્યો
આકર્ષાતા નથી, પરંતુ શક્તિના લોહચુંબકથી આકર્ષાય છે.
આકર્ષણનો ઉત્પાદક પરમાત્મા હૃદયમાં બેઠો હોય છે.

o 'ગુરુ વિના જ્ઞાન નહિ'
એનો અર્થ શ્રદ્ધા વિના જ્ઞાન નહિ.
શ્રદ્ધા પેદા કરવાની તાકાત જેનામાં હોય તે ગુરુ.
ગુરુ એ ઈશ્વરે મોકલેલું નિમિત્ત છે.
ગુરુ એ મનુષ્યરૂપે, જીવંત કે વિદેહ પણ હોઈ શકે
અને માત્ર પાનાનાં બોલ રૂપે પણ આવી મળે.

o આચાર્ય કરતાં ઋષિના અનુભવની કક્ષા ઉંચી હોય છે.

o સ્વાર્થ અને આત્મપ્રેમ એક નથી.
સ્વાર્થી મનુષ્યને બીજા આત્મા ઉપર તો પ્રેમ નથી,
પણ પોતાના આત્મા પર પણ પ્રેમ નથી.
પોતાની જાતને પણ ચાહતો હોતો નથી,
પણ ઊંડે ઊંડેથી ધિક્કારતો હોય છે.

o મને પરમ સત્ય મળ્યું નથી. એ મેળવવાનો મારો
દાવો પણ નથી, પરન્તુ હું મારા અજ્ઞાનથી વિનમ્ર છું,
એટલું જ મારે માટે બસ છે.

વર્ધમાનસ્વામીને એવો ભાવ સર્વ જીવો પ્રત્યે છે,

ह्रीँ

તેથી જ ભાવ તું સર્વ જીવો પ્રત્યે રાખીશ.
આ સમભાવથી રાગ કે દ્વેષ થતો નથી.
તેથી જ પ્રભુ વીતરાગ, વીતદ્વેષ છે.
પ્રભુ રાગ-દ્વેષરહિત છતાં 'વીતરાગ' જ કેમ કહ્યાં?
ઉત્તર: દ્વેષ કરતાં રાગને જીતવો દુષ્કર છે.
ધર્મઆધાર દ્વેષને અટકાવી શકે છે, રાગને નહિ.
રાગને અટકાવવા વિશિષ્ટ બળની જરૂર છે.
તે બળ સામાયિક વડે મળે છે.
સર્વમાં સમભાવ રાખતાં શીખવાની કોઈ કળા હોય,
તો તે સામાયિક છે.

## ૮ પ્રકારના સામાયિક

(૧) સમભાવ સામાયિક - સર્વ જીવો ઉપર સમાનભાવ.
(૨) સમકિત સામાયિક - સર્વ જીવો ઉપર દયાભાવ.
(૩) સમવાદ સામાયિક - રાગ-દ્વેષરહિત વચનો બોલવારૂપ.
(૪) સમાસ સામાયિક - થોડા અક્ષરમાં તત્ત્વજ્ઞાનરૂપ.
(૫) સંક્ષેપ સામાયિક - થોડા નિમિત્તે કર્મનાશ વિચારવારૂપ.
(૬) પરિજ્ઞા સામાયિક - તત્ત્વના જાણપણારૂપ.
(૭) અનવદ્ય સામાયિક - પાપ વગરની પ્રવૃત્તિ કરવારૂપ.
(૮) પ્રત્યાખ્યાન સામાયિક - નિષેધ કરેલી વસ્તુના ત્યાગરૂપ.

# પ્રતિક્રમણ

પ્રતિક્રમણ = વિભાવમાંથી સ્વભાવમાં પાછું આવવું.
દોષોને કબૂલી, એ પાછા ન કરવાની ઇચ્છાવાળાઓ
નિત્ય સવાર-સાંજ પ્રતિક્રમણ કરવાનું વિધાન છે.

પડીકો પડી ગયો = Passive voice

પડીકો મેં પાડ્યો = Active voice

ગુણાભિમાન ત્યાગનો ઉપાય Passive voice વાપરવો-
દોષનિવૃત્તિનો ઉપાય Active voice વાપરવો તે છે.
જે આગળ વધેલા મહાત્મા કે જેમને દોષ આવે છે, તે
પ્રતિક્રમણ કરતા નથી. પણ તેના માલિકની આજ્ઞા વિના
કાંઈ કરતું નથી. કર્મ પણ જીવના અધ્યવસાય વિના
બંધાતા નથી. કર્મરાજા તો નિષ્પક્ષપાત ન્યાયાધીશ છે.
આત્મારૂપી રાજાના સ્વરાજ્યમાં કોઈ પદાર્થ અવજ્ઞા
રાખનાર હોય તો તે અદલ ઇન્સાફી કર્મરૂપી ન્યાયાધીશ છે.
સર્વ કોઈને તેના દોષની શિક્ષા અને ગુણનો તે બદલો
આપ્યા વિના રહેતો નથી. પોતાનો પૂર્ણ વિકાસ કરવા
હોય તેણે જડ બીજા મનનો, ભાગ્યનો કે કર્મનો દોષ ન
કાઢતાં જ દોષ પોતાનો છે, તેને કબૂલ કરી, પ્રતિક્રમણ,
સામાયિક વડે શુદ્ધ થવું જોઈએ.

૦ દોષો બહાર તે પ્રગટ કરવા, ગુણો નહિ.
ગુણો તો સ્વાભાવિક રીતે પોતાના તેજે પ્રકાશી રહે છે.
ગુણોને પ્રગટ કરવાની જરૂર રહેતી નથી.

૦ <u>સામાયિકમાં આત્મપ્રતીતિ કેવી રીતે થાય છે?</u>

ઉત્તર: નૈષેધિક રીતે કે *Negatively* જોતાં શરીરરૂપી ખોખામાં આત્મા હોય ત્યારે અને ન હોય ત્યારે કેવી-કેવી સ્થિતિ થાય છે, તે તપાસવી. ચામડીમાં ચળકાટ અને શ્વાસના જીવના અસ્તિત્વ અને અનસ્તિત્વ આભારી છે.

વિધાયક દૃષ્ટિએ કે *Positively* જોતાં સ્વપ્નમાં મહેલ વગેરે દેખાય છે. આંખો બંધ છે, અંધારું છે, દીવો પણ નથી, છતાં બધું શાથી દેખાયું? એ જ આત્માનો પ્રકાશ. સૂર્યના પ્રકાશમાં પણ આત્મા જ પ્રકાશ આપે છે. નિદ્રા વખતે અંધારું જ છે, જાગૃત-સ્વપ્ન કે સુષુપ્તિ ત્રણે અવસ્થાને ભેદીને રહેલો આત્માનો પ્રકાશ કદી બુઝાતો નથી. હા, તેના ઉપર મોહના આવરણો, કષાયના વાદળો, કર્મરૂપી સર્પના દંશથી મૂર્છાઓ આવી છે, પણ જ્યારે આત્મા પોતાનું ખરું સ્વરૂપ સમજી પોતાનું બળ દેખે છે, ત્યારે કર્મ, કષાય કે મોહને હટવું પડે છે. આવી પ્રતીતિ સામાયિકમાં થાય છે, તેથી સામાયિક = આત્મા.

o 'કર્મ કરતાં આત્મા બળવાન છે' એનું દ્રષ્ટાંત:

નરક અને તિર્યંચના અનંત દુઃખો અનંતકાળ ભોગવ્યા. એ બધાં દુઃખોનો નાશ થશે, છતાં આત્મા તો જેવો ને તેવો જ રહેશે. અનંતકાળ નિગોદના બાદ મનુષ્યભવ અને ધર્મસામગ્રી પામશે, તો પછી અનંતકાળ નિર્જરાથી ત્રણ લોકથી ઘણુ પર એવા ઉત્તમોત્તમ સ્થિતિ કેમ ન પામી શકે? એ સ્થિતિએ પહોંચવાનું બળ આત્મામાં છે. એકેક પ્રદેશમાં અનંત અનંત કર્મની વર્ગણાઓ છે, તેને હટાવે છે તેના કરતાં ઘણું વિશેષ બળ છે. ખાવું, પીવું, સૂવું અને વસ્ત્રપરિધાન કરવું એટલું જ ફક્ત કાંઈ મનુષ્યપણું નથી. મનુષ્ય ફક્ત તેની ટોપી કે જૂતામાં જ સીમિત નથી.

આત્માની સંપૂર્ણ (absolute) શક્તિઓને જુઓ. દિવસ અને રાત જે પ્રમાણે પૃથ્વી ઉપર છે, તે જ રીતે પૃથ્વીથી ઘણે ઉંચે જઈએ તો ત્યાં એવું નથી. સૂર્યમાળામાંથી પૃથ્વીને દૂર કરીએ તો એકલો સૂર્ય જ છે. એ જ રીતે દેહરૂપી પૃથ્વી ઉપર શુભ કર્મરૂપી દિવસ અને અશુભ કર્મરૂપી રાત્રિ જણાય છે, પરન્તુ દેહથી પર એવો આત્મસ્વરૂપ પ્રકાશમાં આવતાં જ 'absolute light'નો બોધ 'absolute જ્ઞાનપ્રકાશ' જ રહે છે.

ह्रीँ

૦ સામાયિક ભવસમુદ્રમાં વહાણ - ભવાટવિમાં વિમાન છે. તેમાં બેસનાર તો ભવસમુદ્ર અને ભવાટવિનું ઉલ્લંઘન કરીને ઇષ્ટ સ્થાને અવશ્ય પહોંચાય.

## મંત્રનો પ્રભાવ

'નમો અરિહંતાણં' શબ્દ સાથે શ્રોત્રેન્દ્રિયનો સંબંધ થશે અને તે જ વખતે વૃત્તિનો સંબંધ અરિહંતોની સાથે થશે. શબ્દ ઉપરથી મન અર્થ ઉપર જે ચાલ્યું જાય છે, એ શબ્દશક્તિનો પ્રભાવ છે.

શબ્દને અર્થની સાથે વાચ્ય-વાચક સંબંધ છે. એ સંબંધનું જ્ઞાન જેઓને કોશાદિ અને વ્યવહારાદિ વડે થાય છે, તેઓના મનની વૃત્તિ શબ્દનું શ્રવણ થતાંની સાથે તરત જ અર્થની સાથે જોડાઈ જાય છે.

'एक संबंधिज्ञानमपरसंबंधिस्मारकम्।'

શબ્દરૂપી એક સંબંધીનું જ્ઞાન થતાંની સાથે વાચ્યવાચક સંબંધ દ્વારા અર્થરૂપી અપર સંબંધીનું સ્મરણ થઈ જાય, એવો મનુષ્યના મનનો ધર્મ છે. મંત્રના શબ્દથી અનુવિદ્ધ દેવતારૂપી લક્ષ્યનો વેધ કરવાની શાસ્ત્રાજ્ઞા છે.

શબ્દાનુવિદ્ધ દેવતાકાર વૃત્તિનો અભ્યાસ સિદ્ધ થયા પછી દૃશ્યાનુવિદ્ધ આત્માકારવૃત્તિ કેળવી શકાય છે.

નેત્રેન્દ્રિયનો સંબંધ પ્રતિબિંબ સાથે થયો અને
વૃત્તિનો સંબંધ મત્સ્વરૂપ બિંબ સાથે થયો.
પ્રતિબિંબ એટલે મૂર્તિ અને બિંબ એટલે મૂર્તિમાન.
મૂર્તિ સાથે નેત્રને જોડીને, મૂર્તિ જેની છે તે ભગવાનની
સાથે વૃત્તિને જોડવા એ બાહ્યદૃશ્યાનુવિદ્ધ છે.
અંતઃકરણમાં ઉઠતી વૃત્તિઓના સાક્ષીપણા વડે આત્માનું
ધ્યાન કરવું એ આંતરદૃશ્યાનુવિદ્ધ સવિકલ્પ સમાધિ છે.
શબ્દાનુવિદ્ધ સિદ્ધ થયા પછી દૃશ્યાનુવિદ્ધ સિદ્ધ થાય.

જ્યાં સુધી શબ્દાનુવિદ્ધ સિદ્ધ ન થાય,
ત્યાં સુધી દૃશ્યાનુવિદ્ધ થઈ શકે નહિ.

આવી રીતે પ્રબળ પુરુષાર્થ કરવાથી ધ્યાનની જે કાંઈ
પરિપક્વ અવસ્થા થાય છે, તે સવિકલ્પ સમાધિ છે તથા
તેની પરિપક્વ અવસ્થા એ જ નિર્વિકલ્પ સમાધિ.
દેહભાવ છોડાવવા માટે પ્રતિદિન પ્રેમથી અને ભાવથી
જીવનું શુદ્ધ સ્વરૂપ સમજવું જોઈએ, ભાવવું જોઈએ.
દીર્ઘકાળ સુધી એકાંતમાં બેસીને એ અભ્યાસ દૃઢ
બનાવવો જોઈએ. 'દેહ એ જ જીવ' એવી માન્યતા જે
ભ્રમ અનાદિકાળથી છે, તેથી તેનું નિવારણ કરવાનો
અભ્યાસ પણ દીર્ઘકાળ સુધી કરવો જોઈએ.

જૈન દૃષ્ટિએ ભ્રમનું કારણ કર્મનો સંબંધ છે, એ સંબંધ પણ ઉત્પન્ન થવાની યોગ્યતાના કારણે છે. જીવનો ભવ્યત્વ સ્વભાવ અનાદિ પારિણામિકભાવ છે, તેથી તેનામાં કર્મના સંબંધમાં આવવાની તથા કર્મો જીવની સાથે મળી જવાની યોગ્યતા છે, જેનો નાશ ચતુઃશરણાદિ ઉપાયથી છે.

અન્યમતે આત્મામાં બંધનો ભ્રમ થવાના કારણો:

- અનિર્વચનીય માયા - ઈશ્વરીય માયા.
- અવિદ્યા - મૂલાવિદ્યા, તુલાવિદ્યા.
- અજ્ઞાન - સ્વરૂપનું અજ્ઞાન, સ્વરૂપનું વિસ્મરણ.
- સ્વભાવ - આત્માનો દુર્ગમ સ્વભાવ.
- લીલા - ઈશ્વરેચ્છા.

ભ્રમ થયો છે એ વાત પ્રત્યક્ષસિદ્ધ છે. ભ્રમનિવૃત્તિ થાય છે, એ વાત એથી ય અધિક નિશ્ચિત છે. તીવ્ર મુમુક્ષાવાન આત્મા ભ્રમનું કારણ શોધવા જેટલી મહેનત નથી કરતો, એટલી ભ્રમનિવારણ કરવાના સાધનમાં.

'શુદ્ધોઽસિ બુદ્ધોઽસિ નિરંજનોઽસિ
સંસારમાયાપરિવર્જિતોઽસિ ।
સંસારસ્વપ્નં ત્યજ મોહનિદ્રાં
ન જન્મમૃત્યૂ ત્વયિ સત્સ્વરૂપે ॥'

(પરિશિષ્ટ-૧૭)

## ૭૨ વિચાર કણિકાઓ

(૧) પરસ્પર વિરોધી વૃત્તિઓ જાગૃત થાય, ત્યારે જોવું કઈ વૃત્તિ વધારે બળવાન છે, તેનો વિચાર ન કરતાં, કઈ વૃત્તિ વધારે ફળવાન છે, તે વિવેક કરવો.
(એ વિવેકદૃષ્ટિ ફળવતી વૃત્તિને વધારે બળવતી કરશે.)
(૨) કેટલાક વૃત્તિઓ શુભ-અશુભ તરીકે વિરોધી અને કેટલાક આદરણીય હોવા છતાં પરસ્પર વિરોધી હોય છે.
(૩) અચરમાવર્ત કાળમાં રહેલા આત્માની ધર્મક્રિયાઓ તાત્ત્વિક દૃષ્ટિએ અનર્થ ફળ આપનારી જ ગણાય, કારણ મુક્તિ દ્વેષ છે. અચરમાવર્ત કાળ સાથે ગાઢ મિથ્યાત્વ, તીવ્ર અજ્ઞાન, ઉગ્ર કષાયો વિગેરે સંકળાયેલા જ હોય છે.
(૪) અલ્પશક્તિ અને વાતાવરણની પ્રતિકૂળતા ઘણા વખત 'આપણી આરાધના નકામી તો નહિ જાય' એવો સંશય ઉત્પન્ન કરે છે, પણ ખરી રીતે એવું બનતું હોતું નથી. અમુક હદ સુધી પહોંચ્યાં પછી આત્મા તો ખરેખર ઉત્તરોત્તર વિકાસ સાધતો હોય છે.
(૫) યૌગિકશૈલીમાં આત્મા ઉપર મન-શરીરે જે પ્રભુત્વ મેળવ્યું છે તે દૂર થાય અને આત્મા તે બન્ને ઉપર કાબુ મેળવી લે, એ વિચારણાને ધ્યેય કરીને ઉપાયો દર્શાવ્યા હોય છે, જ્યારે આગમિકશૈલીમાં તો આત્મા

ऐँ

દર્શાવ્યા હોય છે, જ્યારે આગમિક શૈલીમાં આત્મા સ્વયં કેવી રીતે ઉન્નતિ સાધે તે લક્ષ્ય કરીને ઉપાયો જણાવ્યા છે. આમ કેટલીક હકીકતોમાં નયદૃષ્ટિએ તફાવત જણાય છે. સ્યાદ્વાદ દૃષ્ટિએ તેનો પરસ્પર સમન્વય થઈ જાય છે.

(૭)કાર્મિક સામગ્રીઓના સેવન સાથે સાથે પ્રતિબંધક સામગ્રીઓના વર્જનની જરૂર છે. વળી સમ્યક પથ્યના પાલનપૂર્વક ઔષધ સેવન કરી ઠીક ઠીક આરોગ્યવાળાને આદર્શ જણાવી આશાવાદને દૃઢ કરવો ઉચિત છે.

(૮)શારદાદેવી ભવનપતિ નિકાયના છે. લઘુક્ષેત્ર સમાસ ગાથા ૩૬માં ગણાવેલી ૬ દેવીઓ પૈકી તે છે. તેમની આરાધનાનો મુખ્ય મંત્ર ઐંકાર છે. 'મંત્રાધીનાશ્ચ દેવતા' પ્રમાણે તે શીઘ્રપણે સાધક ઉપર પ્રસન્ન થાય છે. તેમાં દૃષ્ટિભેદ નથી. તેની પ્રસન્નતાથી રાજયોગની સાધના વખતે ક્ષયોપશમમાં નડતા વિઘ્નો દૂર થાય છે.

(૯)પૂર્વકૃત આરાધના અને જન્માન્તરના વિશિષ્ટ સંસ્કારો લઈને આવેલો આત્મા સ્વાભાવિક રીતે જ ક્ષયોપશમની વિશિષ્ટતા ધરાવતો હોય છે. આ જન્મના પ્રયત્નો દેવારાધન સિવાયના પણ ક્ષયોપશમ જાગૃત કરે છે, પરંતુ દેવારાધન-જન્ય ચમત્કાર તો અદ્ભુત હોય છે.

(૧૦)શારદા આરાધનામાં માનસિક તન્મયતાની ખાસ અગત્ય રહે છે, તે વગર કરેલા પ્રયત્નનો કારગત નિવડતા નથી.

(૧૧)એકવીસ દિવસ ઉત્કૃષ્ટથી ઉપવાસ, મધ્યમથી ઉજ્જવલ વર્ણે આયંબિલ અને જઘન્યથી એકાશન (ઉજ્જવલવર્ણે -પ્રધાનતયા ક્ષીર) કરી કરજાપથી લક્ષ જાપ કરવાના હોય છે. તે દરમ્યાન મૌન ધારણ કરી સ્ત્રીદર્શન પણ વર્જન કરવાનું હોય છે. પૂર્વદિશિ, ઉત્તરદિશિ, આસન અને અન્ય સામગ્રી ગુરુગમથી જાણી શકાય છે.

(૧૨)પૂ.બપ્પભટ્ટસૂરિજી કૃત 'અનુભવસિદ્ધ સારસ્વત સ્તોત્રના' દસમા શ્લોકમાં દર્શાવેલ મંત્ર ખરેખર અનુભૂત છે:

ॐ ह्रीं क्लीं ब्लीं ब्लूं ततः श्रीं तदनु हसकल ह्रीं
मथोऐं नमोन्ते, लक्षं साक्षाज्जपेद्यः करसमविधिना
सत्तपा ब्रह्मचारी; निर्यान्तीं चन्द्रबिम्बात् कलयति
मनसा त्वां जगच्चन्द्रिकाभां, सोऽत्यर्थं
वह्निकुंडेविहितघृतहुतिः स्याद्दशांशेन विद्वान् ।१०।
(स्त्रग्धरा वृत्तम्)

(૧૩)દેવી શારદાનું પ્રધાન કાર્ય જ આ હોવાથી મુખ્ય પ્રસિદ્ધિમાં આવ્યા છે. બાકી અન્ય દેવ-દેવતાઓ પણ આવા કાર્યમાં સહાય કરે છે. અન્ય દર્શનીઓને કાંઈક

ઈત્તર તેવા પ્રકારના દેવો પણ સહાય કરતા હોય.

(૧૪)પરમપૂજ્ય હેમચંદ્રસૂરિજી, પૂ.દેવેન્દ્રસૂરિજી અને પૂ.મલયગિરિજી મહારાજને શ્રી સિદ્ધચક્રજીના વિશિષ્ટ મંત્રારાધનથી વર પ્રાપ્ત થયા હતા. પૂ.ઉ. શ્રી યશોવિજયજી મહારાજે તો પોતાને માટે સ્પષ્ટપણે એકરાર કર્યો છે કે: 'તું તૂઠી મુજ ઉપરે, જાપ કરતા ઉપગંગ,' ઐંકારજાપનવાક્ય ઈત્યાદિ. તેમને શારદાનો તોષ થયો હતો.

(૧૫)અનુકૂળ સંયોગો અને પૂરતી સાધનસામગ્રી મળતા અને પછી જ દશાંશસહિત લક્ષ જાપ કરવા યોગ્ય છે. ઉત્તરસાધક ઉપર આ આરાધના ખાસ આધાર રાખે છે.

(૧૬)બધા મંત્રો કોઈ પણ સાંસારિક દેવને જ અવલંબીને હોય છે એવું નથી, પણ અક્ષર એ જ મંત્રસ્વરૂપ છે.

દરેક મંત્રોમાં એક અક્ષરમંત્ર હોય છે
અને બાકી અક્ષરો તેના પરિકર હોય છે.

(૧૭)'શ્રી સિદ્ધચક્ર યંત્રોદ્ધારવિધાન' આદિમાં આવે છે કે: શ્રી વીતરાગપરમાત્મા અને સિદ્ધોનું આહ્વાહન, સંસ્થાપન, સન્નિરોધ, અવગુંઠન, પૂજન, વિસર્જન પણ થઈ શકે છે.

(૧૮)અન્યાન્ય મંત્રોથી થતી દરેક કાર્યસિદ્ધિ કરવાનું સામર્થ્ય શ્રી નમસ્કાર મહામંત્રમાં છે અને તે રીતે તેને

સર્વ મંત્રરૂપી રત્નોનું ઉત્પત્તિ સ્થાન કહી શકાય.
(૧૯)આશાવાદને મજબૂત કરવા પંચસમવાયની વિશેષ વિચારણા કરવી. તેમાં આપણા હાથમાં ઉદ્યમ છે. અસદુદ્યમની અલ્પતા થાય-સદુદ્યમ વધતો રહે, તે રીતે પ્રયત્નશીલ રહેવું ફળ તો પાંચના હાથમાં છે, એટલે તે તેને જ સોંપી દેવું. પ્રયત્નમાં કચાશ ન રાખવી. તેથી કર્તવ્યનિષ્ઠા વધતી જશે, ફળાફળનો ખેદ થશે નહિ. એ જ ઉન્નતિ પરમકારણ છે.
(૨૦)યૌગિક પ્રક્રિયાનું આસેવન પૂર્ણ ચોક્કસાઈવાળો

આત્મા બાળ જીવોને પોતા માટે કરે,

તો તેમાં કાંઈપણ બાધ જણાતો નથી.

(૨૧)બે જણે તો દિવસના સાંજના ભાગમાં ઉત્તરાધ્યયન સૂત્ર તથા સૂત્રકૃતાંગ સૂત્રના મૂળ પાઠો વિચારવા જેવા છે.
(૨૨)હીરો અનાદિથી ખોવાયો છે. તેની ખોજ-શોધ માટે જ બધા પ્રયત્નો છે. ક્રિયા દ્વારા મૂળ વસ્તુ શોધી શકાય છે.
(૨૩)આ પંચપરમેષ્ઠિ મંત્રમાં સર્વ મંત્રોનો સમાવેશ છે. તેનો ઉપયોગ ભૂતકાળમાં અન્ય કાર્યો માટે મંત્રવાદીઓએ ઘણો કર્યો છે. આપણે તેનો સાત્વિકભાવે ધ્યાનાગ્નિમાં ઉપયોગ કરવાનો છે અને આત્મપ્રદેશોમાં તેને રૂચક દ્વારા પ્રવેશ કરાવવાની જરૂર છે. તેનું પહેલું પગથિયું

એકાંતમાં અને શાંતિમાં પરમેષ્ઠિના
સાકાર ધ્યાનને અપનાવવાનું છે.

(૨૩) સિદ્ધગિરિની પવિત્ર છાયામાં અને શુદ્ધ વાતાવરણમાં ભગવંત ઋષભદેવ પૂર્વ નવ્વાણું વાર આવ્યા છે અને રાયણવૃક્ષ તળે કાઉસ્સગ્ગ ધ્યાને રહી, બધા દ્રવ્યોની વહેંચણા કરી છે. તેમાંથી ભવદ્રવ્યને છુટો કરી પ્રગટ કર્યો છે. તેનો ઊંડો વિચાર કરવાથી ખૂબ આનંદ આવે છે.

(૨૪) અનાદિકાળથી પુદ્ગલાનંદીપણામાં પડેલા આત્માને સાધુત્વના પાલન વડે આત્માનંદીપણામાં જોડવાનો સતત પુરુષાર્થ કરવો એ જ આપણા સૌનું મુખ્ય કાર્ય છે.

(૨૫) વૃત્તિઓનું કામ સર્પિણી જેવું છે. તેને કુશળતાથી સમજાવીને શમાવવામાં આવે, તો જ શમે તેમ છે. તે માટે આત્મા ધ્યાનાગ્નિ દ્વારા જ્ઞાનનો વિચાર માંગે છે.

આ માટે આપણા મનની ખાસ જરૂર છે.

(૨૭) વિકલ્પો ચિત્તવૃત્તિથી ઉત્પન્ન થાય છે. મન તેને ગ્રહે છે. વિકલ્પોનો મુખ્ય આધાર બાહ્ય વાતાવરણ ઉપર છે.

(૨૮) પ્રભુ મહાવીરનું દીક્ષા લીધા પછીનું અને કેવળજ્ઞાન થયા વચ્ચેનું ચરિત્ર બહુ જ વિચારવા જેવું છે. જેમ જેમ તેનો ઊંડો વિચાર થશે, તેમ તેમ ભગવાન મહાવીરની

મહત્તા સમજાશે, તેમાં બાળ ઉદ્ધારકણીની જરૂર જ નહિ.
માત્ર તમસ્-રજસ્‌ને અંતઃકરણથી બહાર ફેંકી કાઢીને
સાત્ત્વિક પ્રકૃતિમાં સ્થિર રહી, તે કામ કરવાનું રહે છે.
(૨૯) હૃદયકમળમાં મંત્રના જેટલા પદો હોય, તેટલા
કમળની પાંખડી કલ્પીને તેના વચલા ભાગે કર્ણિકા ગોઠવી,
મંત્રનો જાપ કરવો. આસનમાં સિદ્ધાસનને બેસવું.
(૩૦) પિંડવાડાથી પાંચ ગાઉ ઉપર અજારી ગામ છે. ત્યાંથી
૧।।। માઈલ દૂર ટેકરી ઉપર સરસ્વતીનું પ્રાચીન મંદિર છે.
તેની સન્મુખ બેસી માનસિક જાપ કરવાથી સરસ્વતી
પ્રસન્ન થાય છે. છ માસ પર્યંત આયંબિલનો કલ્પ છે.
(૩૧) યોગની ક્રિયા મનને મન્થન કરનારી છે.
પણ સુભટ બનીને નીડરપણે ક્રિયા કરવાની છે.
(૩૨) માળા લઈ જાપ કરતી વખતે દૃષ્ટિ
ભ્રૂમધ્ય, નાસાગ્રભાગે અથવા સ્થાપનાચાર્ય ઉપર રાખવી.
(૩૩) ધ્યેય નક્કી થયે તેની પાછળ દોટ મારવી જોઈએ.
પુરુષાર્થ કરવાથી બધું કામ સિદ્ધ થાય છે.
વિશિષ્ટ અભ્યાસથી વિદ્યુત પ્રગટ થાય છે
અને સત્‌ને શોધવામાં સહાયક બને છે.
(૩૪) દેવચંદ્રજી મહારાજનું સુવિધિનાથ ભગવાનનું સ્તવન

તથા આનંદઘનજીના ફેરફાર પછી વિચારવા જેવા છે.
(૩૪)જાપ કરતી વેળા પ્રણવને લક્ષ્યમાં રાખવો જોઈએ.
અ-સિ-આ-ઉ-સા ને શરીરના જુદા જુદા અંગોમાં સ્થાપના
કરવા જોઈએ.'સોહં'ના જાપને આપણા શ્વાસોશ્વાસની
નળીની સાથે અનવરત ભેળવી લેવો જોઈએ.
(૩૫)મનનો ઈશારો ગઢ જીતવા ઈશ્વરના શ્રી શાંતિનાથ
પ્રભુને જાગતોજાગત સ્વપ્નામાં રાખવા જોઈએ છે.
(૩૬)વિમળગિરિમાં નિમિત્ત થવાનું ભાગ્ય કોઈક વિરલ
આત્માને જ સાંપડે છે. શ્રી પ્રથમ તીર્થંકર ભગવંતને
શ્વાસોશ્વાસમાં ઉતારી, સમયે-સમયે તેમની હાજરીમાં
સઘળી ક્રિયાઓ કરવાથી અતિ ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત થાય
છે. સિદ્ધગિરિની છાયામાં શાશ્વતને કેળવવો જોઈએ.
(૩૭)ધ્યાનનો પ્રયોગ કરવા પહેલાં બાહ્યભાવ છોડીને
અંતરદૃષ્ટિવાળા બનવું અને હંમેશા આશાવાદી રહેવું.
વિદ્યાર્થી જીવન ગાળવું. સતત સ્વાધ્યાયનો છંટકો અંદર
ઉતારવો અને તેને કુંભકમાં સ્થાપના કરવો.
(૩૮)અરિહંતદેવની મૂર્તિનું ધ્યાન કરવાથી ધ્યાનાગ્નિ
પ્રગટે છે. તે કાર્યમાં વિલંબ થાય અને વિઘ્ન પણ આવે.
'પ્રતિકૂળ કરતાં અનુકૂળ વિઘ્ન બહુ નડે.'

(૭૦) સાકારનું ધ્યાન વિદ્યુતને પ્રગટાવે છે.

ધ્યાન માટે એકાંત અને શાંત સ્થળ પસંદ કરવું. જે કાંઈ થાય તેને દૃષ્ટા તરીકે રહીને તટસ્થપણે જોયા કરવું. ભાવના રાખવી કે અનંતા જીવો તે માર્ગે સિદ્ધિપદને વર્યા છે, તે પ્રમાણે આપ પણ દોટ મૂકીને જરૂર વરાશું.

(૭૧) દોટ મૂકતાં કદાચ ઠોકર વાગે તો તેની દરકાર કરવી નહિ. ધ્યાનાગ્નિથી ગમે તેવું કાર્ય સિદ્ધ થાય છે. કર્મો વિખેર નાખીને અંતરમાં બેઠેલો જે આત્મા તેની સન્મુખ ધીરે ધીરે જવા દે છે. શરૂઆતમાં કદાચ પરીક્ષા પણ થાય.

(૭૨) પર્યુષણ પર્વની આરાધના અપ્રમત્તપણે અને અપ્રમાદ દશાએ કરવી જોઈએ. ભાદરવા સુદ બીજના બપોરના વ્યાખ્યાનમાં કાઉસ્સગ્ગ ધ્યાને રહી, અક્ષરે અક્ષર હૃદયમાં ઉતારી, તેનો નશો ચઢાવ, પાર પરમાત્માનું ચિન્તવન કરવાથી ઘણી શુદ્ધિ થાય છે.

(૭૩) મનને મુજ થકાવો. શુભ ઉપયોગમાં જેમ બને તેમ ખેંચીને રાખો. તે કાર્ય નીડરપણે કરો. ફરી આવા સંજોગો મળવા મુશ્કેલ છે. સાધન પાસે સાધના કરાવી લ્યો. આત્મા વિચાર માગે છે. તેને વિચારના વમળે ચઢાવો અને સ્વાધ્યાય-ધ્યાનને વાગોળવાથી પચી જશે.

(૪૪) અનંત શક્તિવાળા આત્માને કોઈ વસ્તુ દુર્લભ નથી. પુરૂષાર્થ અને પ્રયોગથી અરિહંતની સાકાર પ્રતિમાનું જો હંમેશાં બ્રાહ્મમુહૂર્ત વખતે ધ્યાન કરવામાં આવે તો વિદ્યુત પ્રગટે છે. તે ઊર્જા નાભિચક્રમાંથી મેરૂદંડમાં થઈ બ્રહ્મરન્ધ્રમાં જઈ શકાય છે. આ પ્રયોગ ધીરે ધીરે કરવામાં આવે તો ભાવિક ઘણું ઉજ્જવળ બને, કર્મો વિખર સાથે અને જે મૂળ વસ્તુની શોધમાં છીએ, તે ધીરે ધીરે મળવા શકાય છે. મહાપુરૂષોએ કાઉસ્સગ્ગ ધ્યાને રહીને ધ્યાનાગ્નિ પ્રગટાવ્યો છે અને મૂળ વસ્તુ આત્માને પ્રાપ્ત કર્યો છે.

(૪૫) જ્ઞાનીઓનો અનુભવ છે કે:

સ્વ અને પરની વહેંચણી છ દ્રવ્યોને સામે રાખીને જો હંમેશા કરવામાં આવી, તો સ્વસ્વભાવ અને પર-સ્વભાવ સાચા સ્વરૂપમાં પ્રગટ થઈ આવી છે.

(૪૬) સાધુ એટલે સાધક. બંધનો ઓછાં કરીને શરીરની મમતા પરવા કર્યા વિના કાર્ય સાધવા તરફ પુરૂષાર્થ કરનાર, આત્માનો વિકાસ કરનાર આત્મા.

(૪૭) જેટલું શુભ કાર્ય કરો તેટલું ઉપયોગપૂર્વક અને મનને બરોબર કાબુમાં લઈને કરો, તો જ સાક્ષાત્‌રૂપી ભાવથી મૂળવસ્તુ પકડાશે. ભગવાન મહાવીર પચીસમા

ૐ

લબ્ધિ તે જ કાર્ય કરી પોતાનું શ્રેય સાધી લીધું છે.
(૪૮)સ્વાધ્યાય કરી અધ્યાસમાં ઉતરે તેવો પુરૂષાર્થ કરવો.

નિદ્રાવસ્થામાં શું શું પ્રયોગો થાય છે,
તે ઉપયોગપૂર્વક ધ્યાનમાં રાખો.

(૪૯)જ્ઞાનતંતુને કાંઈપણ અસર ન થવા દો. માન-દંભને દેશવટો આપો. ભાવો આવે તેમાં ન ભળતાં કાર્ય શરૂ રાખો. અન્તે સાધના કર્યા સિવાય કોઈને પણ છુટકો નથી.

(૫૦)સત્શાસ્ત્રો, ઉત્તરાધ્યયન સૂત્ર, સૂયગડાંગ સૂત્ર, યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગશાસ્ત્ર વગેરે વાંચવા-વિચારવા. શમ-દમને માટે પ્રયત્નપૂર્વક સ્વાધ્યાય કરવો. જેમ બને તેમ વીતરાગ દશા પ્રાપ્ત કરવા વિશિષ્ટ પ્રકારે પ્રયત્ન કરવો. રાગ કાઢવા માટે વિકટ માર્ગે દોટ મારવી રહે છે.

કાયોત્સર્ગ ધ્યાન એ માટે મુખ્ય માર્ગ છે.

(૫૧)શારદાના અડધા જાપ થયા પછી મગજના જ્ઞાનતંતુને, ખોપરીના આગળ કે પાછળ ભાગમાં કોઈ નસ ઉપર અસર કરે છે તથા ગળાથી નીચે અને ડોકથી ઉપર છાતીના ભાગમાં અમુક ફેરફારો થાય છે, તેને ધ્યાનપૂર્વક તપાસવા. બહિર્લક્ષ છોડી અંતરસન્મુખ રહી. મજા આવશે.

(૫૨)વિમલગિરિમાં થયેલ હૃદયની નિર્મળતા કાયમ રહે

ह्रीँ

અને આ પંચ પરમેષ્ઠિનું સ્મરણ ચોવીસે કલાક સ્થિર રહે,
તેવી ઉદ્યમ કરવા માટે એક ઉપાય એ છે કે આપણે
આંગળીઓના વેઢા ઉપર નંદાવર્તના આકારરૂપે જાપ કરવો.

(૯૩) શત્રુંજયની ભૂમિનાં પવિત્ર અણુઓ એમ ઓછાં
થતાં જાય, તેમ તેની પૂર્તિ સત્સંગ અને સદ્ગુરુના
યોગાદિ કરી લેવા સમય સમય ઉપયોગ રાખવો.

(૯૪) ધન્ય તે મુનિવરા રે, જે ચાલે સમભાવે...
જ્ઞાનવંત જ્ઞાનિશું મળતાં, તન મન વચને સાચા,
દ્રવ્યભાવ સુધા જે ભાખે, સાચી જિનની વાચા.
ધન્ય તે મુનિવરા રે...

जानन्नपि न जानाति
पश्यन्नपि न पश्यति ।
न श्रद्धत्ते च शुद्धात्मा
सज्ञानः स्वलचेष्टितम् ॥१॥

(પરિશિષ્ટ-૧૮) - ઉપમિતિ પૃ -૪૯૧

(૯૫) જેમ જેમ ઘણા રુચિદ્ સાધુ મુનિરાજ
નવા નવા શાસ્ત્રમાં પ્રવેશ કરે, તેમ તેમ
પોતાના સંવેગપણાં ઉપર નવી શ્રદ્ધા ઉત્પન્ન થવાથી
તેમને ઘણો જ હર્ષ થાય છે.

(૯૬) યુક્તિમાર્ગમાં ઉન્નતિ કે પ્રગતિ કરાવનાર સ્યાદ્વાદ પ્રમાણ જ છે. તેના લીધે પોતાને ઇષ્ટ-અનિષ્ટ એવા દરેક પદાર્થોના ધર્મો ઉપર મધ્યસ્થભાવે જોવાની ભાવના કેળવાય છે. તેથી રાગ-દ્વેષની પરિણતિ ઘટતી જાય છે અને સમરસતા પ્રગટે છે. સ્યાદ્વાદ પ્રમાણ વસ્તુના દરેક ધર્મને પક્ષપાત દર્શાવ્યા વિના યથાર્થરૂપે પ્રગટ કરે છે. તેથી પરમાર્થમાર્ગમાં તે અતિ આવશ્યક છે.

(૯૭) પારમાર્થિક માર્ગમાં જેમ સ્યાદ્વાદ જ્ઞાન (જ) સહાય કરે છે, તેમ વ્યવહાર જીવનમાં નયજ્ઞાન (જ) ઉપયોગી નિવડે છે. જ્યાં સુધી સંસારમાં જીવ અનેક પ્રકારના કર્મકૃત સંબંધો, વ્યવહારો, રૂઢિઓ અને પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો છે, ત્યાં સુધી તો તેને વ્યવહારની અપેક્ષા રહે જ છે. દરેક ઠેકાણે ઉભયાકાર કે અનંતાકાર વસ્તુની પ્રતીતિ થાય, તો પ્રતિનિયત વ્યવહારનો જ ઉચ્છેદ થઈ જાય. જે વ્યક્તિને જે પ્રતિનિયત ધર્મ ઇષ્ટ સાધનાર્થ આવશ્યક હોય, તેનું વસ્તુના અન્ય ધર્મોથી પૃથક્કરણ કરવું આવશ્યક છે. તે પૃથક્કરણ નયથી જ થાય. (સ્વ) અનપેક્ષિત પણ (વસ્તુમાં) વિદ્યમાન એવા અન્ય ધર્મોનું નિરસન ન કરે તો નય દુર્નય થઈ જાય.

ઔદાસિન્ય ધારણ કરે તે નય ઔદાસિન્ય દોષરૂપ નથી.
(૪૮) સ્યાદ્વાદ પ્રમાણ ન હોય તો સત્યનો નાશ થાય. નય જ્ઞાન ન હોય તો જગતનો ઉપયોગી અને આવશ્યક વ્યવહાર પણ નાશ પામે. વ્યવહારના નાશથી તીર્થનો-મુક્તિના ઉપાયનો નાશ થાય. નિશ્ચયનાશથી વસ્તુતત્ત્વનો, અનેકાન્ત ભાવનાનો - મધ્યસ્થવૃત્તિ - ઔદાસિન્યભાવનો નાશ થાય, એટલે મુક્તિનો જ નાશ થાય.
(૪૯) સમ્યગ્જ્ઞાન એ ઈષ્ટાનિષ્ટનું પ્રરૂપક અને પરિહારક તથા તત્ત્વનું વ્યવસ્થાપક છે. સમ્યગ્જ્ઞાનના મુખ્ય બે ભેદ છે: એક જ્ઞાન પૂર્ણ વસ્તુનો પ્રકાશ કરે છે, જે '<u>પ્રમાણ</u>' કહેવાય છે. બીજું જ્ઞાન વસ્તુગત પ્રતિનિયત ઇષ્ટ ધર્મનો જ પ્રકાશ કરે છે, તે '<u>નયજ્ઞાન</u>' છે. આ બંને જ્ઞાનના યોગે વસ્તુનો યથાર્થ નિર્ણય થાય. સમ્યગ્દર્શનની શુદ્ધિ અને દૃઢતામાં આ બંને જ્ઞાન ઉપકારક છે.

(૫૦) <u>પ્રમાણના સાક્ષાત્ પરંપર ફળો</u>

ઈષ્ટાનિષ્ટ સ્વરૂપ દર્શન, અનિષ્ટથી નિવર્તન કે પરિહાર, ઇષ્ટમાં પ્રવર્તન અને ઇષ્ટ પ્રાપ્તિ.

જ્ઞાનનો વ્યાપાર વિષયનું વાસ્તવિક સ્વરૂપદર્શન કરવા પૂરતો જ છે, તેથી રુચિ-પ્રવૃત્તિ આદિ આપોઆપ થાય છે.

(51) એમ સૂરિમંત્રની સાધના, તેમ શ્રી વર્ધમાન વિદ્યાની સાધના શાસન પ્રભાવનામાં ઘણી સહાયક છે. જે શાસનનો આપણા પર અચિન્ત્ય અમેય ઉપકાર છે, એની કૃતજ્ઞતા રૂપે આવી સાધનાની સહાયથી યત્કિંચિત સેવા કરી શકાય છે. સેવા માટે જરૂરી તથા વિધ ક્ષયોપશમ સાધના આપે છે.
(52) મંત્રાક્ષરોની શ્રદ્ધા તથા એનો જાપ અધ્યવસાયની વિશિષ્ટ વિશુદ્ધિ કરી કર્મનિર્જરામાં પરમોપયોગી બને છે.
(53) શ્રી વર્ધમાન વિદ્યામાં પંચ પરમેષ્ઠિ અને ખાસ કરીને પ્રભુવીરની મંત્રમય વર્ણાનુપૂર્વી તથા જયા - વિજયાદિ જ દેવીઓ, જેને લઘુશાન્તિ સ્તવમાં પ્રધાન સ્થાન આપ્યું છે, એમનાં સ્મરણ આંતરચિન્તન, મંથન, પરિણમનમાં ખૂબ પ્રેરક બનતા રહે એવો અનુભવ થાય છે.
(54) આસ્થાન પીઠ ઉપર બેસીને એના સ્મરણ પછી અચિન્ત્ય પદાર્થ સ્ફુરણ, પદાર્થ સંકલના, પ્રસંગના વિશ્લેષણ, પ્રસંગોમાંથી તારવણ વગેરેના અદ્ભુત અનુભવ થાય છે.
(55) નવકારના જાપ કે ધ્યાન એ પણ વિશિષ્ટ સાધના છે, છતાં મહાપ્રભાવક આચાર્યોના જીવનમાં સૂરિમંત્રની સાધનાઓ થયેલ છે. એક જ વસ્તુમાંથી અનેકવિધ ગંભીર ભાવો ખેંચવાની ક્ષમતાવાળા સાધકો ઉત્કૃષ્ટ

વિવિધ સાધનાથી તેવા ભાવો આનંદપૂર્વક પામી શકે.

(૬૬) આરાધના આત્મકલ્યાણના હેતુએ થાય એ સુંદર છે, પણ તેથી શાસન પ્રભાવનાને અળગી પાડવાની જરૂર નથી. 'પ્રભુનું શાસન ખૂબ વિસ્તાર પામો' એ ભાવના પણ આત્મિક આરાધના છે. આજ્ઞાવિચય ધ્યાન પોષનારી છે.

(૬૭) ઉપાસ્ય શ્રી વર્ધમાન સ્વામીની નિર્મળ
આત્મજ્યોતિવત્ આપણી આત્મજ્યોતિ પ્રગટે
એ પ્રધાન લક્ષ્ય તરીકે રાખવું ઉત્તમ છે.

(૬૮) આસન્નોપકારી શ્રી વર્ધમાન સ્વામીની આરાધના ઉપાસનારૂપ હોયતો ઉપયોગીતામાં પૂછવું શું? સાથે સાથે કર્મક્ષયોપશમોપયોગી શુભ અધ્યવસાયની સારી પ્રેરક હોયતો પણ ઉપયોગી છે. મહાપુરુષોએ એની આરાધના અંગે ઉપદેશ કર્યો છે. એ પણ અસાધારણ ઉપયોગીતા સૂચવે છે.

(૬૯) શારદાના આરાધનથી શ્રુતશક્તિ વધે એ કરતાં ય પરિણતિ ખૂબ તેજસ્વી બને, એ લક્ષ્ય વધુ જરૂરી લાગે છે.

(૭૦) જૈન શાસનની જે વિશિષ્ટતા આવા વિષમકાળમાં જળવાઈ રહી છે, તેમાં આવા તપ-મંગળ આદિ પ્રધાન કારણરૂપ હોય છે અને ભવિષ્યમાં એથી બળોથી તીવ્ર ઉન્નતિ થશે, એ નિશ્ચિત છે.

(૭૧) વર્તમાનમાં અન્ય જેટલું કરવાનું આવશ્યક છે,
તેટલું જ આવશ્યક પ્રતિક્રમણ છે.
મુનિ જીવનને ઉર્ધ્વ, તેજસ્ અને ઓજસ્વી
કરવાનું તેમાં અનેક રીતે બળ છે.
ધારેલા લાભકાર્યોની સિદ્ધિના
સ્વરૂપ બીજ એમાં રહેલાં છે.
એ શક્તિ બને તે માટે મન્થન કરવું જરૂરી છે.

(૭૨) શ્રી વર્ધમાન વિધાના
જુદા જુદા
અનેક કલ્પો છે.
આ ગણવાનું પ્રધાન ફળ
સૌભાગ્ય વૃદ્ધિ છે.
બાકી તો જુદા-જુદા કાર્યો અંગે
આ વિધાનને અનુલક્ષી
ઘણા વિધાનો છે.
ચૈત્ર સુદ તેરસ-ચૌદસનો
છઠ્ઠ કરીને,
જઘન્યથી ૧૨।। સહસ્ત્ર જાપ કરવાનું
શાસ્ત્રોમાં વિહિત છે.

ૐ

## પ્રાર્થના - મનનો ખોરાક

શરીર ટકાવી રાખવા માટે જેમ ખોરાકનું ઘણું મહત્વ છે,
તેમ મનની તંદુરસ્તી, સ્વસ્થતા અને શાંતિ ટકાવવા
પ્રાર્થના એ ખોરાકની ગરજ સારે છે.
પ્રાર્થના મન દ્વારા થતું ધાતુવૈષમ્ય અટકાવે છે અને
એથી જ તે એક ઔષધિ બને છે.
(દર્પ - ગોળ - કફ, શીત - ઘી - વાયુ, ક્રોધ - સૂંઠ - પિત્ત)
માષ : સ્નિગ્ધતા - વાયુહર, ઉષ્ણતા - પિત્તકર.
દાડમ : સ્નિગ્ધતા - અનુવિદ્ધ, ઉષ્ણતા - ઔષધ.

પ્રાર્થનાનો સાચો અર્થ એ છે કે રોજિંદા જીવનમાં મનુષ્યે થોડા વખત એવી પ્રવૃત્તિ કરવી જોઈએ કે જે દ્વારા રોજિંદા જીવનમાં તમામ કાર્યો ભૂલી જવાય. જીવનમાં પેદા થયેલા રાગ-દ્વેષો વિસરાઈ જાય. એ વિસરવા માટે કોઈ પરમ શક્તિમાં જાતને લીન કરી દેવી એનો અર્થ જ 'પ્રાર્થના' છે. પૂજા-પાઠમાં પણ આવેલા મનની એકાગ્રતાથી શક્તિનો વિકાસ થાય છે, ઉશ્કેરાયેલી વૃત્તિઓ અને આઘાત પામેલા ધાતુઓ શાંત થાય છે. આ શાંતિ અને સ્વસ્થતા આરોગ્ય ઉપર ઘણી મહત્વની અસર કરે છે. વિચારજન્ય ક્રિયાઓમાં પેદા થતાં વિસંવાદ

પ્રાર્થના ક્લેશ દૂર કરી શકાય છે. આથી જ આર્યસંસ્કૃતિમાં શ્રદ્ધા, ભક્તિ, પ્રાર્થના, પૂજા, અર્ચના વગેરે કરવાનો એક સંસ્કાર રચાતો રહ્યો છે. આ સંસ્કારને જાગૃત બુદ્ધિ જે અનુસરે છે, તે શરીરની અને મનની નિરોગીતા મેળવી લાંબુ-નિરોગી આયુષ્ય પ્રાપ્ત કરી શકે છે.

રોજિંદા જીવનમાં પેદા થયેલા રાગ-દ્વેષો વિસરી જવા કોઈ પરમશક્તિમાં જાતને લીન કરી દેવી તે પ્રાર્થના છે.

o માર્ગાનુસારી ત્રિધા

(૧) માર્ગાભિમુખ - એક પુદ્ગલ પરાવર્તમાં યોગદૃષ્ટિ વડે ધર્મબીજ સન્મુખ થશે.

(૨) માર્ગપતિત - માર્ગ સામો આવશે - પગલું પડી ગતો।

(૩) માર્ગાનુસારી - ગ્રંથિ દેશે પહોંચશે.

| યતિના ષટ્કર્મ | પ્રતિક્રમણના ષટ્ આવશ્યક |
|---|---|
| (૧) અધ્યયન | (૧) દોષ સંગ્રહ (ભાવ આલોચના) |
| (૨) અધ્યાપન | (૨) આલોચના (દ્રવ્ય આલોચના) |
| (૩) દેવભક્તિ | (૩) પ્રતિક્રમણ (દોષ જાગૃતતા) |
| (૪) ગુરુભક્તિ | (૪) કાઉસ્સગ્ગ વિધિ (આશાતના શુદ્ધિ) |
| (૫) મૂલગુણ આરાધન | (૫) વ્રણચિકિત્સા (સ્નાનાદિદોષશુદ્ધિ) |
| (૬) ઉત્તરગુણ આરાધન | (૬) ગુણધારણા (ઉત્તરગુણશુદ્ધિ) |

o માધુકરી: માધુકરી માગીને જેઓ પણ જ્ઞાનવિદ્યાનો અભ્યાસ કરે છે, તેઓને શિઘ્ર લાભસિદ્ધિ થાય છે.

o મોક્ષનો હેતુ જ્ઞાનલાભ: જેમ પાકશાસ્ત્ર ભણવાથી ક્ષુધા નિવૃત્તિ ન થાય, પરંતુ સામગ્રી ભેગી કરીને રસોઈ કરી ખાવાથી ક્ષુધાની નિવૃત્તિ થાય અને ગણિતશાસ્ત્ર શીખવાથી દરિદ્રતા દૂર ન થાય, પરંતુ નાના પ્રકારના ધંધામાં પ્રવૃત્ત થઈ દ્રવ્ય સંપાદન કરવાથી દરિદ્રતા દૂર થાય છે, તેમ એકલા વેદ ભણવાથી મોક્ષ થતો નથી. જો અધિકારી વિવેક-વૈરાગ્ય આદિ સંપાદન કરીને જો પ્રબળ પુરૂષાર્થ કરે તો લાભ દ્વારા તેનો મોક્ષ થાય, શાસ્ત્રનો અભ્યાસ ભલે થોડો હોય, તો પણ આત્મલાભ એ જ મોક્ષનો હેતુ હોવાથી તેનો મોક્ષ થાય છે.

o મતભેદ: પ્રત્યક્ષ વિષયમાં પણ મતભેદ હોય છે, કારણકે મનુષ્યમાત્રની શક્તિઓ અને દેશ-કાળ જુદાં જુદાં હોવાથી લાભમાં મતભેદ પડે છે, તો અગોચર વિષયમાં મતભેદ પડે તેમાં શું આશ્ચર્ય? માટે મતમતાંતર સંબંધી દુરાગ્રહ મૂકીને કર્તવ્યમાં પરાયણ થવાથી પોતાની મેળે જ અનુભવ થશે. નકામો વાદવિવાદ કરવામાં કર્તવ્યથી વિમુખ થવાય છે.

ॐ

## જ્ઞાન અને ધ્યાન

ધ્યાન પરોક્ષનું જ થઈ શકે છે.
પદાર્થ અપરોક્ષ થયો એટલે જ્ઞાન થઈ ગયું.
પછી તે માટે ધ્યાન કરવાનું રહેતું નથી, કેમકે
પદાર્થનું જ્ઞાન પ્રમાણ-પ્રમેયને આધીન છે,
ધ્યાન વિધિ, વિશ્વાસ, ઇચ્છા તથા હઠને આધીન છે.

## શબ્દવેધ અને લક્ષ્યવેધ

ગમે તેવો હોંશિયાર રસોઈયો હોય તો પણ દાળ, ચોખા, લોટ, ઘી, શાકભાજી વગેરે સામગ્રી સિવાય રસોઈ બનાવી શકતો નથી. માટે પહેલાં સાધન સંપન્ન થઈને પછી જ યોગાભ્યાસમાં પ્રવૃત્તિ શરૂ કરવી.

## શબ્દવેધી દશરથ અને લક્ષ્યવેધી અર્જુન

'જુડજુડ' શબ્દ દ્વારા લક્ષ્ય કરી તે તરફ બાણ છોડ્યું,
તો શ્રવણ વીંધાયો. 'પ્રણવ' શબ્દ સાથે શ્રોત્રેન્દ્રિયનો
સંબંધ અને 'બ્રહ્મ' શબ્દ સાથે વૃત્તિનો સંબંધ થાય છે.
પ્રણવરૂપ શબ્દથી અનુવિદ્ધ બ્રહ્મરૂપે
લક્ષ્યનો વેધ કરવા શ્રુતિ ભગવતીની આજ્ઞા છે.
શબ્દાનુવિદ્ધ બ્રહ્માકાર વૃત્તિનો અભ્યાસ થયા પછી
જ દૃશ્યાનુવિદ્ધ બ્રહ્માકાર વૃત્તિ કેળવી શકાય છે.

ह्रीँ

૦ પાપો અને તેના ફળોનું ટુંકમાં વર્ણન

## મન અને આરોગ્ય

જે મનુષ્યનું મન બગાડે છે, તે મનુષ્યનો સ્વભાવ પણ બગાડી નાખે છે. બગડેલ સ્વભાવનાં લક્ષણો જોઈએ તો અસંયમ, આસક્તિ, અભિમાન, ઈર્ષ્યા, દંભ, ક્રોધ, હિંસા, કપટ વગેરે દુર્ગુણોમાં સૂક્ષ્મરોગો સમાયેલા છે. બગડેલ સ્વભાવ ઈંદ્રિયોનો ખોટો ઉપયોગ કરે છે. તેથી ઈંદ્રિયો પોતાની તેજસ્વિતા, તીક્ષ્ણતા, કાર્યશક્તતા ગુમાવે છે. ઈંદ્રિયોની આ સ્થિતિને જ આપણે સ્થૂલરોગના નામે ઓળખીએ છીએ.

### અસંયમ

જીભનો અસંયમ જઠરના અને આંતરડાના રોગો કરે છે. તેમ જ જીભ અસંયમી બની ગયે તેવા વાણી ઉચ્ચારે તો જીભ સાથે સંકળાયેલ મગજના જ્ઞાનતંતુઓને નુકસાન પહોંચાડે છે, તે જ પ્રમાણે બધી ઈંદ્રિયો તેઓના અસંયમી અપચારથી જ તે તે રોગો લાવે છે.

### આસક્તિ

બહુ બોલનાર મનુષ્યની જીવનશક્તિ ઘસાઈ જાય છે. સામાન્ય રોગોનો તે ભોગ થઈ પડે છે. જીવનશક્તિનો આધાર તેજ ઉપર છે અને તે તેજ તે આસક્તિમાં વેડફી નાંખે છે અને તેથી તેજહીન બને છે.

અસત્ય ઉચ્ચારતાં હૃદય અને મગજના જ્ઞાનતંતુઓ જુદા બને છે. લાંબે ગાળે તે હૃદયના રોગ, ગાંડપણ, પથરી, બકવી વગેરે રોગોથી પીડાય છે. અભિમાન મનુષ્યમાં વાયુ-પિત્ત-કફ ત્રણેયમાં એકી સાથે ઉત્પાત મચાવે છે અને એ ત્રણેથી જનિત નાના-મોટા વ્યાધિઓથી પીડાતો રહે છે. ઈર્ષા કરનારમાં પિત્ત વધી જાય છે અને દંભ આપણા શરીરમાં કફના પ્રમાણમાં ગડબડ પેદા કરે છે અને કફની માફક ભારેખમ થઈ જાય છે. શરીરનું જાડાપણું, ગેસ તેમ જ કફજન્ય રોગો એ દંભનું પરિણામ છે. ક્રોધ કરવા માટે મગજને કીમતી એવા ઓક્સિજનો ખૂબ જ ઉપયોગ કરવો પડે છે, પરિણામે જીવનશક્તિ ઓછી થઈ જાય છે.

ક્રોધથી પિત્ત, લોભરૂપી ભયથી વાયુ, દંભથી કફ અને
માન રૂપી મોહથી ત્રણે કોપ પામે છે.

## નાનું મગજ - મોટું મગજ

કર્મેન્દ્રિયો ઉપર કાબુ રાખનાર નાનું મગજ આપણા શરીરની ટટ્ટાર ઉભા રહેવાની, ચાલવાની, શ્વાસોચ્છ્વાસની, લોહીના ભ્રમણની, મૂત્રપિંડ વગેરે અગત્યની ક્રિયાઓ ઉપર જડ કાબુ ધરાવે છે. ક્રોધિત મગજને વધારે લોહીની જરૂર પડે છે. આ વધારાનું લોહી નાના મગજ તરફ જતા લોહીના

પ્રવાહમાંથી મોટું મગજ ખેંચી લે છે. તેથી ક્રોધિત માનવના મુખ અને આંખ લાલ બની જાય છે. નાનું મગજ અને તે અંગોના જ્ઞાનતંતુઓ શક્તિહીન બને, ત્યારે તેને દમ, લોહી દબાણ, લકવો, કીડનીના રોગો વગેરે લાગુ પડે છે.

## મોટું મગજ

તે બુદ્ધિ, ઇચ્છાશક્તિ, સ્મરણશક્તિ વગેરેનું ઉત્પત્તિ સ્થાન તથા મુખ્ય કેન્દ્ર છે. લોહીના વધંઘટ આવેગ ઘસારાથી તે ભાગો સ્થિતિસ્થાપકતા ગુમાવે છે.

## હિંસા, હૃદય અને મગજ

હિંસા એ ક્રોધ અને અભિમાનનું ફળ છે. તેથી હિંસકનું લોહી કાયમ માટે ઉશ્કેરાયેલ અને તપેલું રહે છે. હિંસામાં મગજ અને હૃદય બંને સંડોવાય છે. પરાયાં દુઃખોને જોઈને જે હૃદય એકદમ જ નરમ બની દ્રવી ઊઠે છે, તે જ હૃદય પોતાનાં સંકટો સામે વજ્ર જેવું કઠિન પણ બની જાય છે. આ હૃદયની સાચી સ્થિતિ-ગુણ છે. હિંસક મનુષ્યનું હૃદય આ ગુણોને ગુમાવે છે. તે લોકોનું દુઃખ જોઈને હસે છે અને પોતાના ઉપર સંકટો આવે ત્યારે કનિષ્ઠ કોટિનો ભીરુ બની જાય છે. તદુપરાંત હૃદય અને આખા શરીરમાં વાયુ-પિત્ત અને કફ એ ત્રણેયને

ઉશ્કેરી મૂકે છે, તેથી મહારોગોનો ભોગ બને છે. કુષ્ઠ, કેન્સર, હૃદયરોગ, રક્તપિત જેવા રોગો તેને સ્વાભાવિક બની જાય છે. કપટ-દગો કરનાર સૂક્ષ્મ સ્વરૂપે હિંસા કરે છે. તેના ઘાતો કપટમય અંતર કે દેખાય તેવા હોતી નથી. તે ઘણા ઝેર જેવા હોય છે. અંધાપો, ગાંડપણ, વિસ્ફોટ કેન્સર વગેરે કપટનાં જ માંગેલા ફળ છે. આવા મનુષ્યોનાં મૃત્યુ રીબાઈ-રીબાઈને થાય છે.

<u>શબ્દ</u>: મુખમાંથી જે શબ્દ બહાર નથી પડ્યો, તેના ઉપર તમારી પુરેપુરી સત્તા છે, પણ એ શબ્દ મોંમાંથી એકવાર બહાર પડ્યો, પછી તેની તમારા ઉપર સત્તા શરૂ થાય છે.

<u>વચન</u>: પરમેશ્વરે આપણને સૌને બે આંખ - બે કાન આપ્યા છે, પણ જીભ તો એક જ આપી છે. એનું કારણ એ છે કે માણસે વધુ જોવું જોઈએ, વધુ સાંભળવું જોઈએ, પણ ઓછું બોલવું જોઈએ. મનુષ્યની અંદર તેનો પોતાનો એક દૈવી અંશ છે. વસ્તુતઃ મન પોતે જ એક દેવ છે, જે સૌ માણસોમાં પ્રતિષ્ઠિત છે. 'એકોદેવઃ સર્વભૂતેષુગૂઢઃ' આ ગૂઢ દેવને જીવનના દરેક કાર્યમાં વધુને વધુ પ્રગટ કરવો એ જ માનવજીવનનો સંદેશ કે દૈવી કાર્ય છે. અન્ન-કામવાસના પ્રતિ જેટલી સંતુલિત અવસ્થા પ્રાપ્ત

કરવા આવશ્યક છે, એટલું જ આવશ્યક આ કાર્યને પરિપૂર્ણ કરવાનું છે. બંનેના સમન્વય વિના સંતુલિત માનવનો આવિર્ભાવ નહીં થઈ શકે. જ્યાં સુધી મર્ત્યને અમૃત લોકોને એકરૂપ કરી વિકાસ સાધવામાં નહીં આવે, ત્યાં સુધી માનવ અતૃપ્ત-અપૂર્ણ જ રહેશે. પોતાના જીવન દરમિયાન તેણે કરવા ધારેલાં કાર્યો અધૂરાં જ રહેશે.

મનુષ્ય એટલે શું? મનુષ્ય આખરે છે કોણ?
પૃથ્વી, તેજ, વાયુ, આકાશ કે પાણીનું પૂતળું છે?
પાંચ તત્ત્વો અકસ્માત કમળથી ગોઠવાઈ જતાં
કાંઈ મનુષ્ય નથી બનતો.

રાસાયણિક પ્રયોગથી પણ તત્ત્વો એકઠાં થઈ જાય, તો તેથી મનુષ્યનું પૂતળું ઊભું થાય એ અંતિમ સત્ય નથી. માન+વ: બનવું એ મહાસત્તાની એક વિશેષતા છે. પુત્રૈષણા એ આ માનવનું ચિહ્ન છે. પ્રકૃતિના વિરાટ સંવિધાનમાં મનુષ્યનું સ્થાન અત્યંત મહત્ત્વપૂર્ણ છે. તે અન્ન દ્વારા પોતાના દેહનું પોષણ કરે છે, પ્રજનન દ્વારા સૃષ્ટિના ક્રમને ચાલુ રાખે છે. આહાર-મૈથુન જેની વિશિષ્ટતા છે, તે મનુષ્ય વાસ્તવિક છે. પશુસ્વરૂપના પરિવર્તન દ્વારા માનવનું દેવ બનવું એનું નામ જ આધ્યાત્મિક પ્રગતિ. પ્રાચીનકાળમાં એને 'યજ્ઞ' કહેતા.

વિશ્વાત્મા માટે વ્યક્તિત્વ કે આત્માના સમર્પણ વિના વિશ્વમાનવનો જન્મ અસંભવિત છે. આજે શક્તિની સાથે ત્યાગના મંત્રની આવશ્યકતા સમજવા લાગી છે. ગૃહસ્થાશ્રમના સંયમની સાથે વાનપ્રસ્થ અને સંન્યાસના અપરિગ્રહ ધર્મની આવશ્યકતા છે. મનુષ્યમાં રહેલ પશુભાગ સાથે એક દૈવી અંશ રહે છે. એ તેનો મનોમય કે વિજ્ઞાનમય ભાગ છે. આ ભાગ સ્થૂળ શરીરની સરખામણીમાં ઓછો સત્ય કે ઓછો વાસ્તવિક નથી. ભારતીય પરિભાષામાં કહેવું હોય તો મનુષ્યમાં મર્ત્ય અને અમૃતનો સંયોગ થયો છે. શરીર એ મર્ત્ય છે, મન એ અમૃત છે. મર્ત્ય ભાગ તેને પાર્થિવ જગત સાથે બાંધી રાખે છે. અન્ન અને પ્રાણવાયુ મર્ત્યભાગની પ્રતિષ્ઠા છે. લૌકિક સ્થિતિ માટે બંને અનિવાર્ય છે. આ મર્ત્ય માનવની પરિપૂર્ણ સાધના વગર પૃથ્વીનું ઋણ ઉતરશે નહિ. સહજ વાસનાઓ ફરી ફરીને મનુષ્યની અંદર રહેલા પેલા પશુભાગને પોતાના તાબે કરે છે. વાસ્તવિકતા અનુસાર વ્યવહારમાં પ્રવૃત્ત થતી કોઈ વ્યક્તિ આ માનવના આ સ્વરૂપનું નિરાકરણ કરવાની વાત ઉપર વિચાર નહિ કરી શકતી.

ॐ

અંદરથી બહાર લાગવું એ માનવની નિજપ્રવૃત્તિ છે. એ પ્રવૃત્તિ સુખ-દુઃખથી સમન્વિત છે, અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિ સુખ-દુઃખનો હેતુ છે. સુખ અને દુઃખથી ઉપર આનંદની અવસ્થા છે. માનવ બાહ્યજગતમાં ઉચ્ચ સ્થિતિએ પહોંચવા છતાં સંતુષ્ટ નહિ હતો, તેનું કારણ એ બાહ્યતૃપ્તિ ચાહતો નહિ. આત્મતૃપ્તિ, આત્મસંતુષ્ટિ ચાહે છે, તે તેને બહારની વસ્તુઓમાં મળતી નહિ. મનુષ્ય જ્યારે બહારથી હટી અંદરની બાજુ ચાલે છે, ત્યારે તેને તૃપ્તિનો અનુભવ થવા લાગે છે. એક કવિ, કલાકાર કે સંગીતકાર પોતાની કલાને જન્મ આપીને જેટલી તૃપ્તિ પામે છે, તેટલી એક સામ્રાજ્યનો સમ્રાટ પામતો નહિ.

એક દાર્શનિક પોતાના મનન, ચિંતન અને નિદિધ્યાસનમાં તેથી પણ અધિક તૃપ્તિ પામે છે.

## સહાનુભૂતિ

સોનું, રૂપું, હીરા, મોતી બહુમૂલ્ય છે, પરન્તુ મનુષ્યના હૃદયમાં રહેવાવાળી દૈવી સહાનુભૂતિ રૂપિયા-પૈસાની અપેક્ષાએ ઘણા મહાન તથા પ્રભાવોત્પાદક છે, માનસિક રોગોની અમોઘ ઔષધિ છે. સહાનુભૂતિ દેવા-લેવાવાળા ઉભયને લાભ પહોંચાડી ગુપ્ત દુઃખો, દલિત ઇચ્છાઓ

અને માનસિક જટિલતાઓનો તરત અંત લાવનારો છે.

ચિન્તા સમાન કોઈ અગ્નિ, દ્વેષ સમ કોઈ વિષ,
ક્રોધ સમાન કોઈ શૂલ અને લોભ સમાન કોઈ જાલ નહિ.

જો મનુષ્ય પોતાના હૃદયની વ્યથાને બીજા સમક્ષ પ્રગટ કરી દે અને થોડી પણ સહાનુભૂતિ પ્રાપ્ત કરી લે, તો તેથી તેને માનસિક શાંતિ મળે છે, કુચિંતનની શૃંખલા તૂટી જાય છે અને વ્યાધિઓ દૂર થઈ જાય છે.

ડૉ. ફ્રોઈડ મનુષ્યના મૌલિક સ્વભાવને સ્વાર્થ અને પાશવ માને છે. ડૉ. હેમરસ્લેન તેને દૈવ માને છે, તેથી તે રોગીને સાથે સહાનુભૂતિ સહેલાઈથી સ્થાપિત કરી શકે છે. રોગીના અંતર્મનમાં દ્વન્દ્વ હોવાના કારણે જ રોગોની ઉપસ્થિતિ થાય છે, જ્યારે તે અંતર્દ્વન્દ્વતાનો અંત આવી છે. ત્યારે રોગનો પણ અંત આવી છે.

ચિકિત્સક જ્યારે રોગીની છુપી ભાવનાઓ પ્રત્યે સહાનુભૂતિ બતાવે છે, ત્યારે તે ધીરે ધીરે આપોઆપ બહાર આવવા લાગે છે, તેના ચેતન-અચેતન મનમાં એકતા સ્થાપિત થવાનું કામ સરળ બને છે. ચિકિત્સકની સમક્ષ પોતાના ગુપ્તભાવ પ્રકાશિત કરવાથી, સહાનુભૂતિ પ્રાપ્ત કરવાથી રોગ નિવારણ થઈ જાય છે. ખરેખર!

સહાનુભૂતિ એક દૈવી લક્ષણ છે અને માનસિક રોગોની અમોઘ ઔષધિ છે. ઉદારતાથી સહાનુભૂતિનો પ્રયોગ કરો. વ્યથિત-પીડિત માનવતાના દુઃખો-દર્દને કમ કરતા રહો. મહાન પુરુષોની પાસે પૈસા નહિ હોતા, પરંતુ દયા અને સાથે સહાનુભૂતિથી ભરપુર તેમનું હૃદય એ કુબેર ભંડારના ખજાના કરતાં પણ વધુ કીંમતી છે.

## ઈશ્વરનું દર્શન કોણ કરી શકશે?

જેઓની પાસે સહાનુભૂતિપૂર્ણ સંવેદનશીલ હૃદય છે, જેના હૃદયમાં દયા, પ્રેમ અને સહાનુભૂતિ છે, તેને આખું જગત મિત્ર છે. જીવનની જે ક્ષણો વ્યતીત થઈ રહી છે, તેને પ્રેમમય, સુંદર, બધાઓ પ્રત્યેના સહાનુભૂતિપૂર્ણ મધુર વિચારોથી ભરી દો. દુઃખો અને ત્રસ્ત વ્યક્તિઓને આપવા માટે તમારા પાસે રૂપીયા ન હોય તો વાંધો નહિ, છેવટે સહાનુભૂતિ ભરેલાં બે મધુર શબ્દોનું દાન કરો.

## પાપનિવૃત્તિ

પાપનિવૃત્તિનો કોઈપણ સરળ ઉપાય હોઈ શકતો નહિ. પ્રત્યેક ઉપાય પ્રયત્ન-સાધ્ય અને સમય સાપેક્ષ હોય છે. પ્રારંભમાંથી જ બ્રહ્મનું ધ્યાન સાધકને માટે કઠિન બને છે અને કોઈ ઉચ્ચ-પરમ પવિત્ર શક્તિનું ધ્યાન કર્યા વિના પાપમોચન થઈ શકતું નહિ.

સર્વ પાપનાશક અને સર્વ ઇષ્ટસાધક પુનિત શક્તિ પરમાત્મપદ છે. તેના અનવરત ચિન્તનથી મુમુક્ષુઓના અંતસ્તલમાં પ્રસુપ્ત પાપસંસ્કાર અને પ્રકટ પાપપુંજ થોડા જ સમયમાં ઉપશમિત થઈ જાય છે. રોજ કહો: 'પ્રભો! હું તમારી પાસેથી કાંઈ પણ ચાહતો નથી. મારું સર્વ કાંઈ તમોને અર્પિત કરવાને તૈયાર છું-ચાહું છું.'

વિજ્ઞાનથી લૌકિક સુવિધાઓ જેટલી વધી છે, તેટલો આંતરિક સંતાપ-રાગ-દ્વેષ-કામના-વાસના ઘણા મોટા પ્રમાણમાં વધી ગયા છે.

## કામ અને ભક્તિ

આનંદ નથી સતના પ્રસારમાં, પ્રકૃતિના પ્રપંચમાં અથવા નથી ચિત્, જીવના જ્ઞાનપ્રયત્નમાં. તે સત અને ચિત બંનેથી પૃથક આનંદરૂપ પરમેશ્વરમાં જ છે. આનંદનું સ્થાન નથી શરીર-પ્રાણ-ઇંદ્રિય-મન કે બુદ્ધિ. કામના મૂળરૂપનું સ્થાન એમાંથી કોઈ નથી. જ્વાળાથી બચવા છાયા, જલાશય શીતલ સ્થાન જોઈએ. દુઃખથી ત્રાણ પામવા આનંદનું નિકેતન જોઈએ. તે સચ્ચિદાનંદ પરમાત્મા છે. સત અને ચિત બંનેનું વિશ્રામસ્થલ પણ તે જ છે. સમસ્ત સંસાર ધોખો આપે, પણ પરમાત્મા કદી ન ધોખો

દેતા નથી. દુઃખથી બચવાનું સાધન, દ્વન્દ્વસિન્ધુથી તરવાનું આલંબન, સાધનોનું સાધન, અવલંબનોનું અવલંબન, આશ્રયોનો આશ્રય એક માત્ર આનંદસ્વરૂપ ઈશ્વર છે. એની સાથે રહેવું, એના ગુણ ગાવા, એને છોડીને બીજે ક્યાંય ન જવું, એમાં જ તલ્લીન-મગ્ન બનવું એ આનંદ છે. એ ભક્તિમાર્ગ છે. જ્ઞાનમાર્ગ-કર્મમાર્ગ બંનેથી એનું સ્થાન ઉચ્ચ છે. ભક્તિમાર્ગ પ્રેમનો માર્ગ છે. પ્રેમ એ કામનું ઊર્ધ્વસ્થિત રૂપ છે. કામ આ સ્થિતિમાં પહોંચીને જ મૂળરૂપની સાથે સંબદ્ધ થઈ જાય છે. આ માર્ગમાં કામની નિમ્નતા, પ્રવૃત્તિઓનો નિરોધ અને વાસ્તવિક સ્વરૂપનો વિકાસ થાય છે. ભક્તને ભગવાન છોડીને બીજું કાંઈ જોઈએ નહિ.

૦ મચ્છરને મારવા કરતાં મનને મારવામાં વધારે વીરત્વ જોઈએ છે. જિતેન્દ્ર કરતાં જિતેન્દ્રિય ઊંચો છે. ઇંદ્રને જીતનારા કરતાં ઇંદ્રિયોને જીતનારો શ્રેષ્ઠ છે.

૦ વૈદ્યોનો વિશ્વાસ છે કે વાત-પિત્ત-કફ એ ત્રણ ધાતુના આધારે માનવશરીરની અંદરનો વ્યવહાર ચાલે છે. એ ત્રણે ધાતુઓ સ્વાભાવિક સ્થિતિમાં રહે, ત્યાં સુધી શરીરની બધી જ ક્રિયા સમતુલ થયા કરે છે. વાત શરીર

અવહાર ચલાવે; પિત્ત પાચનક્રિયામાં મદદરૂપ બને અને કફ સંધાનોના ફરૂહ એટલે સાંધાઓ જ્યાં જ્યાં હોય, ત્યાં રહીને ક્રિયાઓ કરે છે. આ વાત-પિત્ત અને કફ જ્યારે પોતપોતાની મર્યાદામાં રહીને કાર્ય કરે છે, ત્યારે ત્રિધાતુઓ ઓળખવામાં આવે છે પણ જ્યારે તે વિકૃત થાય છે, ત્યારે ત્રણે ધાતુઓને દોષરૂપ માનવામાં આવે છે અને એથી એને 'ત્રિદોષ' કહેવામાં આવે છે.

ત્રિધાતુ વાત-પિત્ત-કફ ભૌતિક રીતે પ્રવાહી અને વાયુ પદાર્થ ગણી શકાય. કફ અર્ધ નક્કર, પિત્ત પ્રવાહી અને વાત પ્રવાહીમાંના વાયુસ્વરૂપે છે. વાત અને પિત્તમાં અગ્નિ અને આકાશ તત્ત્વો મુખ્ય છે. પાણીનો બરફ બને ત્યારે તે નક્કર અને વરાળ થાય ત્યારે તે પ્રવાહી કે વાયુસ્વરૂપ પકડે. પિત્ત તો પ્રવાહી જ રહે છે. કફ અર્ધપ્રવાહી છતાં નક્કર બનવાનો તેનો સ્વભાવ છે. વાતનો સ્વભાવ વરાળ બનવાને લાયક છે. પ્રવાહી એટલે જે ફેલાય કે વહે, એ રીતે હવા પણ પ્રવાહી ગણાય. મનુષ્યના શરીરમાંનો વાયુ પણ અમુક પ્રકારનો પ્રવાહી પદાર્થ છે. વિજ્ઞાનનાં સાધનો અને ઓજારો હજુ કેટલાક પદાર્થોનું રહસ્ય પ્રગટ કરી શક્યા નથી. યોગીઓ યોગબળે બધું

જાણી શકતા હતા. વાયુને પોતાના કાબૂમાં લઈ પ્રાણાયામ અને યોગક્રિયાઓ વડે દિવ્યદૃષ્ટિ મેળવી શરીરની અંદરના તમામ પદાર્થો અને તેનું કાર્ય જાણી લેતા હતા.

## આયુર્વેદનો પાયો: વાત-પિત્ત-કફ

રોગનિદાન અને રોગ નિશ્ચયની દૃષ્ટિએ વાત-પિત્ત-કફ કોપે છે, ત્યારે નુકસાન કરે અને તેમાંથી મળ નિપજે છે. વાયુનો મળ સોજા વગેરે, પિત્તનો મળ ઓડકાર-ઉબકા વગેરે અને કફનો મળ બળખા-લીંટ-શ્લેષ્મ વગેરે ઉપજાવે છે. આવી રીતે શરીરની ૭ ધાતુના અમુક અમુક ખાસ મળો છે.

તે બધા પ્રસાદ હાલતમાં તંદુરસ્તી જાળવે
અને વિકૃત હાલતમાં મંદવાડ લાવે છે.

કફદોષ એટલે ક્લેદ અને વાતદોષ એટલે નાડીતંત્રની અવ્યવસ્થા. પિત્તના અનેક દોષો અને ઉપદ્રવો અનુભવે જ સમજાય. મગજના રોગો વાતજન્ય, પેટના રોગો પિત્તજન્ય છે તથા છાતી-શ્વાસોચ્છ્વાસના દર્દો કફજન્ય છે. તેથી કફ હોય ત્યાં તાવ હોય જ. એકથી વધુ કે ત્રણે દોષ હોય, ત્યારે સન્નિપાત થાય. આ ત્રણ મુખ્ય દોષોના ૬૩ પેટા દોષો છે. પ્રાથમિક દોષ કયો અને તે પછીની વિક્રિયા કઈ, તે અનુભવથી આપણે જાણી લેવા જોઈએ.

જીવનરસાયણ વિદ્યા - Biochemistry ત્રિધાતુને Plasma અને Protoplasma તરીકે શરીરના કોષોનાં પોષક તત્વો ગણાવે છે. કફનું મૂળ સ્થાન છે આમાશય, સ્વભાવ મધુર વિપાકનો તથા તેનું પ્રાથમિક મૂળ માનવની ટોન્સીલના ઉપલા ભાગમાં છે. પિત્તનું સ્થાન ટોન્સીલના નીચલા ભાગમાં છે, સ્વભાવ આમ્લવિપાકનો છે. વાયુનું સ્થાન પક્વાશય એટલે આંતરડામાં છે, સ્વભાવ કટુ વિપાક છે. ઇંદ્રિય વિજ્ઞાન Physiologically રીતે વાત-પિત્ત-કફ દરેક દ્રવ્યો છે, કેમકે તે રૂધિરાભિસરણ સંચાલક અને તરલ શરીરઆધાર ચલાવે છે.

આધ્યાત્મિક રીતે સૃષ્ટિમાં ત્રિગુણાત ધાતુનો ઉપદ્રવ છે.

ત્રિગુણ માનસિક હાલત છે.

ફીકર-ચિંતામાંથી વાત, ગુસ્સામાંથી પિત્ત
અને હર્ષમાંથી કફ ઉદ્ભવે છે.

સત્વ, રજ અને તમનો મન
અને ઇંદ્રિયો ઉપર પ્રભાવ છે.

તંદુરસ્ત વાત ઉત્સાહ પ્રેરે છે.
તંદુરસ્ત પિત્ત બુદ્ધિ અને આહારશક્તિને પ્રેરે છે.
તંદુરસ્ત કફ શક્તિ અને સ્થિરતાને પૂરે છે.

ॐ

## ધ્વન્યાત્મક શબ્દોની અસર

કોકિલ-કિર-કલ હંસ ધ્વનિ, કામિની કંગણરણ-નુપૂર-કંકણાદિ ધ્વનિ, વીણા-વેણુ-મૃદંગાદિ વાજિંત્રનો ધ્વનિ, મોરલીનાદ વડે સર્પ અને વીણાનાદ વડે હરિણનું આકર્ષણ વગેરે ધ્વન્યાત્મક શબ્દોની અસરના દૃષ્ટાંતો છે.

## વર્ણાત્મક શબ્દોની શક્તિ

વર્ણાત્મક શબ્દોની અસર તો સૌથી વિશિષ્ટ હોય છે.
ધર્મ-અર્થ-કામ-મોક્ષ પુરુષાર્થની સિદ્ધિ
વર્ણાત્મક શબ્દના ઉપદેશ વડે જ થાય છે.

## મંત્ર એટલે શું?

'અન્યોન્ય અક્ષરોના મેળવણ કે જે વડે એવો શબ્દ થાય કે જેનો ઉદ્દેશ કોઈ શક્તિવિશેષના પ્રાદુર્ભાવનો હોય.'

મહાન પુરુષોના વાક્યોમાં એક અપૂર્વ પ્રકારની શક્તિ હોય છે. કોઈ ખાસ ઉદ્દેશથી બનાવેલ પ્રકારના અક્ષરોના મિલાનમાં જે શક્તિ હોય, તેની તો કલ્પના જ કેમ થઈ શકે? મહાન પછી, વાક્યો અને મંત્રોનાં રચનારાઓ જેટલા સંયમ-સાત્ત્વિકતાના પાલક હોય છે, તેટલી અધિક શક્તિ મંત્રમાં આવે છે. કદી કોઈ મંત્રો યોગસાધના માટેના, તો કોઈ મંત્રો રોગની શાંતિ માટેના હોય છે.

ॐ

કોઈ લક્ષ્મી પ્રાપ્તિ, કોઈ શત્રુનાશ, કોઈ વિદ્યાસિદ્ધિ, તો કોઈ મંત્રો કામણ કે વશીકરણ માટે હોય છે. મંત્રજાપ કરતાં ફળ ન મળે કે વિલંબે મળે, ત્યારે પોતાની ભૂલ કબુલ નહિ કરતાં મંત્રને દૂષિત ઠરાવવો તે ચોર કોટવાળને દંડે તેવો ન્યાય છે.

જેટલા અક્ષર છે, તે બધા શક્તિશાળી છે. તેના સંયોજનથી અનેક પ્રકારની અસર પેદા થાય છે. સારા શબ્દથી કોઈને બોલાવવાથી તે રાજી, પરન્તુ તેને ખરાબ શબ્દથી બોલાવવાથી નારાજ થાય છે. એ શું શબ્દશક્તિની અસર નહિ? શબ્દોમાં જીવને અસર કરવાની અપૂર્વશક્તિ છે જ. જેટલી વનસ્પતિઓ છે, તેમાં પણ અદ્ભૂત શક્તિ છે.

પૃથ્વી નિર્ધન નહિ, રુડવણી રત્નોની ખાણ છે.

માત્ર તેના જાણકારો દુર્લભ છે.

## મંત્ર વિદ્યા

મંત્રવિદ્યા સત્ય ન હોય તો મહાન વિરક્ત જૈનાચાર્ય વજ્રસ્વામી, વાદીદેવસૂરિ, હેમચંદ્રાચાર્ય જેવા મહાપુરૂષો તેના પ્રત્યે આકર્ષાયા ન હોત અને તેના પ્રત્યે લક્ષ આપ્યું ન હોત. મંત્રાક્ષરોમાં અપૂર્વશક્તિ અવશ્ય છે, પણ તે જાણવા કે સમજવા માટે જેટલું જોઈએ તેટલું ધ્યાન

ઉગાડવામાં આવતું નથી. દરેક મંત્રના એક એક અક્ષરમાં અત્યંત શક્તિ છુપાયેલી છે. મંત્રશાસ્ત્રમાં વૈજ્ઞાનિક રહસ્ય રહેલું છે. વર્ણમાળા કે મૂળાક્ષર કેવળ ઔપચારિક નથી. મંત્રશક્તિની સાથે તેનો ગાઢ સંબંધ છે. વર્ણમાળામાંનો પ્રત્યેક અક્ષર મનુષ્યના શરીર પર વર્ણોચ્ચાર મુજબ વિશિષ્ટ પ્રભાવ નાંખે છે. વર્ણમાળાનો પ્રત્યેક વિભાગ પૃથ્વી-જળ-તેજ-વાયુ અને આકાશનું અનુસરણ કરે છે.

બિંદુ સહિત 'ર' અક્ષરનું ઉચ્ચારણ ૧૦૦૦ વાર થાય તો ૧ ડીગ્રી ઉષ્ણતા વધે છે. 'વ' અક્ષર અનુનાસિક સહિત ઉચ્ચારણ થાય તો શરદી મટી જાય છે. અનુનાસિક સહિત 'મ'નું ઉચ્ચારણ થાય તો લીવરના રોગ મટી જાય છે.

ટં ટઃ ઠં ઠઃ એ બે અક્ષરોનો જાપ
ક્ષારક્ષાર દ્વારા દરેક જાપ કરે છે.

'ૐ હ્રીં શ્રીં સરસ્વત્યૈ નમઃ।'

આ મંત્રના ઉચ્ચારણથી બુદ્ધિ તીવ્ર થાય છે.

'ૐ ગં ગણપતયે નમઃ।' એ મંત્ર બોલવાથી ઐશ્વર્ય વધે, હીસ્ટીરીયા, મૂર્છા, ભૂત-પ્રેત આદિ દૂર થાય છે.

એક ભાષામાંથી બીજી ભાષામાં અનુવાદ કરવાથી અર્થ શિથિલ થઈ જાય છે. મૂળ શબ્દમાં જે ગૌરવ રહેલ છે, તે

ભાષાંતરમાં આવતું નથી. અર્થ સમજો, હેતુ સમજો, ઉપયોગ સમજો, તો આનંદ આવશે. મૂળ સૂત્ર બીજી ભાષામાં બદલી નાંખવાથી કાંઈ અર્થ સરવાનો નથી.

## સાધક પુરુષની યોગ્યતા

(૧) પંચેન્દ્રિયપૂર્ણતા તથા સામર્થ્યવાન ઇંદ્રિયવિકલતા અને બલહીનતા મંત્રશાસ્ત્રની સાધના માટે વિરોધી છે.

(૨) અલ્પાહાર: અધિક આહારથી પ્રમાદ, રોગ, અજીર્ણ, આલસ્ય, કાર્ય કરવાની અશક્તિ તથા એક આસન ઉપર આદિથી અંત સુધી બેસવાનું અસામર્થ્ય આવે છે.

(૩) સાત્ત્વિક આહાર: ઘઉં-ચોખા-દૂધ-ભાત સર્વશ્રેષ્ઠ છે.

(૪) બ્રહ્મચર્ય (૫) નિયમિતતા આવશ્યક છે.

(૬) સાધક પુરુષ નિર્લોભી, નિર્મોહી, નિર્માયી, નિષ્ક્રોધી, નિષ્કામી, નિરાભિમાની હોવો જોઈએ.

(૭) ત્રણ કરણ ઉપર પ્રભુત્વ (૮) નિર્વ્યસનીતા જરૂરી.

(૯) મન-વચન-કાયાથી સાધક પુરુષ કોઈનું બૂરું ન ચાહે.

(૧૦) વ્રતધારી (૧૧) શ્રદ્ધાપૂર્ણ (૧૨) વિધિનો આદરકર્તા

(૧૩) શુભ માસ, શુભદિન, શુક્લપક્ષ, શુભચંદ્રનો યોગ હોય ત્યારે સાધક પુરુષ મંત્રારાધન કરે.

(૧૪) અકડમ ચક્રથી સંબંધનો નિર્ણય કરે.

(૧૫) સાધક પુરુષ સ્થાન, વસ્ત્ર, માળા, દિશાની શુદ્ધિ કરે.
(૧૬) દરેક મંત્રોમાં આસન, ધ્યાન, માળા, વસ્ત્ર આદિ જુદા જુદા હોય છે, એને પણ તપાસે.
(૧૭) સાધક પુરુષ ભૂમિશયન કરે.
(૧૮) સાધક પુરુષ મિથ્યા ભાષણ, કટુ વચનનો ત્યાગ કરે.
(૧૯) સાધક પરોપકાર દૃષ્ટિ કરે સ્વાર્થ દૃષ્ટિ નહિ.

## મંત્રના આઠ પ્રકાર
## 'નવકારમંત્ર' હેતુ અને ઉપાય

(૧) શાંતિમંત્ર તરીકે નવકાર ગણવાથી પાપની શાંતિ થાય.
(૨) પૌષ્ટિકમંત્ર તરીકે નવકાર ગણવાથી પુણ્યપ્રાપ્તિ થાય.
(૩) આકર્ષણમંત્ર તરીકે નવકાર ગણવાથી સ્વર્ગ-અપવર્ગ સમીપ આવે.
(૪) વશીકરણમંત્ર તરીકે નવકાર ગણવાથી મોક્ષ સમીપ આવે.
(૫) સ્તંભનમંત્ર તરીકે નવકાર ગણવાથી દુર્ગતિ દૂર રહે.
(૬) મોહન-વિદ્વેષણમંત્ર તરીકે નવકાર ગણવાથી મોહનું નિરસન થાય.
(૭) ઉચ્ચાટનમંત્ર તરીકે નવકાર ગણવાથી કર્મનિર્મૂલ બને.
(૮) મારણમંત્ર તરીકે નવકાર ગણવાથી મરણનું જ મારણ થઈ અક્ષયપદ મળે.

જેનો ઉચિત કે ગ્રહણ યોગ્ય ઉપાય ન દર્શાવાયો અને
ચારે બાજુના લક્ષ્ય સાથે સાંકળી ચીંધાયો, તે કદાચ
થોડી વ્યક્તિઓ માટે બાલકારક નિવડે, બધા માટે નહિ.

૦ શાસનની બંધારણીય અવસ્થાનો પ્રેમ Cosmic viewpoint - બ્રહ્માંડીય દૃષ્ટિબિન્દુથી લેવો જોઈએ.

૦ અંગ્રેજ શબ્દો અને ઉપમાઓ પ્રત્યે સુગ દર્શાવાને તથા તેના ઉપયોગથી 'ધામ ધામ બધા જ ખ્રિસ્તી ધર્મ પ્રત્યે વળી જશે,' આવો ભય રાખીને કેટલાક વ્યક્તિઓ ભલે આરાધનાના માર્ગે ચાલવાનો પ્રયત્ન કરે, પરંતુ બધા જિજ્ઞાસુઓ માટે એ શક્ય નહિ. આ માર્ગે કદાચ જેઓ સાચા જિજ્ઞાસુ છે, જેમને ધર્મ જાણવાની ખરેખર રુચિ છે, તેમની પ્રત્યે પણ ઉપદેશોનો લાભ ફેલાઈ જશે.

૦ મારી હેતુ જ્યાં-જ્યાં જે સારું છે,
તે સ્યાદ્વાદદૃષ્ટિથી ગ્રહણ કરીને એવી રીતે રજુ કરવું,
કે જેથી આ જિનેશ્વરદેવના શાસન પ્રત્યે
જેને રાગ નથી, તેને થાય તથા જેમને છે, તે દૃઢતમ થાય.
જેને દ્વેષ છે, તેમનો દ્વેષ મટે.
સંસારના ક્લેશથી સંતપ્ત છે, તેઓ આ માર્ગનું શરણ લે
અને સાધના દ્વારા શાંતિ પામે.

o ધ્યાન એ નવા વિચારો મેળવવા માટે નહિ,
કિન્તુ વિચારશક્તિ કેળવવા માટે છે.

o સાચો ખેલાડી હાર-જીતને ગૌણ માને છે અને 'રમતની ખાતર રમત' એ સિદ્ધાંત સ્વીકારી, રમતની એકેએક ચાલમાં રસ લે છે. જીવનનું દરેક કાર્ય આમ રમતની રીતે કરાવું જોઈએ. જીત મેળવવાની દાનત રમતનો આનંદ હરી લે છે. રમતનું સાચું ફળ હાર-જીત નહિ, પરંતુ આનંદ કરવાની વધુ શક્તિ પેદા થાય તેવું શરીર ખીલે તે છે. જીવનનું પણ સાચું ફળ આનંદઘન આત્મા વિકસિત થાય એ જ છે. તત્વજ્ઞાનીઓની ભાષામાં વિશ્વ એક મહાન લીલા છે; જીવ એનો ખેલાડી છે. જીવની રમતગમત જેટલી સ્વાર્થરહિત હશે, તેટલી જ તે માણી શકાશે.

o જગત નસીબથી નહિ, નિયમથી ચાલે છે.

o મુખ ઉપરથી ડહાપણ-નેત્ર ઉપરથી આત્મરસ જોવાય છે.

o એવા માણસોમાં સેતાનનો જરૂર વાસ છે,
કે જે પોતાના
મિત્રોની ભૂલો જોઈ શકતો હોય, પોતાની નહિ.

o માગ્યા વગર માનું પણ મળે.

o વિદ્યા એ ગુરુનો પણ ગુરુ છે.

o આ નવકારના જાપથી પાપની શાંતિ, પુણ્યની પુષ્ટિ,
સ્વર્ગનું આકર્ષણ, મોક્ષનું વશીકરણ,
દુર્ગતિનું સ્થંભન, મોહરૂપી દાવાનળનું મર્દન,
કર્મરૂપી વનનું ઉચ્ચાટન તથા મરણનું મારણ થાય છે.

o યોગનાં પગથિયાં: પ્રણિધાન, પ્રવૃત્તિ, સિદ્ધિ, વિનિયોગ.

## ૪ વિચારકણિકાઓ

(૧) 'સત્દ્રવ્ય'નો અર્થ જો આપણે સદા કરીએ કે જગતની સર્વ ઘટનાઓનાં મૂળમાં 'સત્' છે, તો તે દૃષ્ટિએ 'સત્' એક છે, સદા વેદાંત મત બરોબર આવો છે.

(૨) બધા જ શબ્દો વિચારને વ્યક્ત કરવાનાં સાધનો છે, પણ બધા જ વિચારો શબ્દ દ્વારા વ્યક્ત કરી શકાતા નથી.

(૩) સ્યાદ્વાદ દૃષ્ટિઓને સાપેક્ષ-દૃષ્ટિ સ્યાદ્વાદને સાપેક્ષ છે. પ્રત્યેક દૃષ્ટિની સાપેક્ષતા કે અવલંબન વિના વ્યવહાર પણ સિદ્ધ થઈ શકે નહિ. સ્યાદ્વાદની સાપેક્ષતા વિના વસ્તુતત્ત્વનો યથાર્થ નિર્ધાર થઈ શકે નહિ. નય પ્રવૃત્તિમાં પ્રેરક છે, સ્યાદ્વાદ ભ્રાન્તિનો નિવારક છે.

(૪) સદૃશ પરિણામથી એક જ વસ્તુની તેને સજાતીય સકલ વ્યક્તિઓમાં અનુવૃત્તિ થાય છે, અનુગત વ્યવહાર થાય છે, અભેદ સિદ્ધ થાય છે અને અભેદ નિર્ણીત થાય છે.

ह्रीँ

વિસદૃશ પરિણામથી તે વસ્તુની સકલ સજાતીય અને વિજાતીયોથી વ્યાવૃત્તિ, ભેદ નિર્ણીત થાય છે. એમ જ ઘટ સ્વરૂપ સર્વ સાધારણ ધર્મના યોગે વસ્તુમાત્રની સાથે અનુવૃત્ત છે, અભિન્ન છે, એ જ ઘટ તદ્વ્યક્તિત્વરૂપ સ્વગત અનન્ય છે.

: ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના વચનામૃતો :

- o પરિણતિ શુદ્ધ રાખવી.
- o ધર્મોદ્યમ વિશેષથી કરવો.
- o ધર્મકાર્યે કરનાર સુખે પ્રવર્તે છે.
- o ધર્મસ્નેહ વૃદ્ધિવંત રાખવો.
- o ધર્મ કર્મ સુખે નિવર્તે છે.
- o ધર્મ પરિણતિ વાધે તેમ કરવો.
- o એમ શ્રદ્ધાવંતને ધર્મકુટુંબ કરી જાણવો.
- o ધર્મોદ્યમના સમાચાર લખાવાને પરમ સંતોષ ઉપજાવવો.

પરમેષ્ઠિ પંચકમાં ૧૦૮ની સંખ્યા

આ સંખ્યાને પ્રાચીનકાળથી પવિત્ર કે અદ્ભુત રહસ્યવાળી માનવામાં આવે છે. ખાસ કરીને ૧૦૮ વાર જપાયેલો મંત્ર સિદ્ધ થાય છે. ૧૦૮ વાર કરાયેલા વન્દના ઉત્કૃષ્ટ ગણાય છે. ૧૦૮ ગુણવાળા મહાપુરુષો પવિત્રતાની પૂરી લાયકાતવાળા

મનાય છે. પરમેષ્ઠિ પંચકમાં એ ૧૦૮ ગુણો અવસ્થિત છે.

'બારસગુણ અરિહંતા, સિદ્ધા અટ્ઠેવ સૂરિ છત્તીસા ।
ઉવજ્ઝાયા પણવીસા, સાહૂ સગવીસ અટ્ઠસયં ॥

(પરિશિષ્ટ-૧૯)

ૐ મિતિ એકાક્ષરં બ્રહ્મ ૐ મિતિ એકાક્ષરં ધ્યાત્વા
પ્રણવો ધનુઃ શરો હ્યાત્મા, બ્રહ્મ તલ્લક્ષ્યમુચ્યતે ।
અપ્રમત્તેન વેદ્ધવ્યમ્, શર-વત્તન્મયો ભવેત્ ॥૧॥
આત્માનમરણિં કૃત્વા, પ્રણવં ચોત્તરારણિં ।
ધ્યાનનિર્મથનાભ્યાસાત્, પાપં દહતિ પણ્ડિતઃ ॥૨॥
સ્વદેહમરણિં કૃત્વા, પ્રણવં ચોત્તરારણિમ્ ।
ધ્યાનનિર્મથનાભ્યાસાત્, દેવં પશ્યેન્નિગૂઢવત્ ॥૩॥
અદૃષ્ટવિગ્રહો દેવો, ભાવગ્રાહ્યો મનોમયઃ ।
તસ્યોંકારઃ સ્મૃતો નામ, તેનાહૂતઃ પ્રસીદતિ ॥૪॥
ૐ મિતિ એકાક્ષરં પરમ્ યો યદિચ્છતિ તસ્ય તત્
જપશ્ચ પ્રણવ નિત્યમ્, બ્રહ્મવિષ્ણુશિવાત્મકમ્ ।
કોટિસૂર્યસમં તેજો, ધ્યાયેદાત્માનિ નિર્મલમ્ ॥૫॥

(પરિશિષ્ટ-૨૦)

Act well your part and there all the honour lies.

## નમસ્કાર

'નમઃ' એ નૈપાતિક પદ છે.

તે દ્રવ્ય તથા ભાવ નમસ્કારના અર્થમાં વપરાયેલું છે.
બે હાથ જોડવા, મસ્તક નમાવવું, ઘૂંટણભેર પગે લાગવું,
ભૂમિનો મસ્તક વડે સ્પર્શ કરવો વગેરે દ્રવ્ય નમસ્કાર છે.
મનની વિશુદ્ધિ કરવા, મનમાંથી અશુભ વિચારો અને
અશુભ ભાવનાઓને દૂર કરવા તથા જેને નમસ્કાર
કરવાનો છે, તેમના પ્રત્યે સન્માનની ભાવના રાખવા,
શ્રદ્ધા ધરાવવા, ભક્તિ કરવી તે ભાવ નમસ્કાર છે.

## ૪ મંગલ

દ્રવ્ય અને ભાવ તથા લૌકિક અને લોકોત્તર મંગલ છે.

દ્રવ્ય મંગલ = બાહ્યદૃષ્ટિએ મંગલ - દહીં, દુર્વા અને અક્ષત.

ભાવ મંગલ = આંતરિક દૃષ્ટિએ મંગલરૂપ ગણાતી વસ્તુઓ, જેમકે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર.

લૌકિક મંગલ = સ્વસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત, વર્ધમાનક, ભદ્રાસન, કલશ, મીનયુગલ અને દર્પણ.

(શ્રીવત્સ = આકૃતિ વિશેષ, નંદ્યાવર્ત = સ્વસ્તિક વિશેષ.
વર્ધમાનક = શરાવ સંપુટ, ભદ્રાસન = આસન વિશેષ.)

લોકોત્તર મંગલ = અરિહંત, સિદ્ધ, સાધુ, કેવલિ પ્રરૂપિત ધર્મ.

આ અષ્ટ આદિ મંગલોનો સંક્ષેપ કરતાં છેવટે ધર્મને જ એક ઉત્કૃષ્ટ કે લોકોત્તર મંગલ ગણવામાં આવ્યું છે. પ્રધાન એટલે ઉત્કૃષ્ટ વસ્તુઓની ગણનામાં શ્રેષ્ઠ, સર્વોત્તમ. ચત્તારિ મંગલં - ધમ્મો મંગલં પાઠો શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે.

## પરમેષ્ઠિ

પરમેષ્ઠિપદની શરૂઆત ગૃહી જીવનનો ત્યાગ કરી સાધુ જીવનનો સ્વીકાર કરવાથી માંડી પૂર્ણસ્થિતિ સિદ્ધની અંતિમ અવસ્થા પામવાથી થાય છે. પરમેષ્ઠિ એટલે પરમસ્વરૂપેસ્થ, પદ એટલે સ્થાન અને તેને વિષે રહેલા પંચ પરમેષ્ઠિ.

## સ્થા૦નું પ્રણિપાત સૂત્ર

'तिक्खुत्तो आयाहिणं पयाहिणं वंदामि नमंसामि,
सक्कारेमि सम्माणेमि, कल्लाणं मंगलं
देवयं चेइयं पज्जुवासामि ।'

અર્થાત્ બે હાથ જોડીને જમણા કાનથી માંડીને
ફરી જમણા કાન સુધી ત્રણ આવર્તપૂર્વક (તે મુજબ),
આપને હું વંદુ છું, નમું છું, સત્કારું છું, સન્માનું છું:
તથા આપ કલ્યાણ અને મંગલસ્વરૂપ છો;
તથા દેવ અને ચૈત્યસ્વરૂપ છો,
તેથી આપની પર્યુપાસના કરું છું.

ॐ

## મૂર્તિપૂજક સંપ્રદાયનું પ્રણિપાત સૂત્ર

'ઇચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ
નિસીહિઆએ મત્થએણ વંદામિ !'
અર્થ: ઇચ્છું છું હે ક્ષમાશ્રમણ !

વાંદવાને યાપનીય નૈષેધિકી વડે, મસ્તક વડે વંદુ છું,
ઇચ્છામિ = ઇચ્છું છું. કોઈના દબાણ કે કોઈની શરમથી નહિ, પણ મારી મરજીથી અભિલાષા રાખું છું. ખમાસમણો = હે ક્ષમાવાન સમણ! હે ક્ષમાપ્રધાન શ્રમણ! હે ક્ષમાવાળા સાધુ!
સમ-સમતયા શત્રુમિત્રાદિષુ પ્રવર્તતે ઇતિ સમણઃ ।

'સમયાએ સમણો હોઇ, બમ્ભચેરેણ બંભણો
નાણેણ ઉ મુણી હોઇ, તવેણ હોઇ તાવસો ॥૨॥'
ઉત્તરાધ્યયન - ૨૫મું અ.

ક્ષમાશ્રમણ - તપસ્વી, સંયમી, વૈરાગી
જે શ્રમણમાં ક્ષમાનો ગુણ પ્રધાન હોય
અથવા ક્ષમા જ પ્રધાન જેમાં,
અથવા દશ પ્રકારના યતિધર્મનું પાલન કરે તે ક્ષમાશ્રમણ.
વંદિઉં = વંદન કરવાને, જાવણિજ્જાએ = યાપનીયયા = ઇંદ્રિય અને કષાયના ઉપઘાતથી રહિત, વિષય અને વિકારથી રહિત - નિર્વિકારી. 'યાપયતીતિ યાપનીયં ।'

ह्रीँ

અથવા 'याप्यते येन तत् यापनीयं ।' = જે લઈ જાય, પહોંચાડે અથવા જેનાથી પાર પમાય કે લાભ થાય તેને 'યાપનીય' ઇત્યાદિ. શાસ્ત્રકારના મતથી વિષય અને વિકારના ઉપઘાતથી રહિતપણું તે જ ખરું યાપનીય છે.

વિષય એટલે ૫ ઇંદ્રિયના ૨૩ વિષયો.
વિકાર એટલે ક્રોધ-માન-માયા-લોભરૂપી જ કષાયો.
તે બેઉં શમન = ઉપઘાતથી રહિતપણું = યાપનીય.
- હારિભદ્રીય આવશ્યક

यापनीयं चेन्द्रियोपशमनादिना प्रकारेण ।(પરિશિષ્ટ-૨૧)
ઇન્દ્રિય અને મનની વિષય - વિકારોથી ઉપઘાતરહિત અવસ્થા એ યાપનીય છે. निसीहिआए - નિષ્પાપ બનેલા શરીરથી, પ્રાણાતિપાતાદિ પાપ, પાપકારી પ્રવૃત્તિ કે પ્રમાદનો નિષેધ જેના વડે થાય તે ક્રિયા નૈષેધિકી. નિષ્પાપ કાયા વડે મત્થએણ વંદામિ - મસ્તક વડે, માથું નમાવીને વંદું છું, વંદન કરું છું, પ્રણામ કરું છું, ક્ષમાશ્રમણ - પૂર્વધર વાચક પણ છે અને મહાન તપસ્વી સાધુઓ, તીર્થંકર-ગણધરો માટે પણ વપરાય છે. जावणिज्जाए निसीहिआए - નિર્વિકારી નિષ્પાપ કાયા વડે - કાયિક, માનસિક ઉભય વિકારરહિતપણું - કાયિકવિકારમાં ઇંદ્રિયો અને કાયાની

અપ્રશસ્ત પ્રવૃત્તિઓ. માનસિક વિકલ્પમાં કષાયો અને કામચ્છાઓ. ગુરુવંદનની પરિભાષાનું સૂચન ટૂંકમાં જોતાં 'નિર્વિકારી નિષ્પાપ' કાયાથી થઈ શકે છે.

મત્થએણ વંદામિનો અર્થ માત્ર 'મસ્તક વડે' ન કરતાં 'મસ્તકાદિ પાંચ અંગો વડે' અર્થ કરવો, એ જ વધારે ઉચિત જણાય છે.

વર્તમાન જોગ = જેવી તે સમયની અનુકૂળતા.

## ધર્મની વ્યાખ્યા

ધર્મનો સામાન્ય અર્થ નીતિ, સદાચાર, શ્રદ્ધા, માન્યતા શાસ્ત્રોક્ત વિધિનિષેધ, આચાર, પુણ્ય, દાન, ફરજ, કર્તવ્ય, ચાર પુરુષાર્થોમાંનો એક, ગુણ, લક્ષણ કે સ્વભાવ થાય છે.

જૈન સાહિત્યમાં 'ધર્મ' શબ્દ

ધર્માસ્તિકાય, કુશલાનુષ્ઠાન, સંસારોદ્ધાર, આત્મદર્શન, આત્માધ્યવસાય, ચારિત્ર પાલન, સમ્યગ્દર્શનરૂપી આત્મપરિણામ, પુણ્ય, સુકૃત, અણુવ્રત, મહાવ્રત, દુર્ગતિમાં પડતા પ્રાણીઓને બચાવનાર જ્ઞાન-દર્શન ચારિત્રરૂપ ગુણસમૂહ આદિ અનેક અર્થમાં વપરાય છે.

दुर्गति प्रसृतान् जन्तून् यस्माद् धारयते पुनः ।
धत्ते चैतान् शुभे स्थाने तस्माद् धर्म इति स्मृतः ॥

દુર્ગતિ તરફ જઈ રહેલા જીવોનો ઉદ્ધાર કરીને તેમને પુનઃ શુભસ્થાને સ્થાપે તે 'ધર્મ' કહેવાય છે.

## ભક્તિનું સ્વરૂપ

ભવસાગરમાંથી તરવાનું ભવ્ય સાધન ભક્તિ છે.

તેનો મંગલ મહિમા મુનિવરોએ વિવિધ રીતે ગાયો છે:

(૧) અનન્ય શ્રદ્ધા એ ભક્તિ છે.

(૨) વિનય - વૈયાવચ્ચ એ પણ ભક્તિ છે.

(૩) સદ્‌ભાવ, સેવા, સમર્પણ એ પણ ભક્તિ જ છે.

(૪) વંદન-પૂજન-સત્કાર-સન્માન ભક્તિની ક્રિયાઓ છે.

(૫) પ્રણામ, પ્રશંસા, પ્રાર્થના, પ્રમોદ, પ્રણિધાન એ પણ ભક્તિના જ પ્રકારો છે.

(૬) સ્મરણ, સ્તવન, કીર્તન, કથા, ઉત્સવ, ઉપાસના એ પણ ભક્તિ જ છે.

(૭) અનુશાસન, આદર, આરાધન, આજ્ઞાધીનતા, ઉત્સાહ, અનુકૂળતા, ઐક્ય એ ભક્તિનાં જ અપર નામો છે.

(૮) જપ, તપ, પ્રેમ, પવિત્રતા, સદ્‌ભાવ, શરણાગતિ, વાત્સલ્ય, યોગ ઇત્યાદિ ભક્તિના જ પર્યાયવાચી શબ્દો છે.

તે ત્રણ પ્રકારની છે: તામસી, રાજસી, સાત્ત્વિકી.

૦ મન એ ભાવોનું વાહન છે. આંતરિક દૃષ્ટિમાંથી જોઈએ તો અંતરમાંથી ભાવો નિરંતર ઉઠ્યા જ કરે છે, એ સૌના અનુભવની વાત છે. એ ભાવોને ઉઠવાના નિમિત્ત કારણો જુદાં જુદાં હોય છે, જેમ કે: સંજ્ઞા, તર્ક, કલ્પના, સ્મૃતિ, સુખ-દુઃખની લાગણી, સંવેદન, મનનાદિ. ભાવોનું ક્ષેત્ર અપરિમિત-વિશાળ છે. મનને જ્યાં સુધી કોઈ પ્રકારના ધ્યાનથી બદ્ધ કરવામાં ન આવે, ત્યાં સુધી તે વિવિધભાવોમાં રમ્યા જ કરે છે. તેના સંક્ષેપમાં ૩ પ્રકાર: ક્રોધાદિ અપ્રશસ્ત ભાવો, મૈત્ર્યાદિ પ્રશસ્ત ભાવો કે વીતરાગત્વાદિ વિશુદ્ધ ભાવો અને વૈરાગ્યાદિ શુદ્ધ ભાવો.

## પ્રણિધાન-પ્રાર્થના

प्रणिधानकृतं कर्म मतं तीव्र विपाकवत्
सानुबन्धत्वनियमात् शुभांशाच्चैतदेव तत् ॥

અર્થાત્ પ્રણિધાનપૂર્વક કરાયેલું કર્મ તીવ્ર વિપાકને આપનારું માનેલું છે. તેથી નિયમા શુભ અનુબંધ પડે છે.

विशुद्धभावनासारं तदर्पितमानसम्
यथाशक्तिक्रियालिंगं प्रणिधानं मुनिर्जगौ ॥

અર્થાત્ જે વિશુદ્ધ ભાવનાથી પ્રધાન છે, જેમાં મન તેના અર્થમાં અર્પિત થયેલ છે તથા જે શક્તિ મુજબ ક્રિયાયુક્ત છે,

ॐ

તેને મુનિઓ 'પ્રણિધાન' કહે છે.

o ઉપાદેયધિયાઽત્યંતં સંજ્ઞાવિષ્કંભણાન્વિતમ્
ફલાભિસન્ધિરહિતં સંશુદ્ધિહેતદીદૃશમ્ ॥
અર્થાત્ સંસારથી ઉપર ઊઠવાનું ધ્યેય રાખી
અન્ય ફળની ઇચ્છાનો ત્યાગ કરીને અત્યંત
ઉપાદેયબુદ્ધિથી જે ક્રિયા થાય છે, તે 'સંશુદ્ધિ' કહેવાય છે.

પ્રણિધાન વડે થતી ક્રિયામાં ૫ ગુણો પ્રાપ્ત થાય:

(૧) પ્રવચનની આરાધના (૩) સન્માર્ગની દૃઢતા
(૨) કર્તવ્યતાનો નિશ્ચય (૪) શુભાશયની વૃદ્ધિ
(૫) સાનુબંધ શુભ અનુષ્ઠાનની પ્રાપ્તિ.

વૃત્તિઓને સંતોષવાના ૪ ઉપાય

(૧) Satisfaction - ભોગ
(૨) Rationalisatoin - વૈરાગ્ય વિવેક
(૩) Sublimation - ઉદાત્તીકરણ-દાન-ત્યાગ
(૪) Repression - તિતિક્ષા, દમન

ભોગે રોગભયં કુલેચ્યુતિભયં વિત્તે નૃપાદ્‌ભયમ્
મૌને દૈન્યભયં બલેરિપુભયં રૂપે જરાયા ભયમ્ ।
શાસ્ત્રે વાદભયં ગુણે ખલભયમ્ કાયે કૃતાન્તાદ્ ભયમ્
સર્વં વસ્તુ ભયાન્વિતં ભુવિ નૃણાં વૈરાગ્યમેવાભયમ્ ॥

(પરિશિષ્ટ-૨૨)

ॐ

"સર્પાઃ પિબન્તિ પવનં ન ચ દુર્બલાસ્તે
શુષ્કૈસ્તૃણૈર્વનગજા બલિનો ભવંતિ ।
કંદૈઃ ફલૈર્મુનિવરા ગમયંતિ કાલં
સંતોષ એવ પુરુષસ્ય પરં નિધાનમ્ ॥૧॥(પરિશિષ્ટ-૨૩)

: યોગવાશિષ્ઠમાં કહ્યું છે કે:

સંતોષૈશ્વર્ય સુખિનાં, ચિરં વિશ્રાંતચેતસામ્
સામ્રાજ્યમપિ શાન્તાનામ્, - જરત્તૃણલવાયતે ॥૧॥

અર્થાત્ સંતોષ સ્વરૂપ ઐશ્વર્યથી સુખી, ચિરકાળ સુધી પ્રશાંત ચિત્તવાળા શાંત જીવોને સામ્રાજ્ય જુના ઘાસ સમાન છે.

: મનુસ્મૃતિમાં કહ્યું છે કે:

સંતોષં પરમાસ્થાય, સુખાર્થી સંયતો ભવેત્
સંતોષમૂલં હિ સુખં, દુઃખમૂલં વિપર્યયઃ ॥૧॥

અર્થાત્ ઇંદ્રિયોને સંયત રાખી સુખના અર્થી બને, કારણ કે સુખનું મૂળ સંતોષ - દુઃખનું મૂળ તૃષ્ણા છે.

૦ કર્મના સ્વરૂપનો વિચાર કરવાથી નમ્રતા આવે છે. ધર્મના સ્વરૂપનો વિચાર કરવાથી નિર્ભયતા પ્રાપ્ત થાય છે. આચારશૂન્ય વિચાર પાંગળો છે. વિચારશૂન્ય આચાર આંધળો છે. પાંગળો આંધળાની પીઠ પર ચઢીને અને આંધળો પાંગળાનું માર્ગદર્શન મેળવીને ઇષ્ટ સ્થાને પહોંચી શકે છે.

## જ્ઞાનકાંડ - ક્રિયાકાંડ

ઘણું લાગે દરેક અસાધારણ વ્યક્તિનો વિકાસક્રમ ૧૨ વર્ષનો સમય છે, ત્યારે કેવળ શાસ્ત્રો કે ઉપદેશો દ્વારા નહિ, પણ દરેક પ્રાણી-પદાર્થની સાથે અપનાપણામાં આવવા અંદરના અનુભવો પ્રકટાવવા દ્વારા જ તેઓ વિકાસ કરે છે.

હૃદય જેમ વધારે કોમળ અને બુદ્ધિ જેમ વધારે તીવ્ર, સૂક્ષ્મ અને શુદ્ધ, તેમ આંતરઆત્મીયતાનો સંબંધ વધારે. આખરે લાગણી અને બુદ્ધિના પડદા તૂટીને મધ્યસ્થ જ્યોત ચેતન થાય છે. કુદરત અને એકાંત એ અધ્યાત્મ વિદ્યાની પરંપરામાં પહેલી અને અનિવાર્ય જરૂરીયાત છે. એવા સમયે આત્માનું જ્ઞાન બુદ્ધિગમ્ય રીતે આપવું અને આત્મશક્તિ પ્રકટાવી શકે તેવા સરળ ક્રિયાઓ યોજવા આવશ્યક છે. શાસ્ત્રોના આધારે તેમ જ્ઞાનકાંડ અને ક્રિયાકાંડ યોજી શકાય છે.

freedom is not to be acquired but to be cultivated. Subjective knowledge = પરાવિદ્યા Objective knowledge = અપરાવિદ્યા. ગોશાળો = જડવાદી, જડ - દૃશ્ય જગતમાં જેનું મન ઇંદ્રિયો દ્વારા ખેલા રહ્યું છે તે. Self surpassing excelsior = નિરંતર વિહાર.

ह्रीँ

0 <u>ત્રિપદીમાં કેવળ ઉત્પાદ માનવામાં જે દોષ:</u>

1. કાર્યની અનુત્પત્તિ (વ્યય સિદ્ધિ)
2. અસત્નો ઉત્પાદ (ધ્રૌવ્ય સિદ્ધિ)

ઘટના ઉત્પાદનું કારણ મૃત્પિંડનો વ્યય છે.
કારણ વિના કાર્ય ન થાય. વ્યય વિના ઉત્પાદ ન ઘટે.
તેમ જ ધ્રુવતા વિના ઉત્પાદ માનવાથી અસત્નો ઉત્પાદ થાય.

0 <u>ત્રિપદીમાં કેવળ વ્યય માનવામાં જે દોષ:</u>

1. વ્યયનો અભાવ (ઉત્પાદ સિદ્ધિ)
2. સત્નો નાશ (ધ્રૌવ્યની સિદ્ધિ)

નાશનું કારણ ઉત્પાદ છે.
ઉત્પાદરૂપી કારણના અભાવે નાશરૂપી કાર્ય ન થાય.
તથા કેવળ નાશ માનવાથી સત્નો નાશ થાય.

0 <u>ત્રિપદીમાં કેવળ ધ્રુવને માનવામાં જે દોષ:</u>

1. પર્યાયનો નાશ (ઉત્પાદ-વ્યયની સિદ્ધિ)
2. અનિત્યને નિત્યપણાની પ્રાપ્તિ

પર્યાયનો નાશ માનવાથી દ્રવ્યનો પણ અભાવ થાય. પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ તથા મનની ગતિને નિત્ય માનવી પડે. એ કારણે આગામી પર્યાયનો ઉત્પાદ, પૂર્વ પર્યાયનો વ્યય તથા મૂળ વસ્તુની સ્થિરતા, એ ત્રણેની

ॐ

એકતાદિ જ દ્રવ્યનું લક્ષણ નિર્વિઘ્ન બને.

દ્રવ્ય અંશી છે.

ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એ ત્રણ અંશ છે.

ઉત્પાદ થાય તો અનન્ત દ્રવ્ય થઈ જાય.

દ્રવ્યનો નાશ થાય તો સર્વશૂન્યતાની આપત્તિ આવી જાય

દ્રવ્ય ધ્રૌવ્યરૂપ થાય તો પર્યાયનો અભાવ થાય અને

પર્યાયના અભાવે દ્રવ્યનો અભાવ થાય.

ઉત્પાદાદિ દ્રવ્યાશ્રિત નહિ, પણ પર્યાયાશ્રિત છે.

પર્યાય ઉત્પન્ન થાય છે, પર્યાય નાશ પામે છે અને

વસ્તુની અપેક્ષાએ પર્યાય જ સ્થિર રહે છે.

પર્યાય દ્રવ્યથી જુદી નથી. દ્રવ્યરૂપ જ છે.

પર્યાય અપેક્ષાએ દ્રવ્યમાં ઉત્પાદાદિ ૩ લક્ષ જાણવા જોઈએ.

<u>ઉત્પાદાદિ ત્રણમાં સમયભેદ નથી.</u>

જો દ્રવ્ય પોતે જ ઉત્પન્ન થાય, પોતે સ્થિર રહે, પોતે જ નાશ થાય, તો અવશ્ય ત્રણ સમય લાગે, પણ પર્યાયથી ઉત્પાદાદિ ૩ છે, માટે એક જ સમયમાં ત્રણે સિદ્ધ થાય છે.

૦ કંચન કાંતિ પરમૌષધ રૂપે, લોકાલોક પ્રમાણ રે...

સર્વ શાંતિકર લાભ હેતુ છે, એવો પ્રભાવ ગુણ જાણ રે.

- વિજયલક્ષ્મીસૂરિ કૃત વિંશતિસ્થાનક દેવવંદન

## મોટામાં મોટો દોષ - મશ્કરી

નાનો સંકલ્પ પ્રભુને-મોટો સંકલ્પ લોકોને ગમતો નથી.
તુકારામે કહ્યું કે 'આખા સંસારને હું સુખી કરીશ.'
પ્રહ્લાદે કહ્યું કે 'બધાને સુખી કર.'
આવા સંકલ્પોની લોકો ભલેને મશ્કરી ઉડાવે, પણ એ સંકલ્પ પ્રભુને ગમે છે અને પ્રભુ જ તમારી પાસે એ સંકલ્પને સાકાર કરાવે છે. બુદ્ધિ વાપરવાથી વધે છે, શ્રદ્ધા વાપરવાથી ઘટે છે. જે લોકો પ્રભુના થાય એ જ કામદેવને જીતી શકે છે. ધ્યેયનિષ્ઠ મહાત્માનો કામ ઓછો થાય છે. પ્રભુનિષ્ઠ મહાત્માનો કામ બદલાય છે. કામનાનું આત્મફલ પ્રભુના આત્મફલથી ઓછું થાય છે. સાધુઓ વિષય-વાસનાના વસ્ત્ર ઉતારી, સંકલ્પ-વિકલ્પ છોડી, નગ્ન બની, જ્ઞાની પ્રભુના ખોળા તરફ પહોંચી જાય છે.

### : જપની સફળતાના ચાર ઉપાય :

મૌન, મૈત્ર્યાદિભાવ, તત્ત્વચિન્તન, ઉચિત આચારપાલન.

o અમુક વિષયનો અભ્યાસ કરવો તે વિદ્યા.
પાંચ ઈન્દ્રિયો તથા મનની ક્રિયા જાણવી તે જ્ઞાન.
અનુભવ એ મોટો શિક્ષક છે, પણ તેની ફી ભારી છે.

o બડે ભયે તો ક્યા ભયા, જૈસા પેડ ખજૂર...
પંથીકો છાયા નહિ, ફલ લાગત અતિ દૂર.

ॐ

## આત્મસંયમના ૮ સામાન્ય ઉપાયો

(૧) જોવું, સાંભળવું, પરિચય કરવો એ સંસર્ગ છે.
અયોગ્ય સંસર્ગ - દર્શન - શ્રવણ - સ્પર્શન વર્જવું.
(૨) પ્રત્યેક દુર્ગુણના ભયંકર પરિણામોનો વિચાર કરવો.
(૩) દુરાચારથી થતાં નુકશાનો-સદાચારથી થતાં લાભો વિચારવા.
(૪) મૃત્યુનો વિચાર મનમાં લાવવો.
(૫) દર્શન-શ્રવણ-સ્પર્શનાદિ વડે સંયમીનો પરિચય કરવો.
(૬) પરમેશ્વરના ગુણોનું ચિન્તન કરવું.
(૭) 'પરમેશ્વર સર્વવ્યાપી છે' એ વાતનો વિચાર કરવો.
(૮) આત્મબળનો વિચાર કરવો.

## આત્મા સત્-ચિત્-આનંદમય કેમ?

એક જ આત્મા વિકૃતિરહિત છે, માટે તે સત્ કહેવાય.
આત્મા જડથી વિલક્ષણ-પ્રકાશરૂપ છે, માટે ચિત્ કહેવાય.
દુઃખથી વિલક્ષણ મુખ્ય પ્રીતિનો વિષય, માટે આનંદમય છે.

૦ હિંસાની જડ મનુષ્યની
સ્વાર્થવૃત્તિ, લોભવૃત્તિ, અહંમમત્વની ભાવનામાં છે.
તેને પલટાવવાની રીત ક્રમે ક્રમે
સ્વાર્થ ત્યાગ કરવાના પ્રયત્નમાં છે.
તે કાર્ય દાન, શીલ, તપ અને ભાવધર્મ વડે સધાય છે.

o ચારિત્રમાર્ગમાં એક ખૂબ વિકાસ આપનાર સંઘાડો છે. તેમાં ઘણા સદ્‌ગૃહસ્થો જોડાયા છે. જેમનામાં જ્ઞાન, દર્શન, ચારિત્રની કાળજીપૂર્વક વૃદ્ધિ કરાય છે. તે જોઈને ભૂરિ ભૂરિ અનુમોદના અંતરભાવથી થરી છે. ત્યારે તે જ સંઘાડો પર સંઘાડાની નિન્દાથી નીચે ઉતરી રહ્યો છે, તે ખેદ છે.

"પર સાધુઓ જેમ જૈનેતરોને જોડે છે, તેમ
રાજા મહારાજાઓને જૈનધર્મના પાસાઓ નાંખે છે."
આમ ધર્મની પ્રશંસા કરાવી રહ્યા છે.

આવું બધું જ્યારે જોયો છે અને કોઈક પ્રશંસા કરે છે, ત્યારે તેઓ તે જૈન ધર્મોન્નતિની પ્રશંસા ન સહી શકતાં,

"તે તો મંત્રવાદી છે. મંત્ર-તંત્રનો પ્રયોગ કરે છે. એટલે જનસમૂહ તેના ઉપર ફીદા થાય તેમાં નવાઈ શી?"

આમ નિન્દામાં ઉતરી પડે છે, ત્યારે મને વિચાર આવી છે: 'મોહ કેવો ઉચ્ચો છે! ત્યાગીઓ એનો ચુરો કરવાની જ તૈયારીમાં હોય, ત્યારે ત્યાગીઓને હત-પ્રહત કરવા નિંદાસ્ત્ર આપે છે, જ્ઞાનીઓને અભિમાન પકડાવે છે, દાનીઓને ઢુંપદપણું અને તપસ્વીને ખાનાર ઉપર રોષ આપે છે. મોહ આમ દુર્ગુણ પકડાવા દરેકને મારી રહેલ છે. બાબા ધર્મીનો તો મારી રહેલા છે, પણ ધર્મને સેવનારાને પણ તે આડે રસ્તે ઉતારે છે.'

ॐ

મન બડા બદમાશ હૈ, મન હૈ બડા હરામ...
દુર્બુદ્ધિ દે કર ત્યાગીકો, દેતા નીચા કામ.
ઊંચકો નતો ટકે દશે, પરાણે નીચકો ન રોકાય.
તેને કદી ઠોકર ઠીક મારી તો કેમ તે બંધ પડે જાયારી?
તેવા રીતે નીચ પથે જનારું સદા છે અંતર આ તમારું,
તેને કદી જો અનુકૂળ પાશો, તો જેલમાં આખર ખોટ ખાશો.
જે ચક્ષુ સુલટા રાખી જગતનાં પદાર્થ જોઈએ છીએ,
તે ચક્ષુને જગતના પદાર્થ જોવાના કામમાંથી રોકી,
બાહ્યદૃષ્ટિ બંધ કરી, આંતરદૃષ્ટિએ જોશો,
તો તમને પોતાને પોતાથી પોતામાં પરમાત્મા જણાશે.

Let our knowledge be our gladness. Knowledge and practice combined give the result. Let everyone know the truth & practice the truth for the welfare of all. Nature remains unchanged. This nature is called permanence.
Reality is the synthesis of opposites.

ચતુર્દશ્યાં વિશિષ્ટાયાં, મયિ મે નો મનોઽભવત્ ।
વિશિષ્ટં તુ તપઃ સત્ત્વં, હા હા મે કીદૃશી ગતિઃ ।।

અર્થાત્ ચતુર્દશી જેવી વિશેષ તિથિમાં પણ મારું મન તપમાં વિશેષ સત્ત્વ-સંબંધિત થતું નથી કે લાગતું નથી, આથી
હું જાણું છું કે હાય હાય મારી કેવી ગતિ થશે!

મનને વિષે પ્રેરક-પ્રેર્યતાભાવ છે, આત્માથી પ્રેરાય છે-ઇંદ્રિયોને પ્રેરે છે. આથી દરેકે શીખવાનું છે કે વિશિષ્ટ શુભભાવથી ભલે તપો નથી કરતા, તેની નિન્દાથી રહિત કરવામાં આવે, તો જરૂર તે આત્મા ઉંચી ગતિ પામે છે,

પણ તપ જો પૂજાવાને માટે થતો
હોય તો તે ભવની વૃદ્ધિ કરનારો છે.

તપથી ભવભ્રમણ ટળે, તપથી ભવભય જાય,
વિવેકે ભવભય ટળે, અવિવેકે તે થાય.

## વિસ્મરણ શક્તિ

પોતે કરેલા ઉપકારને અને બીજાએ કરેલા પોતા ઉપરના અપકારને વિસ્મરણ શક્તિ વડે દૂર કરવા.

બીજાએ કરેલા ઉપકાર અને
પોતે કરેલા અપકારને સ્મરણ
કરવાની શક્તિ વડે ન ભૂલવો, એ લાભદાયી છે.

## સામાયિકની પ્રતિજ્ઞા

(૧) પડિક્કમામિ = વિરેચન, જ્ઞાન

(૨) નિંદામિ = પ્રક્ષાલન, દર્શન

(૩) ગરિહામિ = અપથ્ય ત્યાગ, ચારિત્ર

(૪) અપ્પાણં વોસિરામિ = મકરધ્વજ, તપ

સામાયિક લો ત્યારે સૌ પ્રથમ આસન સંભાળો. પછી શુદ્ધ હૃદયથી આંખો મીંચીને કાઉસ્સગ્ગ મુદ્રામાં સ્થિત થાઓ.

શ્વાસ રોકો - બહાર કાઢો - ફરી રોકો.

અભ્યાસ કરતાં જ્યારે પ્રતીત થાય કે શ્વાસ હૃદયપટ ઉપર રોકાઈ રહી શકે છે, ત્યારે તે પછી વધુ જાણવાનો પ્રયત્ન કરો. ત્યાં સુધી હૃદયમાં શું છે, એ જોવા પ્રયત્ન કરશો નહિ. મન-વચન-કાયાના યોગો એકીકરણપૂર્વક હૃદય ઉપર સ્થિર રહેવા લાગશે, ત્યારે એક અનુપમ જ આનંદ પોતાની મેળે પ્રાપ્ત થશે. આ સ્થિતિમાં આવ્યા પછી તમે પોતાને કોઈ નવા જ દિવ્ય અને ઉચ્ચ સ્થાને જોશો.

પછી આગળ શું કરવું, શું જોવું,
એ ગુરુગમને આધીન છે.

સમ+આય = સમતાની પ્રાપ્તિ. તે પ્રાપ્ત થવાથી સમાધિ આવે છે અને શાંતિમય જીવન પસાર થાય છે.

૦ ગજસુકુમાલની વાત - અંતકૃત સૂત્ર અધ્યયન ૮ માંહે,
ચિલાતીપુત્રની વાત - જ્ઞાતાસૂત્ર અધ્યયન ૧૮ માંહે,
ઢંઢણ ઋષિની વાત - આવશ્યક નિર્યુક્તિમાંહે,
મેતાર્ય મુનિની વાત - આવશ્યક નિર્યુક્તિમાંહે તથા
સુકોશલ મુનિની વાત - જ્ઞાતાસૂત્રમાંહે જાણવા મળે છે.

## કાયોત્સર્ગની મહત્તા

ૐ વગર મંત્ર નહિ, કાયોત્સર્ગ વગર ક્રિયા નહિ.

મુક્તિમાર્ગમાં એકાગ્રતા મુખ્ય છે.

ધર્મધ્યાન - શુક્લધ્યાન સુધી તેની જરૂર છે. કાયોત્સર્ગ ક્રિયાઓનો પ્રાણ છે, જીવન છે. તેથી સમાધિ, આત્મનિષ્ઠા, સહનશીલતા, સુખ-દુઃખ સમાનવૃત્તિતા, એકાગ્રતા પ્રાપ્ત થાય છે. ત્રણે યોગોને એકસૂત્રમાં રાખવા કાયોત્સર્ગ આવશ્ય સાધન છે. બાહ્યાંતર શુદ્ધિ, શક્તિનો વિકાસ, જડતાનો છેદ, બુદ્ધિનો વધારો, વાયુ આદિના વૈષમ્યથી મુક્તિ, વિચાર-ભાવનાની વૃદ્ધિ તથા શુદ્ધિ માટે કાઉસ્સગ્ગ ક્રિયામાં વિશેષ પ્રકારે સાવધાન રહેવું જોઈએ. ઉત્સર્ગ સ્થિતિએ પહોંચવા માટે કાયોત્સર્ગ પ્રેમસહિત કરવા જોઈએ. કાયોત્સર્ગ માટે આવશ્યક નિર્યુક્તિ ગાથા (૧૪૭૬) છે. શાંતિ, સમાધિ, સમાનતા, એકાગ્રતાનું સાધન કાયોત્સર્ગ કરવા છતાં, જો તે ન આવી તો આરાધના અધૂરી સમજવી. સમતા ન આવી

તો મધ્યસ્થતા-ગુણગ્રાહકતા પણ ન આવે? સમતા, સમાનતા, શાંતતા, સુવિહિતતા, સમાધિતા, વધતી શ્રદ્ધા, મેધા, ધૃતિ, પ્રીતિ, સ્મૃતિ અને ચિંતનપૂર્વક કાયોત્સર્ગ કરવાનું કહ્યું છે. ધ્યાન કરવામાં આજ-કાલ ખાસ સહાયક બને છે.

પ્રથમ મન વિચાર કરે છે, પછી તે વચનમાં પ્રગટ થાય છે, ત્યાર પછી તેને શરીરથી આચરણમાં મૂકાય છે. સમતા, સમ્યક્ત્વ, શાન્તિ, સુવિહિત આદિ સમાધિતના પર્યાય છે.

ચાર પ્રકારના અધ્યાસ

(1) શરીરાધ્યાસ = જન્મ - મૃત્યુનો ભય.
(2) પ્રાણાધ્યાસ = ક્ષુધા - તૃષાનો ભય.
(3) ઇન્દ્રિયાધ્યાસ = સંયોગ - વિયોગનો ભય.
(4) બુદ્ધિ અધ્યાસ = કર્તા - ભોક્તાનો ભય.

o અધ્યારોપ તથા અપવાદમાં શો ફેર ?

એક વસ્તુમાં અન્ય વસ્તુનું આરોપણ કરવું તે અધ્યારોપ.
દા.ત. સુવર્ણનું અલંકારરૂપે વર્ણન કરવું.
'આરોપ મિથ્યા છે' એવો નિર્ણય કરવો તે અપવાદ.
દા.ત. અલંકારનું સુવર્ણ રૂપે વર્ણન કરવું.

o કર્મવન - પાપપર્વત - વિપત્તિવાદળ - દુઃખ દાવાનળ - મોહાંધકાર - અજ્ઞાનાચ્છાદન - ભવઅટવી - સંસારસાગર છે.

:સમત્વ પ્રાપ્તિના ઉપાયો:

આત્મા એ સામાયિક છે અને

આત્મા એ જ સામાયિકનો અર્થ છે.

સાચું માધ્યસ્થ્ય સર્વ પ્રત્યે મૈત્રીમાં,

અધિક પ્રત્યે પ્રમોદમાં,

દીન પ્રત્યે કરુણામાં,

દુર્વિનીત પ્રત્યે સમત્વમાં રહેલું છે.

સામાયિક - સાચું સમત્વ

સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવમાં છે.

સર્વ પુદ્ગલો પ્રત્યે માધ્યસ્થભાવમાં છે.

સર્વ ગુણો પ્રત્યે આદરભાવમાં છે.

પ્રમાણોપેત સર્વધર્મના સમાચરણમાં છે.

પ્રમાણનું ઉલ્લંઘન કરવામાં સમત્વનો ભંગ છે.

પાપ પર્વતને ભેદવા માટે સંયમ એ વજ્ર છે.

તે અજ્ઞાન-મોહાંધકારને નિવારવા સૂર્ય છે.

નવકાર એ ભવ અટવી પાર પામવાનું વિમાન અને

ભવસમુદ્ર પાર કરવાનું જહાજ છે.

દાનાદિ - જ્ઞાનાદિ - ક્ષાંત્યાદિ - વિરત્યાદિ - તપધર્મ એ

કર્મવનને દાહ કરનાર દાવાનળ છે.

ૐ

:૧૩ વસ્તુ છે:

(૧) સામાયિકનું ગ્રહણ. (૨) સાવદ્ય યોગનો ત્યાગ.

(૩-૪) બે પ્રકારના આગાર.

(૫-૯) પાંચ પ્રકાર: ત્રણ યોગ - બે કરણ.

(૧૦-૧૩) ચાર પ્રતિજ્ઞા - 'પડિક્કમામિ' થી 'વોસિરામિ'.

સામાયિકની પ્રતિજ્ઞા

હે ભગવંત! હું સામાયિક વ્રત અંગીકાર કરું છું. તેથી મને સાવદ્ય યોગનો ત્યાગ થશે. જ્યાં સુધી મેં લીધેલા નિયમનું સેવન-પાલન કરતો રહું, ત્યાં સુધી ત્રણ પ્રકારના યોગોથી અને બે પ્રકારના કરણોથી સાવદ્ય કાર્ય નહિ કરું, બીજા પાસે નહિ કરાવું અને હે ભગવન! પૂર્વે કરેલા પાપોથી નિવૃત્ત થઈ, તેઓની નિંદા કરીશ અને તેઓની ગર્હા કરી, મારા આત્માને તેઓથી બચાવી લઈશ.

જો પચ્ચક્ખાણમાં સમય નિર્દેશ નથી, ત્યાં બે ઘડી સમજી લેવા.

o આ વિશ્વની બધી યોજના પાછળ ગણિતની ચોક્કસાઈ અને વિજ્ઞાનની સૂક્ષ્મતાથી એક વિરાટ તંત્ર ચાલી રહ્યું છે.

વિધિનું એક મહાશાસન સમગ્ર બ્રહ્માંડના
એક છેડેથી બીજે છેડે પ્રવર્તી રહ્યું છે.

વિશ્વને તેનું બંધારણ - સર્વકાલીન, સર્વવ્યાપી સિદ્ધાંતો છે.

## શારીરિક તપ

દેવદ્વિજગુરુપ્રાજ્ઞ-પૂજનં શૌચમાર્જવમ્ ।
બ્રહ્મચર્યમહિંસા ચ, શારીરં તપ ઉચ્યતે ॥ (પરિશિષ્ટ-૨૪)

## વાચિક તપ

અનુદ્વેગકરં વાક્યં, સત્યં પ્રિયહિતં ચ યત્ ।
સ્વાધ્યાયાભ્યસનં ચૈવ, વાઙ્મયં તપ ઉચ્યતે ॥ (પરિશિષ્ટ-૨૫)

## માનસ તપ

મનઃ પ્રસાદઃ સૌમ્યત્વં, મૌનમાત્મ-વિનિગ્રહઃ ।
ભાવસંશુદ્ધિરિત્યેતત્, તપો માનસમુચ્યતે ॥ (પરિશિષ્ટ-૨૬)

સંયમમાં અને નિયમમાં રહેવું તે તપ છે.

o શ્રી દમદંત જેવી સમભાવ, શ્રી મેતાર્ય જેવી દયાભાવ,
શ્રી કાલિકસૂરિ જેવી સત્યવાદ, શ્રી ધર્મરુચિ સમ અનવદ્ય,
શ્રી ચિલાતીપુત્ર જેવી સમાસ, શ્રી ઇલાપુત્ર સમ પરિજ્ઞા,
શ્રી તેતલીપુત્ર સમ પ્રત્યાખ્યાન પ્રશસ્ય છે.

o

Wherever there is heat, there is motion and so also sound. The visible form of heat is light of million of suns or moons with the મહાનાદ-the great sound.

જો ઇચ્છા નહિ, પણ વિષયો છે, તો - આલોચન
જો ઇચ્છા છે, પણ વિષયો નહિ, તો - પ્રતિક્રમણ
જો ઇચ્છા છે અને વિષયો પણ છે, તો - તપ
જો ઇચ્છા અને તીવ્ર આસક્તિ પણ છે, તો - ધ્યાન,
સંલેખન તથા અનશન જેવું અનિવાર્ય થઈ પડે છે.

ઇચ્છા નહિ, છતાં વિષયોને દેખતાં બંધાય, તે
સ્પૃષ્ટ કર્મનું આલોયણા પ્રાયશ્ચિત છે.
અછતાં વિષયો ભોગવવાની ઇચ્છાથી બંધાય, તે
બદ્ધ કર્મનું આલોયણા પ્રતિક્રમણ અને પ્રાયશ્ચિત શુદ્ધિ છે.
છતાં વિષયોને પ્રેમથી ભોગવવા વડે બંધાય, તે
નિધત્ત કર્મનું આલોયણા તપ-ધ્યાન-સંલેખણા છે.
છતાં વિષયોને તીવ્ર પ્રેમથી ભોગવવા વડે બંધાય, તે
નિકાચિત કર્મનું આલોયણા ધ્યાન-સંલેખન-અનશનાદિ છે.

o દેહ, યૌવન, આયુષ્ય અને લક્ષ્મી ક્ષણિક છે,
જન્મ, જરા અને મરણ વાસ્તવિક છે.

o ઈશ્વરી સૌંદર્ય પાસે સ્ત્રી સૌંદર્ય અતિતુચ્છ છે.

o અદ્વિતીય શાંતરસથી થતી અતીન્દ્રિય તૃપ્તિ
20000 રસોયા રાખતા રોમના રાજાઓની
ઉદરતૃપ્તિ કરતાં વધુ ટકાઉ છે.

o સર્વ તત્ત્વજ્ઞાનના ગંભીર સત્યોમાં ખોવાઈ
જવાનો આનંદ સહજ પ્રાપ્ય છે, સર્વથી નજીક છે.
આ આનંદ અને પ્રસન્નતા એ જ
સમભાવનું વિધેયાત્મક - positive સ્વરૂપ છે.
જીવનમાં સૌથી મહત્વનું સ્થાન સાત્ત્વિક આનંદનું છે.
જ્યારે આ નિર્દોષ આંતરઆનંદ અનુભવાય છે,
ત્યારે સમગ્ર બંધારણમાં જેટલા સાત્ત્વિક સ્પંદનો, તેટલી
વધુ કર્મનિર્જરા, વધુ સ્વરૂપદર્શન, વધુ સ્વરૂપ સ્થિતિ.

o વસ્તુઓની વિવિધતામાં સમત્વ નિહાળવું એ જ્ઞાન.
વસ્તુઓની વિશિષ્ટતાઓનું વિશ્લેષણ તે વિજ્ઞાન.
જ્ઞાન યોગથી અને વિજ્ઞાન પ્રયોગથી પ્રાપ્ત થાય છે.
જ્ઞાનથી નિર્વાણ અને તેથી મોક્ષ મળે છે.
વિજ્ઞાનથી નિર્માણ અને તેથી વિકાસ શક્ય છે.
જ્ઞાન આંતરિક નિરીક્ષણનું પરિણામ છે.
વિજ્ઞાન એ બાહ્ય પરીક્ષણનું પરિણામ છે.
બંનેનો યથાર્થ ઉપયોગ તે સમ્યગ્જ્ઞાન.
બન્નેનો વિપરીત ઉપયોગ તે અજ્ઞાન.

o માનવનું સ્વાસ્થ્ય બે શક્તિઓ ઉપર આધારિત છે:
એક બુદ્ધિ-બીજું હૃદય. બુદ્ધિ સૂક્ષ્મ-હૃદય વિશાળ જોઈએ.
બુદ્ધિ તીક્ષ્ણ જોઈએ, હૃદય કોમળ.

## હૃદય અને બુદ્ધિનો સદુપયોગ

મનુષ્ય સ્વભાવની એક વિચિત્રતા છે. તે બુદ્ધિના ક્ષેત્રે જ્ઞાન કરતાં નીચી કક્ષાએ છે, તે સહી શકતો નથી. બુદ્ધિ તત્ત્વ મનુષ્યનું વધારે આત્મીય તત્ત્વ છે. હૃદય તત્ત્વની વાત તેથી વિપરીત છે. પ્રેમભાવમાં જ્ઞાન આપણા કરતાં ચડીયાતા રહે એવી ઇચ્છાઓ હોય છે. બુદ્ધિમાં આપણાથી કોઈ વધી જાય અને આપણા પ્રત્યે પ્રેમભાવ રાખવામાં જ્ઞાનથી ઘટી જાય એ સદા અનિષ્ટ લાગે છે અને એથી જ દુઃખ અને દ્વન્દ્વની સૃષ્ટિ વધે છે. સર્વની સુખશાંતિ માટે હૃદયનો પ્રેમભાવ વધારતા રહેવું જોઈએ અને ભાવમાં જ્ઞાનની વૃદ્ધિ જોઈને રાજી થવું જોઈએ.

'સમત્વ વધારવું' એટલે હૃદયતત્ત્વની લંબાઈ-પહોળાઈ વિસ્તારવી. એ ભાવનો ખરો સદુપયોગ છે. બુદ્ધિતત્ત્વની તીક્ષ્ણતાથી વધુ ઊંડાઈમાં સંચાર એ વિજ્ઞાનનો વાસ્તવિક ઉપયોગ છે. ભાવ, વિભાવ, અભાવ, સમ્યગ્ભાવ એ ચારેનો મર્મ સહજ સ્વભાવનું ઘડતર થાય, તો મનુષ્યત્વનો ખરેખરી સાચા માર્ગે અને સર્વાંગીણ વિકાસ થાય.

0 કર્મની ગતિ ગહન છે. કર્મ-અકર્મ-સત્કર્મ-અસત્કર્મના વિચારમાં કવિઓ પણ મૂંઝાય છે. ક્રિયા પાછળ રહેલા મન

વડે કર્મ-અકર્મ આદિનો નિર્ણય કરી શકાય છે. છરી ચલાવવાની ક્રિયા એક કસાઈ કરે છે, શીલ રક્ષણ ક્રિયા એક સતી કરે છે, વાઢકાપ માટે એક ડૉક્ટર કરે છે, તે ક્રિયા એક કલમ ઘડનાર કે શાક સમારનાર પણ કરે છે. ક્રિયા એક જ છે પણ કર્તાઓની ભાવના ભિન્ન ભિન્ન હોવાથી કર્મબંધનોમાં મોટો ફેર પડી જાય છે.

બીજાના સુખની ભાવનાથી થતું કર્મ શુભ-પુણ્ય છે, જેનું ફળ સુખ હોય છે. દુઃખ આપવાની ભાવનાથી થતું કર્મ અશુભ-પાપ છે, જેનું ફળ દુઃખ હોય છે. આસક્તિરહિત સહજ ભાવે થાય તે શુદ્ધ-ધર્મ છે. જેનું ફળ શાંતિ છે. એના અભ્યાસથી અકર્માવસ્થા થાય, જેનું ફળ મુક્તિ છે.

સર્વાંગી સાર્થક કર્મ ચારેય પુરુષાર્થને માટે થાય.

મોક્ષ અને કામ, ધર્મ અને અર્થ એ

રામ-લક્ષ્મણ કે ભરત-શત્રુઘ્નના જોડકાંઓ છે.

ભોગ ત્યાગપૂર્વક કરવામાં આવે તો આનંદ આપે.

રામને અનુસરણ કરવામાં લક્ષ્મણની શોભા છે.

ધર્મપૂર્વકનો અર્થપુરુષાર્થ આનંદદાયક છે.

પૂર્વની ધાર્મિક સંસ્કૃતિ વડે જ પશ્ચિમની અર્થસંપન્નતા કલ્યાણકારક થઈ શકે છે.

આ રીતે સાથે પુરુષાર્થ ત્રિપુટી ઉપર
મળીને જીવનને સંપૂર્ણ બનાવી શકે છે.
જ્ઞાનવિહીન કર્મ આંધળાની દોટ છે.
કર્મવિહીન જ્ઞાન લંગડાની ચાલ છે.
આંધળું કર્મ પાંગળા જ્ઞાનને ખાંધે બેસાડીને ચાલે,
તો લક્ષ્ય પ્રાપ્તિ કરી શકે.

## ઉપનય

શાસ્ત્રકાર ભગવંતો ભવ્ય આત્માઓના હિતની ખાતર ફરમાવે છે કે: આ જીવ ૪ ગતિ, પાંચ જાતિ, ૨૪ દંડક અને ૮૪ લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરે છે. તેમાં અનેક પ્રકારે છેદન-ભેદન-પીડન-તાડન-તર્જનાદિ દુઃખો સહન કરતાં કરતાં નદી-ઘોળ-પાષાણ ન્યાયે મનુષ્યાવતાર મળે છે. તેને સાર્થક કરવાની ઇચ્છા હોય અથવા તો સદ્ગતિમાં જવાની અભિલાષા હોય, તો જિનેશ્વર ભગવંતે પ્રશંસેલા ધર્મનો આદર કરો.

## ઉપસંહાર

[illegible] જાણીને ધર્મ કરવો એ સાર-પરમ આધાર છે. એ રીતે શ્રી વીતરાગદેવની અમૃતતુલ્ય વાણી જેઓ સાંભળે, ધારે, આદરે, પાળે તે ઉલ્લાસે ધર્મકરણી કરે

પરભવને વિષે મહાવિદેહાદિ ક્ષેત્રોમાં ઉત્પન્ન થઈ ભવ્ય અરિહંત પાસે ધર્મ સાંભળી, પરમ વૈરાગ્ય પામી, ચારિત્રધર્મ અંગીકાર કરી, તેનું નિરતિચાર પાલન કરી, અનેક જીવો મુક્તિસુખને વર્યા, તેમ તમે બધા પણ ધર્મકરણી આદરી મુક્તિસુખને પામો તથા સિદ્ધપણે સૌ અવ્યાબાધ પદને મેળવી સિદ્ધશિલામાં વાસ કરો.

o mental attitude is a far more powerful factor in your daily, hourly excistence than perhaps you imagine. your thoughts, not your body, is your real self. your thought is as real as blood, muscle and skin. It goes from you to others, acts on them, moves and influences them. This is your real power, and as you learn how to control and project it, you will come to play successfully a greater part.

ૐ

## જડ અને ચૈતન્યની જુગલબંદી

(૧) 'જગત જડમાત્રનું બનેલું છે' તેમ કહેવું ખોટું છે.
ડાર્વિનનો સિદ્ધાંત જડવાદ નહિ, પણ
ચૈતન્યવાદની ઉત્ક્રાંતિ પર ઘડાયેલો હોવો જોઈએ.

(૨) મનુષ્યમાં જડથી અતિરિક્ત કોઈ શક્તિ છે.
તેને ખીલવવાનું પરિણામ યોગશાસ્ત્રના પ્રસિદ્ધ
સંપ્રજ્ઞાત-અસંપ્રજ્ઞાત સમાધિ છે.

(૩) મોક્ષ પામવાની ઇચ્છા તે જ ધર્મ અને મોક્ષ.
તે મનુષ્યના જીવનમાં સનાતન પરમાનંદની પરાકાષ્ઠા.

જીવિતના જડભાગથી નહિ, પણ તેના ચૈતન્યાંશથી જ તે મળવાની. ધ્યાનની શક્તિ મારફતે જ ચક્રોનું વેધન થઈ શકે છે. તે માટે મનની એકાગ્રતા આવશ્યક છે. એકાગ્રતામાં વિલક્ષણશક્તિ રહેલી છે. મન એકાગ્ર કરીને જ અર્જુને ધનુર્વિદ્યા શીખ્યો. મન એકાગ્ર કર્યું હોય તો બધા પ્રશ્નોનો ઉકેલ સહેલાઈથી થઈ શકે છે. સૂર્યના છુટા-છવાયા કિરણોને સૂક્ષ્મદર્શક કાચમાંથી કેન્દ્રિત કરી રૂ ઉપર પાડવામાં આવે તો સળગી ઉઠે છે. છુટા-છવાયા કિરણોમાં એ શક્તિ નથી. મનની શક્તિ છુટી-છવાઈ હોય તો સિદ્ધિ મળતી નથી. મહાપુરુષો પ્રયત્ન અને અભ્યાસ વડે એકાગ્રતા સાધીને જ સિદ્ધિ મેળવે છે.

બ્રહ્મચર્યેણ તપસા દેવા મૃત્યુમપાઘ્નત । - અથર્વવેદ

યદિચ્છન્તો બ્રહ્મચર્યં ચરન્તિ । - ભગવદ્‌ગીતા

બ્રહ્મચર્ય સહિતના તપથી અમૃતનું ઉપાદાન તથા અથર્વવેદનું રહસ્ય પ્રગટે છે, જેને ઈચ્છનારા બ્રહ્મચર્ય આચરે છે.

## ત્રણ પ્રકારના રસ

૦ નીચે જણાવેલ ત્રણ પ્રકારના રસ જે કોઈ પણ જાતે કરી શકશે, તેને મહીતલમાં કોઈ કાર્ય અસિદ્ધ નથી:

(૧) પંચભૂતાત્મક રસ - વીર્ય-બિન્દુ.

(૨) રસરાજ જાતે પારદ - મારેલો પારો.

(૩) પંચભૂતાત્મક મનસ્-સ્વરૂપ રસ.

આત્માની જનશક્તિના દેવતા બ્રહ્મા છે.

બ્રહ્મા-પ્રજાપતિ કે મન-એક જ અર્થબોધ કરાવે છે.

બ્રહ્માનંદની પ્રાપ્તિ બ્રહ્મગતિ વડે જ થાય છે. બ્રહ્મચર્યના પાલનથી બ્રહ્મગતિને પામવાની શક્તિ ઉત્પન્ન થાય છે.

તે શક્તિને ગતિવાન કરીને બ્રહ્મમાં જોડી શકાય છે.

મનદેવતાનું કાર્ય અમલ કરનાર શરીર આકાશભૂત છે. તેનું વિશેષ સ્થાન મસ્તક છે. તે મસ્તકના રજકણો-પૃથ્વી તત્ત્વ-સાત્ત્વિક અવસ્થામાં હોય, તે જ જગતમાં મહાન હોય.

આ ત્રણેના રસ જાતે કરવાથી પ્રાપ્ત થાય છે.

o <u>બીજ, ત્રિકુટી અને કુંડલીની જાગરણ</u>

રૂદ્રગ્રંથિના અધોભાગમાં જોરના કણીયાની માફક
એક સૂક્ષ્મ પ્રવાહ રહેલ છે, તેને બીજ કહે છે.
વિષ્ણુગ્રન્થીના મૂળમાં શ્રીઁ બીજ રહેલ છે.
બ્રહ્મગ્રંથિના મૂળમાં હ્રીઁ તત્વનું સ્થાન નિશ્ચિત છે.
મસ્તકના મધ્યભાગમાં ત્રિકુટી છે.

<u>ત્રિકુટી એટલે શું? તે ક્યાં રહેલ?</u>

એક કાનથી બીજા કાન સુધી માથા પરથી એક રેખા કલ્પવી.
બીજી રેખા બન્ને ભમરની વચમાંથી
મસ્તકના મધ્યભાગ સુધી ઊંચી જવી.
એ બન્ને રેખા જ્યાં મળે ત્યાં તેને 'ત્રિકુટી' કહે છે.
મંત્રજાપનું ત્યાં પ્રકાશમય જ્યોતિરૂપે ધ્યાન કરાય છે.
બ્રહ્મનાડી મેરૂદંડથી આગળ વધીને ત્રિકુટીમાં થઈને
સહસ્ત્રાર સુધી પહોંચે છે. આ બ્રહ્મનાડીમાં તેજ સ્વરૂપ
મનને પ્રવેશ કરાવીને આજ્ઞાચક્રમાં લાવવામાં આવે છે.
અહીં તે તેજરૂપ પ્રકાશ સ્થિર થયા પછીથી ચક્રનાં જે
લક્ષણો વર્ણવ્યાં છે, તે બધાનો અનુભવ થાય છે. ચક્રના
દળો, આકૃતી, તત્વનાં બીજો, દેવ, દેવ શક્તિ, યંત્ર, લિંગ,
વાહન, ગુણ, રંગ વગેરે સર્વ અનુભવો મનને થાય છે.

શરૂમાં તે અનુભવો ઘણુંજ અધુરા, ઝાંખા, અસ્પષ્ટ અને વિકૃત જેવા પણ જણાય છે. ધીમે-ધીમે એ અધિક સ્પષ્ટ થતા જાય છે. સ્વસ્થ ચિત્તથી સાવધાન થઈને લાગલગાટ સાધના કરવાથી સફળ થાય છે. ધ્યાનમાં એનાં લક્ષણો અધિક સ્પષ્ટ થતાં જાય છે. ચક્રોનાં સ્થાન ઉપર એની સાથે સંબંધ ધરાવતી માતૃકાઓ, જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો, વગેરેમાં અચાનક કંપ, રોમાંચ, સ્ફુરણા, ઉત્તેજનાદિ અનુભવાય છે. ચક્રોનું જાગરણ થઈ રહ્યું છે, એનાં એ લક્ષણો છે.

ત્રિકુટી સ્થિત જપ દ્વારા મંત્રજ્યોતિમાં મનને થોડો વખત રાખી મુકવાથી મન સ્વયં જ્યોતિર્મય-તેજસ્વરૂપ બની જાય છે. જેમ કોઈ તપાવેલી લાલ વસ્તુ હોય, તેમ આપણા મનને જ્યોતિર્લિંગના મધ્યમાં તપાવવા માટે મૂકવું. થોડો વખત રાખી મૂકવાથી સ્વયં જ્યોતિર્મય બની જશે.

તે જ રીતે આપણા મનને આજ્ઞાચક્રમાં લાવવું. અમુક કાળ દરમ્યાન મંત્રજપ ચાલુ જ રાખવાથી, મન જાણે છે જ નહિ, કારણ એનો નાશ થઈ જશે, અનિત્ય ભૂલાઈ જશે, વ્યાપક એવો ચિદ્ભાવ સ્થિર થશે અને વિલક્ષણ આનંદનો અનુભવ થશે. મંત્રજપ ચાલુ હશે તે જ રીતે કુંડલિની જાગ્રત થશે. સમુદ્ર ગગનને સ્પર્શે છે કે પૃથ્વી

સમુદ્રમાં ભૂસકો મારે છે અથવા ખાસ ઢબે અમુક રીતિએ વિશિષ્ટ વખત ધ્યાન કરવાથી, જે વધારે પડતી ગરમી પેદા થાય, તે અસહ્ય હોય છે. કુંડલિનીને જગાડવા માટે એને પીડિત કરવી, છેડવી તેમ જ છંછેડવી પડે છે. જેમ પરમાણુને વિસ્ફોટ કરવા-ફોડવા માટે એને વચ્ચેથી તોડવા પડે છે, તેના ઉપર ઘા મારવા પડે છે, તેમ જ સુતેલી કુંડલિનીને જાગૃત કરી ગતિશીલ બનાવવા માટે એના પર આઘાત કરવો પડે છે. આ ક્રિયાને '<u>કુંડલિની પીડન</u>' કહે છે. આથી પીડા પામીને છંછેડાયેલી તે, ફૂંફાડા મારતી જાગી જાય છે. એનું સૌથી પ્રથમ આક્રમણ આપણા મનમાં સંચિત થયેલા જન્મ-જન્માન્તરોના સંસ્કારો ઉપર થાય છે. એ સંસ્કારોને તે ચાવી જાય છે અને મનના મર્મ-સ્થળ ઉપર સૂક્ષ્મશક્તિ સાથે ચઢી બેસી, એની સ્થૂળતા-માયાપરાયણતા-મમતાને નષ્ટ કરીને બ્રહ્મલયમાં જોડે છે.

<u>ષટ્ચક્રોનું વેધન અને કુંડલિની જાગરણથી બ્રહ્મરંધ્રમાં<br>ઈશ્વરીય દિવ્યજ્યોતિ-પ્રકાશનાં દર્શન થાય છે<br>અને અનેક સિદ્ધિઓ પ્રગટે છે.</u>

વિશ્વમાં મનુષ્ય એ પરમેશ્વરની સર્વોત્કૃષ્ટ કૃતિ છે. મનુષ્યને તેણે આત્મા-મન-શરીર આપ્યાં છે. સૃષ્ટિના

અત્યંત શુદ્ધ ભાગમાંથી દીપન કરેલા સત્ત્વમાંથી મનુષ્યનું સ્થૂળ શરીર બનાવ્યું છે. અત્યંત શુદ્ધ ભાગમાંથી મન બનાવ્યું છે અને પોતાના જ સ્વરૂપમાંથી મનુષ્યનો આત્મા બનાવ્યો છે. સ્થૂળતા પ્રકાશના પ્રવેશની પ્રતિબંધક છે. સૂક્ષ્મતા અવિરોધિની છે. ઘી સ્થૂળ હોય છે ત્યારે તેમાં પ્રકાશ પ્રવેશી શકતો નથી. તેને અગ્નિ પર ગરમ કરી પ્રવાહીરૂપમાં રૂપાંતર કરવામાં આવે છે, ત્યારે તેમાં પ્રકાશ પ્રવેશી શકે છે અને તળિયા સુધી જોઈ શકીએ છીએ. ઉષ્ણતા અને શીતળતા વડે એક જ દ્રવ્ય વિવિધ રૂપોને ધારણ કરે છે. <u>દ્રવ્યની અત્યંત સૂક્ષ્મતા એ વાયુ છે, ઓછી સૂક્ષ્મતા એ જળ છે, સ્થૂળતા એ પૃથ્વી છે.</u>

<u>યોગારૂઢો અણિમા, લઘિમા, મહિમા વગેરે ક્રિયાઓ</u>
<u>સ્થૂળ-સૂક્ષ્મરૂપે રૂપાંતર કરીને કરી શકે છે.</u>

'આત્મા એ જ સત્ય છે,' એવી ભાવના રાખી મંત્રજાપ જપવાથી લાભ મળે છે. મંત્રજાપ એ તેની ઉપાસના છે. જેવી રીતે રેડીઓમાં સાંભળવાની ઇચ્છા હોય, ત્યારે પહેલાં લાઈટ કરવામાં આવે છે, તેના પ્રભાવે તે ગરમ થાય. પછી એ તેમાંથી જે સાંભળવું હોય તે તરંગો દ્વારા પકડી-સાંભળી શકાય છે, તેમ ચિત્ત અથવા મનની એકાગ્રતા

હૃદય તરફ વલણ કરવાથી એક પ્રકારનો સાત્વિક પ્રકાશ અનુભવાય છે. તેની મદદથી જે કાંઈ જોવું, સાંભળવું કે બોલવું હોય તે મેળવી શકાય છે.

પ્રકાશ અને અગ્નિ જે ગુણ વડે વિવિધ વ્યાપારો કરે છે તે ગુહ્ય ઉષ્ણતા છે. ઉષ્ણતા વિરુદ્ધ ભાસતાં જે પરિણામ ઉપજાવે છે. સૂક્ષ્મ (જલમય) દ્રવ્યને સ્થૂલ (પાર્થિવ દ્રવ્ય)થી જુદું પાડી વધારે સૂક્ષ્મ કરે છે તથા પાર્થિવ સ્થૂલ દ્રવ્યને વધારે સ્થૂલ - ઘટ્ટ બનાવે છે.

o સર્વ વિચારોની ઉત્પત્તિનું મૂળ આત્મા છે. સત્તામાં રહેલ શક્તિઓ શુભ વિચારો દ્વારા બહાર આવે છે. અનેક વિચારો કરનારમાં પરસ્પર જે વિષમતા કે ન્યૂનાધિકતા હોય છે, તે સત્તા શક્તિની ન્યૂનતાને લીધે નહિ, પણ સાધનની અપૂર્ણતાને લીધે થાય છે. પૂર્ણ સાધનો મેળવી પ્રયત્ન કરનાર અવશ્ય વિજયી નીવડે છે જ.

અવિચ્છિન્ન ઉન્નતિ માટે અભ્યાસની નિયમિતતા જરૂરની છે. એક દિવસનો અભ્યાસ સ્ખલિત થતાં અનેક દિવસના અભ્યાસ જેટલો બાધ પડે છે, હાનિ પહોંચે છે.

સ્વઃનો અર્થ વિજ્ઞાન થાય છે અને
સોમનો અર્થ મનોમય ચૈતન્યની ઉચ્ચભૂમિકાઓ.

## આત્મિક શુદ્ધિનો નૈતિક અર્થ

પ્રકૃતિની વાસનાઓ ઉપર બુદ્ધિ દ્વારા કાબુ મેળવી તેને સ્થૂળક્રિયામાં જતી અટકાવવી તે 'આત્મિક શુદ્ધિ' કહેવાય છે.

યોગ અને તત્ત્વજ્ઞાનની ભાષામાં 'આત્મશુદ્ધિ' શબ્દનો અર્થ:

મન-પ્રકૃતિ-શરીરના ચૈતન્ય ઉપર આત્માનો 'સત્યધર્મ' સ્થાપન કરવો અને સમગ્ર માનવ ચૈતન્યને દિવ્ય ચૈતન્યમાં સ્થિર કરવું. આમ થાય, ત્યારે આત્મશુદ્ધિ થઈ એમ ગણવામાં આવે છે. આમ આ અર્થ ઘણો જ વ્યાપક છે.

o જેવી રીતે બધાનું સત્ય સ્વરૂપ આત્મામાં છે અને ત્યાં તે બધાનું એકરૂપ છે, તેમ મનુષ્યની તમામ લાગણીઓનું મૂળ પ્રકૃતિમાં છે અને તે બધી મૂળ સ્વરૂપે એક જ છે, પરંતુ સ્થૂળ ભૂમિકા ઉપર ઉતરતાં ક્રિયાભેદથી તેઓને જુદી ગણેલ છે. જેવી રીતે જે કામ છે, તે જ ક્રોધ છે, તે જ માન છે, તે જ માયા અને લોભ છે.

પરિણામના ભેદથી જ માત્ર આને જુદા ગણાવેલ છે. મનુષ્યના જીવનમાં કોઈપણ પ્રકારની લાગણી - ભાવ ઉત્પન્ન થતાં પ્રકૃતિનાં બળો ઊંચે ન ચઢતાં નીચે ઉતરી, શારીરિક જ્ઞાનતંતુઓ ઉપર પોતાની મજબૂત અસર ઉપજાવે છે અને તેના સ્થૂળશરીરને ક્રિયામાં યોજે છે.

પ્રજ્ઞાની ભૂમિકા ઉપર કામ અને ક્રોધ એક જ છે. ક્રોધની લાગણી ઉત્પન્ન થતા તેની અસર જ્ઞાનતંતુઓ ઉપર થાય છે અને અતિનું અંગ વિકૃત થઈ જાય છે. તે ગરમ તેલ ઉકળવા લાગી જાય છે, મારામારી કરે છે. પ્રજ્ઞાની લાગણીઓનો સ્વાભાવિક જ નિયમ છે કે ઉંચે ન ચઢતાં, નીચે ઉતરી જ્ઞાનતંતુઓ ઉપર અસર કરી, શરીરને સ્થૂલક્રિયામાં જોડવું. જો અતિનું માનસિક બંધારણ અતિમજબૂત હોય, તો તે પ્રજ્ઞાનાં બળોને શરીરની ભૂમિકા ઉપર જરાપણ ન ઉતરવા દઈ, પ્રજ્ઞાની ભૂમિકા ઉપર જ ટકાવી રાખે છે. તે સ્થૂલ બ્રહ્મચર્ય તો પાળી શકે છે, અક્રોધી રહી શકે છે, પરંતુ પ્રજ્ઞાનાં બળોને એવી રીતે અટકાવવાથી તેઓ કદી પણ નાશ પામી જતાં નથી. જરાપણ માનસિક દબાણ ઓછું થતાં જ તે પાછાં સ્થૂલક્રિયાઓમાં પ્રેરાઈ જાય છે.

જ્યારે જ્યારે અતિ પ્રજ્ઞાની સામે મનથી લડાઈ કરે છે, ત્યારે ત્યારે પ્રજ્ઞા ખાસ કરીને સચોટતાથી સામે થાય છે. આના પરિણામે નબળા માનસિક બંધારણવાળી અતિ ઉપર પ્રજ્ઞા હુમલો કરી તેઓનાં માનસિક દેહનો કબજો લઈ લે છે અને તે અતિનો ઉન્માદ રોગ લાગુ પડે છે.

પ્રાણનો હુમલો એટલો સચોટ હોય છે કે ત્યાં તો તે વ્યક્તિ ઉન્માદ વશ થઈ જાય અથવા અનાતિમાન થઈ જાય છે.

આવા કારણોથી જ 'અત્યંત વિશુદ્ધ' અને
ફક્ત 'ઉગ્ર પ્રાણવાળી' વ્યક્તિને જ
આધ્યાત્મ ભૂમિકા માટે અધિકારી ગણવામાં આવી છે.

પ્રાણશક્તિમાં આ અધોગામી બળોને જો દિવ્યશક્તિની મદદથી પ્રાણની ભૂમિકા પરથી મનની ભૂમિકા પર ખેંચીને, આત્માની ભૂમિકા ઉપર સ્થાપન કરવામાં આવે, તો તેનો સદંતર નાશ થાય છે. પ્રાણશક્તિનું સત્ય સ્વરૂપ તો વિજ્ઞાનમાં-આત્માની દિવ્ય ભૂમિકામાં છે. પ્રાણનાં બળો દિવ્યશક્તિ વડે ખેંચાઈ જઈને માનસિક ભૂમિકા પર આવે છે, ત્યારે તદ્દન જુદો જ દેખાવ ધારણ કરે છે. તે વખતે લાગણીનું સ્વરૂપ બદલાઈ જાય છે. આ વખતે વ્યક્તિ પોતાની પ્રિય વસ્તુના દર્શન કે સ્મરણમાત્રથી ઉગ્ર થઈ જાય છે. સ્થૂલ ભૂમિકા પર તેનું કાર્ય દેખાતું નથી. દેહનું કલ્પવૃક્ષ તે સ્થૂલવૃક્ષ નથી, પણ મનોમય ચૈતન્યની આ ઉચ્ચભૂમિકા છે, જ્યાં લાગણીઓ એટલી ઉચ્ચ હોય છે કે સ્થૂલકાર્ય વગર માત્ર સ્મરણથી સાધક ઉગ્ર થાય છે. વિરાટ ચૈતન્યનાં ઉચ્ચતત્ત્વો જ્યારે નીચે આવવા પ્રયત્ન કરે

છે, ત્યારે સૌથી પ્રથમ અને અત્યંત વિકાસ પામેલા અધિકારીઓમાં જ થાય છે અને પછી ધીમે ધીમે તે તત્ત્વો સમગ્ર પ્રજામાં અવતરે છે. પ્રથમ જગતની ફીલસૂફીઓનો તુલનાત્મક અભ્યાસ અને વિજ્ઞાનના વિચારોનાં સાહિત્ય અને તત્ત્વજ્ઞાન વિષયક ગ્રંથોનું મનન કરી, પોતાના મન અને બુદ્ધિનો વિકાસ કરવો જોઈએ.

જ્ઞાની ધનથી નિર્ધન પણ બુદ્ધિથી ધનવાન હોઈ શકે છે. જે જે અધિકારી પોતાનું જીવન પોતાના સ્વરૂપના અનુભવમાં અને વિરાટ ચૈતન્ય સાથેના અભેદમાં ગાળે છે, તે દરેક અધિકારી જ્ઞાની છે. તેઓનાં પ્રત્યેક કાર્યો સત્યને અનુલક્ષીને જ થાય છે. આધ્યાત્મિક ભૂમિકા એ જ એક એવી ભૂમિકા છે કે જ્યાં મનુષ્યનો આત્મા પોતાના સ્વરૂપની પ્રાપ્તિ માટેનો જ્ઞાનપૂર્વકનો પ્રયત્ન કરી શકે છે. આનું જ નામ 'યોગ' છે અને એનું અંતિમ પરિણામ માનવ જીવનની પૂર્ણતા છે. સૌથી પ્રથમ 'અજ્ઞાન' કે જે સર્વ દુઃખોનું મૂળ છે, તે કેમ દૂર થાય તેનો વિચાર કરી વધુને વધુ જ્ઞાન મેળવવા સતત પ્રયત્ન કરવો જોઈએ. પ્રજાનું લક્ષ્ય ધન મટી જ્ઞાન બનવું જોઈએ. જીવન અને ધનને સરળતાથી જ્ઞાનપ્રાપ્તિનાં સાધન બનાવવા જોઈએ.

ૐ

યોગના સ્વરૂપમાં સ્થિર થવાથી ભાવપ્રાણ, આત્મભાવની હિંસા થતી નથી તથા દિવ્યજ્ઞાનમાં સ્થિર થવાથી તેના અનંત પ્રકાશમાં અસત્ય સ્પર્શી શકતું નથી. ચિત્ત સમાધિ એ કોઈ આકસ્મિક વસ્તુ નથી, પરંતુ વ્યવસ્થિત વિચારો થયા પછી અનુભવવાનો નિચોડ છે. બળાત્કારે ચિત્તને સમાધિ પ્રાપ્ત કરાવી શકાતી નથી, પણ જેમ રીતે આપણે જે બળાત્કારે કોઈ અસમાધિ પણ પ્રાપ્ત કરાવી શકતું નથી, તેમ ચિત્તને નિરાશ્રિત બધી વાતોના સમાધાન થયા પછી જ આવનારી તે સાહજિક વસ્તુ છે. 'યોગબિંદુ' ચિત્તસમાધિના મજબૂત પાયાના સુંદર ચણતર સાથે યોગમાર્ગનું અપૂર્વ નિરૂપણ કરે છે. આવા અપૂર્વ ગ્રન્થો વારસામાં મળ્યા એ ઉત્તમ પ્રારબ્ધની નિશાની છે.

o પરપુદ્ગલ અને તેના ગુણો પ્રત્યે રાગભાવ તથા પરજીવ અને તેના ચૈતન્ય પ્રત્યે માત્સર્ય ભાવ જીવને અનાદિકાળથી અજ્ઞાન અને મોહવશ દૃઢ થયેલો છે, અને તે બંને ભાવો મિથ્યા હોવાથી જીવને એકાંત સંક્લેશ તથા માનસિક દુઃખના કારણરૂપ બની જાય છે. તે મિથ્યા એટલા માટે કે પુરુષાર્થને અનુપયોગી તથા સુખનાં અસાધન છે. આત્મપદમાં અભિષ્વંગ અને વિદ્વેષ

રૂપ હોવાથી મિથ્યાભિમાનનાં હેતુ છે. આત્માનાં શુદ્ધ સ્વરૂપને આચ્છાદિત કરનારા છે. તેમાંથી મુક્ત થવાના ઉપાય રૂપ વૈરાગ્યની બાર તથા સમ્યક્ત્વની ચાર ભાવનાઓ છે.

બાર ભાવનાઓ પુદ્ગલના રાગાદિ છોડાવે છે,
ચાર ભાવનાઓ ચૈતન્યના દ્વેષાદિ છોડાવે છે.

ચૈતન્ય પર દ્વેષ અને પુદ્ગલ પર રાગ કરવા લાયક નથી,
કારણ ચૈતન્ય એ દુઃખનો હેતુ-જડ એ સુખનું કારણ નહિ.
જે સુખનું કારણ ન હોય તેનાં ઉપર રાગ રાખવો અને
જે દુઃખનું કારણ ન હોય તેનાં ઉપર દ્વેષ રાખવો
એ જ અજ્ઞાન છે.

તેને ટાળવા બારને ચાર મળીને સોળ ભાવનાઓ છે.

દ્વેષ ૪ પ્રકારે આવિર્ભાવ પામે: ઈર્ષ્યા, અસૂયા, દ્રોહ, ક્રોધ.

સમાન પ્રત્યે ઈર્ષ્યા, અધિક પ્રત્યે અસૂયા,
હીન પ્રત્યે દ્રોહ, નિર્ગુણ પ્રત્યે ક્રોધ થાય છે.
સમાન પ્રત્યે રાગ, અધિક પ્રત્યે પ્રમોદ,
હીન પ્રત્યે કરૂણા, નિર્ગુણ પ્રત્યે ઔદાસિન્ય
રૂપે તેનો પ્રતિકાર પ્રગટ થાય છે.
પુદ્ગલ સુખનો અહેતુ છે, એવી ભાવનાથી
તેના પ્રત્યેનો અયોગ્ય રાગ નાબૂદ થાય છે.

ૐ

ડાસોલી ચૈ.વ.૫

શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથાય નમઃ

ત્વં પદવાચ્યાર્થઃ જીવઃ। (primary sense)
લક્ષ્યાર્થઃ કૂટસ્થઃ। (secondary sense)

તત્ પદવાચ્યાર્થઃ ઈશ્વરઃ
ત્વમ્ પદલક્ષ્યાર્થઃ બ્રહ્મ — 'તત્ત્વમસિ'
અસિપદલક્ષ્યાર્થઃ ઐક્યભાવ

(પરિશિષ્ટ-૨૭)

The feeling where the outside world જગત્, the individual self જીવ and બ્રહ્મ are realised as one. He who understands this meaning and is able to identify himself with બ્રહ્મ surely becomes બ્રહ્મ।

મન્ત્ર-સંકેતસ્ય વેત્તા, શ્રીવિદ્યામન્ત્ર-રહસ્યભૂત પર-ભાવના-પ્રણાશિતમોહજાલઃ પરમશિવ એવ ભવતિ।

(પરિશિષ્ટ-૨૮)

૪ વેદ, ૬ વેદાંગ, ન્યાય, મીમાંસા, પુરાણ અને ધર્મશાસ્ત્ર મળીને કુલ ૧૪ છે, તેમાં ૪ વેદો મુખ્ય છે.

ह्रीँ

## શ્રી નમસ્કાર મહામંત્રની મહત્તા

o નવકાર એ મોક્ષનું બીજ છે, વિનયનું પ્રતીક છે,
કૃતજ્ઞતાનું ચિહ્ન છે, ભક્તિનું નિશાન છે, નમ્રતાનો સંકેત છે.
તે પૂજ્યો પ્રત્યે સન્માન અને આદરનો ભાવ છે.
માતાની જેમ શ્રદ્ધા અને વિશ્વાસનું ભાજન છે.
પિતાની જેમ ભક્તિ અને બહુમાનનું પાત્ર છે.
મિત્રની જેમ અનુમોદના અને પ્રમોદનું સાધન છે.
તે બીજાને દાન અને સમર્પણ છે.
તે પ્રેમ અને પ્રીતિનું સ્થાન છે.

### નવકારના પર્યાય

ઈતરાનપેક્ષા - અવિચિકિત્સા, આનુકૂલ્ય - અપ્રાતિકૂલ્ય,
તદીયતા - પ્રાહ્વાર્પણ, કીર્તન - માહાત્મ્ય કથન.

નવકારની યુક્તિ - બીજાંકુર ન્યાય, ભાવ વિનાની ક્રિયા, અંક વિનાના શૂન્ય, લૂણ વિનાનું ભોજન, ગોબર ઉપર ચિત્રામણ, રંગ વિનાની પીંછી, મૂળાક્ષર વિનાનું સાહિત્ય.

શ્રી નવપદારાધનની યુક્તિ - ભાવ વિનાનું નિષ્ફળ, ધર્મ જીવનનું વપન, કરણ - કરાવણ - અનુમોદન, કાયાની નિરોગિતા, વચનની અપ્રતિમતા, મનનું રક્ષણ, આત્માનું દર્શન, આચારનું પાલન, ચિત્તની પ્રસન્નતા.

ह्रीँ

## શ્રદ્ધા દ્વિરૂપા કલ્પલતા છે:

(૧) મનની પ્રસન્નતા. (૨) મતની આકાંક્ષા.

મનની પ્રસન્નતા ઉદક પ્રસાદકમણિની ઉપમા ધરાવે છે. સિદ્ધપુરુષોને નમસ્કાર આકાંક્ષારૂપી શ્રદ્ધા પેદા કરાવે છે. ચક્રવર્તીની સેનાથી મલિન થયેલ છીછરી નદીના જળને મણિનો પ્રભાવ સ્વચ્છ કરનાર બને છે. વિપુલ વૃષ્ટિથી છલોછલ ઉભરાતી અને પર્વતના બંને કીનારાને તોડતી નદીને પાર ઉતારનાર સાહસિક માનવના બળને જોઈને નદી પાર કરવાનો જાગતો ઉત્સાહ એ નમસ્કાર છે.

o આત્માને પરમાત્મા રૂપે પીછાનવો અને એ પીછાની, તેવા બનવાનો પ્રયત્ન કરનાર તથા એ પ્રયત્નને પ્રવૃત્તિએ પહોંચાડનારને જોઈને એ સ્થિતિ મેળવવાનો ઉત્સાહ એ પ્રસન્નતા તથા આકાંક્ષારૂપી શ્રદ્ધાનું સ્વરૂપ છે.

o પોતાનામાં પરમાત્મપણું જોનાર પ્રસન્ન બને છે.

એને પ્રગટ કરનારને જોનાર આકાંક્ષાવાન બને છે.

એક સમજવાની અને બીજું પામવાની રુચિ છે.

એક છે રોચક અને બીજું છે કારક.

ક્રિયા થવું અને ક્રિયા થવું ગમવું, એ બે શ્રદ્ધા અન્વયે જૂદી-જૂદી વસ્તુ છે. બે શક્તિ મળવાથી મહાન અને દુષ્કર કાર્ય સિદ્ધ થઈ શકે છે.

o એક ભક્ત અને બાહ્ય ભક્તિની સરખામણીમાં
ભક્ત એ દૃઢ અને અભંગ અભીપ્સારૂપ છે,
જે નીચેથી આહ્વાન કરે છે.
ભક્તિ એ ભગવત્ પ્રસાદરૂપ છે,
જે ઉપરથી તેનો ઉત્તર આપે છે.

o ચડતી - ઉતરતી શરણાગતિ એવં કૃપાની અનુભૂતિ થવા, તેના દૃષ્ટાંતોમાં વાનરનું અને બિલાડીનું બચ્ચું આવે.

o મંત્રભાવનાને માતાની ઉપમા આપી છે, તે આ રીતે:
પુત્રના હિતની ચિન્તા, પુત્રના ગુણનો પ્રમોદ,
પુત્રના દુઃખની કરૂણા, પુત્રના દોષની ઉપેક્ષા.

o પ્રાણીમાત્રને બે ઇચ્છા કુદરતી હોય છે:
'મને સુખ મળો', 'મારું દુઃખ ટળો.'
તેમાં 'સર્વને સુખ મળો' અને 'સર્વનું દુઃખ ટળો'
એટલો ઉમેરો થઈ જાય તો તે શુભેચ્છા બને છે,
અશુભભાવ ટળી શુભભાવરૂપ થાય છે.
તેને શુભાત્મ પરિણામ પણ કહેવાય છે.

<u>શરીરની ૩ અવસ્થા</u>

નિદિધ્યાસન - સવિકલ્પ સમાધિ - સહજ સ્થિતિમાં
નિદિધ્યાસન અને સવિકલ્પ સમાધિ એ
આરૂરૂક્ષુવૃત્તિ છે. સહજ સ્થિતિ એ આરૂઢાવસ્થા છે.

ह्रीं

o લક્ષ્મી-સરસ્વતીનો અને તપ-ત્યાગનો
સહયોગ વિરલ રીતે જ સાંપડે છે.

લક્ષ્મી વારાંગના છે, ઐહિક સુખ આપી છોડી દે છે.
સરસ્વતી કુલીન સ્ત્રી છે, જન્મોજન્મ અનુસરે છે.

o Fatalism એ નિયતિ કે નસીબવાદ નથી,
પણ અનાસક્તિ, નમ્રતા અને સમર્પણની એક ભાવના છે.

સોયના નાકામાંથી ઊંટને પસાર થવું સહેલું છે, પણ સ્વર્ગના
દ્વારે સ્વાર્થીને પ્રવેશ મળવો મુશ્કેલ છે, માટે પરાર્થ કરવું.
ત્યાગ કરવામાં ભોગવવા જેટલો જ આનંદ જેઓને
આવે છે, તેઓ દાનવીર છે.

दातारं कृपणं मन्ये मृतोऽप्यर्थं न मुंचति।
अदाताहि धनत्यागि धनं हित्वा हि गच्छति।

o ઈશ્વરનું નામ લેવું
એ કોઈ દૂરના ધ્યેય માટેની સાધના નથી,
પણ ધ્યેય પોતે જ છે.

લક્ષ્ય માર્ગ માટે નથી, પણ માર્ગ લક્ષ્ય માટે છે.
માર્ગ એ લક્ષ્યનું પ્રતીક છે અને
'લક્ષ્યે પહોંચવા માટે જે કરવું પડે તે બધું હું કરીશ'
એવા સંકલ્પનું પણ પ્રતીક છે.

ह्रीँ

દૂધમાંથી જળ અલગ કરે તે હંસ,
જડમાંથી ચેતન પ્રાપ્ત કરે તે પરમહંસ.
મન વશ ન કરે તે મરે, મન વશ કરે તે તરે.

આત્મિક શક્તિ વગર પ્રકૃતિમાં મૌલિક ફેરફાર કરવાનું બની શકે નહિ તથા સત્ય જીવન અને માનસ શાસ્ત્રનું જ્ઞાન મળી શકે નહિ. પૂર્વના ઋષિઓ 'સત્ય દ્રષ્ટા' સિવાય કોઈને મનુષ્ય ગણતાં નહિ. તેઓ માનતા કે બાકીના મનુષ્યો અને પશુઓમાં કાંઈ ફેર હોતો નથી. બન્ને અવિદ્યાથી ભરપૂર છે. ધર્મ એટલે પુણ્ય કે સદાચાર જ નહિ, પરંતુ આત્મિક જીવનની આધ્યાત્મિક ક્રિયા. વિચારકો એ સદ્‌ગુણો અને તત્ત્વોના પ્રતિનિધિઓ છે.

જેને યોગમાર્ગમાં પ્રગતિ કરવી હશે, તેને યોગગ્રન્થોના પદાર્થોને બરાબર પચાવવા જ પડશે, તે સિવાય સમાધાન વૃત્તિ અધુરી જ રહેવાની. અનાસક્તિ, વૈરાગ્ય અને સંયમ એ ચેતનનાં લક્ષણો છે. ચેતનમાં પૂર્ણ નિષ્ઠા થવાથી ઉપર્યુક્ત લક્ષણો સહજપણે પ્રગટે છે. આસક્તિ, રાગ અને સંયમ પ્રાકૃત જીવનાં લક્ષણો છે. ગુણોનું અનુસરણ કરવું એ જ ખરી ગુણ સ્તુતિ છે. વસ્તુનું સ્વરૂપ સમજવાને ત્રિપદી જેવું બીજું સૂત્ર નથી. ત્રિપદી એટલે સર્વ ઉપદેશનું હાર્દ.

ૐ

<u>જૈન ધર્મનું મૌલિક સ્વરૂપ જેણે સમજવું હોય,</u>
<u>તેણે કોઈ ખાસ ગ્રન્થની જરૂર જ ક્યાં છે?</u>
<u>જૈનોનો અનેકાન્તવાદ બહુ સ્હેલો સરલ બસ!</u>

જુદી જુદી દૃષ્ટિઓનો સમન્વય કેમ કરવો એ સૂત્ર સમજાયું, એટલે અંતરમાં પ્રકાશનું પૂર રેલાયું જ સમજો.

સ્યાદ્વાદી ભાષાને પકડતો નહિ, પણ ભાવને પકડે છે. તે બોલનારનું દૃષ્ટિબિન્દુ જુએ છે, કોરી વાણી નહિ. બુદ્ધિની કોરી સમજણ એ કાંઈ જીવન નહિ. જીવન એટલે તો તે પ્રમાણેનું હોવાપણું, થવાપણું, અનુભવ થવો તે. માન્યતા ખાતર શરીરનું પણ બલિદાન આપવું પડતું હોય તો આપવું એ માન્યતા ઉપરની ખરી શ્રદ્ધાને સૂચવે છે. જેમ પ્રામાણિકપણું રાખવું એ માનવનો ધર્મ છે, તેમ ઈશ્વર ઇચ્છાને માથે ચઢાવવી - ઈશ્વરપરાયણ બુદ્ધિ રાખવી, એ પણ તેટલો જ અગત્યનો ધર્મ છે.

નીતિના નિયમને માન્ય રાખવા એ મનુષ્ય પ્રત્યેનો ધર્મ છે. ધર્મના નિયમને માન્ય રાખવો એ ઈશ્વર પ્રત્યેનો મનુષ્યનો ધર્મ તથા લોકોત્તર નીતિ છે. ત્યાગ કરીને આનંદ મેળવો. તેન ત્યક્તેન ભુંજીથાઃ। વિજ્ઞાન શાસ્ત્રનો એક નિયમ છે કે શક્તિનો નાશ થતો નહિ.

ૐ

વિજ્ઞાન અને વેદાંતનાં નિષ્કર્ષો સરખાં છે.
વેદાંત દુનિયાની વાસ્તવિકતાનું જ્ઞાન સંશ્લેષણના
આધાર ઉપર, જ્યારે વિજ્ઞાન તેને
વિશ્લેષણના આધાર ઉપર પ્રાપ્ત કરે છે.
વેદાંત તો ઘણું જૂનું છે, લઘુ છે,
પણ રામાયણમાં ત્યાગી જીવન શું છે, તે તેનો નમૂનો છે.
મોક્ષગામી જીવ સીધી લીટીમાં સિદ્ધશિલા ઉપર જાય છે,
એ સાબિત કરવા જ જાણે
ન્યૂટને કહ્યું હશે કે જો કોઈ જાતનું
બાહ્યબળ વાપરવામાં જ ન આવે, તો દરેક ગતિમાન
વસ્તુ એકસરખી ગતિએ સીધી લીટીમાં ગતિમાન રહે છે.
0 આપણાં દુઃખો એટલા માટે હોય છે કે આપણે પ્રભુ
અને આત્મા તરફ વિશેષ દૃઢતાથી જઈએ.
આપણું બધું જ કામ આત્મતત્ત્વ કરી રહ્યું છે.
એ દિવ્યશક્તિ સિવાય કાંઈ થઈ શકે જ નહિ.
બધો બોજો આત્મા-શક્તિ-પ્રભુ ઉપર છે.
બોજાને બાજુ ઉપર કે માથા ઉપર રાખીએ,
તો પણ બોજો તો છે તેના ઉપર જ છે.
0 વિચાર = શક્તિ, વાસના = વિચાર.
આ રીતે કદાપિ વાસનાનો નાશ થતો નથી.

o માટી, પાણી, હવા એક જ પ્રકારના હોવા છતાં જમીનના ભેદે જુદા જુદા વૃક્ષ વિકાસ પામે છે. દાખલા તરીકે દ્રાક્ષ, લીમડો, આંબાઆદિ એક મીઠો - એક કડવો - એક ખાટો રસ પરિણમાવે છે. પશુઓ ઘાસ એક જ પ્રકારનું ખાય છે, પણ ગાય, ભેંસ, ઘોડા, બકરાના દેહે જુદી-જુદી રીતે ઘડાય છે. વસ્તુત: વસ્તુનું સ્વરૂપ સમજ્યા પછી મહાત્માને એક નવી જ દૃષ્ટિ લાધે છે. એના ભય, વહેમ, સંઘર્ષાદિ ઉડી જાય છે. વસ્તુ સ્વભાવ, કર્મ અને તેના વિપાક તથા ત્રિપદીનો ક્રાંતિકારી સિદ્ધાંત જાણ્યા પછી રાગ-દ્વેષ અને કષાય રૂપી કીચડ રહેતા નથી.

ભાવના જ માત્ર આપણા કર્મને, વિચારને અને શબ્દને સોપાધિક ભૂમિકા ઉપર મૂકી આપે છે. જો આપણી ભાવના સદ્ભાવના હોય તો તેમાં માનવીનું કલ્યાણ છે.

સદ્ભાવના જ માનવને ચારિત્રવાન બનાવી શકશે.

તે ધાર્મિક શિક્ષણ વડે સહેલાઈથી પેદા કરી શકાય છે.

વિવેક એ સાચાખોટાની પરખ છે અને એ પરખને અનુભવે જીવન જીવવાની કળા છે. કંચન અને કથીરનો ફરક જાણવો અને કંચનને સંઘરી કથીરથી દૂર રહેવું, એ જ વિવેક અને તેનું ફળ છે. સ્થિર-અસ્થિર,

પવિત્ર-અપવિત્ર, સ્વ-પર, હિત-અહિત-પુણ્ય-પાપ ઈત્યાદિનો વિભાગ કરી, એ સમજણ જે બુદ્ધિના પ્રકાશ વડે અંતરમાં પ્રગટ થઈ-જીવનમાં ઉતારવાની શક્તિ આપે, એ સમજણપૂર્વકની બુદ્ધિનું બીજું નામ વિવેક.

માનવો સાર-અસાર વચ્ચે વિવેક નહિ કરી શકતાં,
તેમાંથી જ જગતનાં દુઃખો જન્મે છે.

o ઘર આંગણે ગંગાનીર - છતાં મૃગજળ પાછળ ભમવું, શાશ્વતશાંતિનો મહાકૂપ ભલે ઘરના ખૂણે પડ્યો રહે, છતાં પણ ક્ષણિક એશઆરામના વિવિધરંગી કાચના ટુકડાઓને એકઠા કરવા તલસ્યા કરવું, આથી મોટો અવિવેક બીજો કયો હોઈ શકે? આવો અવિવેક અહર્નિશ આચરતાં જીવો જીવનભર આપત્તિઓમાં અટવાઈ રહે, એમાં શું આશ્ચર્ય?

વિવેકમાં શું નથી? તેમાં...

સામે આવેલી વસ્તુઓને, બિનઅંગત રીતે, ઉશ્કેરાટ વગર તપાસવાની ધીરજ છે. આકર્ષક છતાં અહિતકરને તજવાની ત્યાગવૃત્તિ છે. અનાકર્ષક છતાં હિતકરને ઓળખવા જેટલી અંતર્મુખતા છે. મંગળની સાધના કરવા જેટલી શ્રદ્ધા છે. સન્માર્ગે જતાં અવશ્ય આવનારા વિઘ્નો અને સંકટોને સહવા જેટલી તિતિક્ષા છે. ખાદ્યાખાદ્ય, પેયાપેયનો વિચાર

ૐ

કરવા જેટલું અને યોગ્યને, યોગ્ય પ્રમાણમાં, યોગ્ય સમયે જ યોગ્ય ઉપયોગ કરવા જેટલું આત્મભાન છે. ધૈર્ય, ત્યાગ, અંતર્મુખતા, શ્રદ્ધા, તિતિક્ષા, આત્મભાન આદિ અનેક સાત્વિક સંપત્તિઓનો સર્જક એક વિવેક છે,

તેથી તે જીવનનું મોટું ધન છે અને અવિવેક

એ આપત્તિઓનું મોટું સ્થાન છે.

'अविवेकः परमापदां पदम्' (પરિશિષ્ટ-૨૯)-કિરાત

'विवेकभ्रष્टानां भवति विनिपातः शतमुखः।'

(પરિશિષ્ટ-૩૦) -ભર્તૃહરિ

૦ ઈશ્વરનું અસ્તિત્વ કોઈ બાહ્યપ્રમાણથી નહિ સિદ્ધ થઈ શકતું, પરંતુ [illegible] [illegible] જીવનમાં તેનો સ્પર્શ અનુભવાય છે, જેમના રૂપાંતર પામી ગયેલાં જીવન અને ચારિત્ર્યથી તે સિદ્ધ છે. Heat, light, motion, electricity, Gravitation વગેરે શક્તિઓ એક જ વિશ્વશક્તિનાં ભિન્ન ભિન્ન રૂપો છે. તેમનું એકબીજામાં પરિવર્તન કરી શકાય છે. ભઠ્ઠીમાં વીજળી ઉષ્ણતારૂપે, bulbમાં પ્રકાશરૂપે, Televisionમાં પ્રકાશને વિદ્યુતરૂપે અને વિદ્યુતને પ્રકાશરૂપે ફેરવી શકાય છે. સૂર્યકિરણોથી વિદ્યુત બનાવવાના યંત્ર તૈયાર કરાય છે.

દુનિયાની દરેક વસ્તુ, એનાં રૂપ, રંગ, ગુણ ગમે તે હોય, પણ એક જ શક્તિના મૂળમાંથી ઉદ્‌ભવ આકાર બને છે. કશું જ નાશવંત નથી, તો એનો વિલય શેમાં થશે? એમાં જ કે જેમાંથી એની ઉત્પત્તિ થઈ છે. જગદીશને સિદ્ધ કર્યું છે કે બધા જીવોમાં પ્રાણતત્ત્વ એકસરખું છે. *Response in the living and non-living* નામના પુસ્તકમાં જગદીશચંદ્ર બોઝે 'લોઢું વગેરે ધાતુઓમાં પણ જીવતત્ત્વ છે' એમ કહ્યું છે. ધાતુઓ પણ અન્ય પ્રાણીઓના જીવતત્ત્વની જેમ જ વિદ્યુતના આવેગનો પ્રતિકાર કરે છે, એથી એ સિદ્ધ થાય છે કે:

દુનિયાની દરેક વસ્તુમાં જીવતત્ત્વ છે.

અગાધ સંસારનો પરિચય મેળવવામાં વિશ્લેષણાત્મક
પદ્ધતિ બહુ લાંબે સુધી મદદ નહિ આપી શકતી.
એને માટે સંશ્લેષણાત્મક પદ્ધતિ જ સ્વીકારવી પડે છે.
વિશ્વ 'ચિતિ'નો અગાધ સાગર છે અને
પ્રત્યેક ક્રિયા કોઈ શ્રેષ્ઠ તપશક્તિ દ્વારા નિયંત્રિત છે.
અહં બ્રહ્માસ્મિ, આત્મવત્ સર્વભૂતેષુ
વગેરે સૂત્રો દ્વારા સ્વજીવનનાં કર્તવ્ય
અને ધર્મની દિશા નક્કી કરી શકાય છે.

જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિઃ
જાનામ્યધર્મં ન ચ મે નિવૃત્તિઃ ।
કેનાઽપિ તત્ત્વેન હૃદિ સ્થિતેન
યથા નિયુક્તોઽસ્મિ તથા કરોમિ ॥(પરિશિષ્ટ-૩૧)

o વ્યવહારમાં મૂકેલો એક કણ મોઢેથી કાઢેલા સમુદ્ર જેટલા વરાળ કરતાં વધારે કીમતી છે.

o વિચાર અને આચારની સપાટીઓ સરખી કરવા માટે આદર્શોને નીચા લાવવાની જરૂર નથી. આદર્શો ઉચ્ચ હશે તો જ આચરણ ઉચ્ચ થઈ શકશે. આદર્શો દોરડાં સમાન છે કે જે ઉંચે ખેંચી શકે છે. દોરડાનો ખીલો ગમે તેટલો ઉંચો હોય, પણ જો પ્રમાણિકપણે એ દોરડાનો ઉપયોગ કરીએ, તો થોડું ઘણું તો ઉપર ચઢાય જ.

કહ્યું છે કે: 'તારલે તાકવાથી વીંધશો ઊંચા વૃક્ષને.'

વિચારને આચરણમાં મૂકવા ૩ ક્રમોમાંથી પસાર થવું પડે:

(૧)વિચારની યથાર્થતાનો સ્વીકાર.
(૨)વિચાર વિષે પ્રતીતિ-ખાતરી(Conviction).
(૩)વિચારમાં અનંત શ્રદ્ધા-નિષ્ઠા.

જો આપણે વિચાર અને આચાર વચ્ચેનું અંતર ઓછું કરવું હોય, તો જે વિચાર આપણે આપણાથી

હોય તેના પર મનન અને ચિંતન કરવું જોઈએ. એ વિચારને મનમાં ખૂબ દૃઢ કરવાથી એને વિશે પ્રતીતિ થાય છે. એ વિચાર સત્ય જ છે અને આવશ્યક છે, એમ મનમાં દૃઢ સંકલ્પ થાય છે. ત્યાર પછીની શ્રદ્ધા અને નિષ્ઠાની કક્ષા આવે છે. કોઈ વિચારને 'માનવાની' કક્ષા શ્રદ્ધા અને નિષ્ઠામાં પરિણમે છે. તે વખતે વિચારને આચરણમાં મૂકવા માટે અતિ સાચા દિલથી સતત પ્રયત્ન કરવા પડે છે. જ્યારે કોઈ નવો વિચાર આપણી સામે આવે, ત્યારે તેની બુદ્ધિથી પરીક્ષા કરી, સ્વીકારવા યોગ્ય લાગે તો સ્વીકારીએ. ઘણા આ કક્ષાથી આગળ જતા નથી.

આપણાં ઘણાં ખરાં આચરણો રૂઢિ, રિવાજ, ટેવને અનુસરે છે. ઘણીવાર એની પાછળ બુદ્ધિનું ચિંતન હોતું નથી. આપણે સતેજ વિચાર કરીએ તો આપણા આચાર-વિચાર વચ્ચેનું અંતર આપણને નવાઈ પમાડનારું અને શરમ ઉત્પન્ન કરનારું લાગશે. જો આપણું જ આચરણ આપણા વિચારને સુસંગત ન હોય, તો આપણા જ વિચારની આપણને જ કીંમત નથી એમ સિદ્ધ થાય છે.

આચરણના ચીલામાંથી બહાર નીકળવું હોય,
તો મહા પરિવર્તનનું બળ આવશ્યક છે.

પહેલા તબક્કામાં બુદ્ધિ માત્ર વિચાર ગ્રહણ કરે છે.
બુદ્ધિની સાથે લાગણીઓ, વૃત્તિઓ અને મહત્વાંકનો
જ્યારે તદ્રૂપ થાય છે,
ત્યારે બીજો અને ત્રીજો તબક્કો આવે છે.
જ્યારે પહેલા તબક્કામાં હોઈએ, ત્યારે આપણે માત્ર
વિચાર કરીને સંતોષ માનીએ છીએ તથા
આપણને આચરણનો આગ્રહ આવતો નથી.
બીજા તબક્કામાં આચરણનો આગ્રહ
અસંતોષ ઉત્પન્ન કરી આચરણ તરફ પ્રેરે છે.
ત્રીજા તબક્કામાં આપણા વિચારને પૂર્ણ ઉત્સાહથી,
તન-મન-ધનથી આચરણમાં મૂકીએ છીએ.
પ્રથમ તો જાત વિષે વિચાર કરતી વખતે
ચોખ્ખું દિલ રાખી નિખાલસતા કેળવવી જોઈએ.
જે તટસ્થતાથી બીજા વિષે વિચાર કરીએ છીએ, તે જ
તટસ્થતાથી આપણા વિષે વિચાર કરવો જોઈએ.
માન્યતા અને આચરણમાં ભેદ લાગે ત્યારે
આચરણ એ માન્યતાની કસોટી છે એમ માનવું.
એ માટે સમય-શક્તિ-ધનનો કેટલો ભોગ આપવાને
તૈયાર છીએ, એ જ આપણી શ્રદ્ધાનું માપ છે.

o જે પદાર્થ અવશ્ય નાશ પામનારા છે, પણ
મમત્વના કારણે તે પદાર્થ નાશ ન પામે
એવા આગ્રહપૂર્વકની બુદ્ધિ તે અભિનિવેશ છે.
તે અભિનિવેશ છે, ત્યાં સુધી ભય-શોક મટતાં નથી.
મમત્વના વિષયભૂત પદાર્થોનો નાશ થવાની આશંકા ભયની
અને પદાર્થ નાશ થયા બાદ શોકની લાગણી જન્માવે છે.
ભય-શોકને જીતી જવાનો ઉપાય ક્ષણિકત્વની ભાવના છે.
સર્વં દુઃખં ૨, સર્વં ક્ષણિકં ૨, સર્વં શૂન્યં, સર્વં
સ્વલક્ષણં ૨. એ વિચારણા ભયની લાગણીને નાબૂદ કરે
છે. શોકના બદલે સદા આનંદની લાગણી ટકાવી રાખે છે.

o ધર્મનું મૂળ દુઃખમાં છુપાયેલું છે.

જેમ ઘી ચીકણું છે,
પણ જીભ ઘીથી ચીકણી થતી નથી.
તેમ સંસાર બધાને લોભાવે છે,
પણ સમ્યગ્દૃષ્ટિને નહિ.

o અગ્નિ પણ શાતતા થાય તો અન્યની ઉપાધિ માનવી.
જળ પણ દાહ થાય તો અગ્નિ સંયોગરૂપ ઉપાધિ
માનવી જ રહી. અગ્નિ બાળે તો આકાશને કે પાણીને
કેમ ન બાળે ? ટાઢ મારે તો નજીકને કેમ ન મારે ?

## મિથ્યાત્વનાં સ્થાન

(a) આત્માને અકર્તા માનવો તે સાંખ્ય નિયતિવાદ છે.

નિયતિવાદ = સાધક - કારક.

(b) આત્માને અભોક્તા માનવો તે વેદાંત સ્વભાવવાદ છે.

સ્વભાવવાદ = યોગ્યતા - કર્મ.

(c) ઉપાદાનને માનવું, નિમિત્તને નહિ તે અહેતુવાદ છે.

અહેતુવાદ = ઉપાદાન નિમિત્ત.

(d) નિશ્ચયને માનવું, વ્યવહારને નહિ તે અદ્વૈતવાદ છે.

અદ્વૈતવાદ = નિશ્ચય વ્યવહાર

(e) ભાવને માનવું, દ્રવ્યને નહિ તે સ્વચ્છંદવાદ છે, અથવા શુભરાગને મોક્ષનું સાધન ન માનવું અને શરીરાદિની ક્રિયાને નિરપેક્ષ માનવી તે સ્વચ્છંદવાદ છે.

સ્વચ્છંદવાદ = દ્રવ્ય ભાવ

અક્રિયાવાદ = શુભરાગ

અજ્ઞાનવાદ = હેયોપાદેય વિવેક

નાસ્તિકવાદ = પ્રવૃત્તિરૂપ ચારિત્ર.

ભોક્તૃત્વ - કર્તૃત્વ - કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ, પુરુષાકાર.

ઉપરના પાંચ કારણોમાંથી એકનો પણ ઇન્કાર કરવાથી ઉપર્યુક્ત દોષો આવે છે.

શાણી બુદ્ધિ કહે છે કે જે જેવું છે તેને તેવું જુઓ.

આપણું વાસ્તવિક સ્વરૂપ આત્મા છે, શરીર-મન તો કરણી છે. કરણીને કર્તા ન મનાય. માટે દરરોજ થોડા-થોડા સમયે આત્મામાં ડુબકી મારવાની ટેવ રાખવી જોઈએ. કામ કરતાં કરતાં અશાંતિ જેવું લાગે કે તરત જ આત્મા તરફ સીધા ચાલો એટલે શરીર-મન વગેરે સ્વાભાવિક રીતે જ બળ મેળવી બહાર આવશે. આમ કરતાં રહેશો તો તમને બળની ખોટ જણાશે નહિ. બધા જ મહાપુરુષ ઈશ્વરની રીતે બળ અને ઉલ્લાસ મેળવતા રહે છે. માટે દરરોજ થોડી-થોડી વારે આત્મામાં ડુબકી મારતા રહો, એટલે આનંદ કાયમ બનશે.

નાટકનો ખેલો પોતાના માથા ઉપર રાખી હેરાન શા માટે થવું? આપણું ખરું ધન કે બળ પ્રભુ ઈશ્વરનો વિશ્વાસ છે. અન્ન-જળ વિના ચાલે, પણ પ્રભુજી વિના ઘડીભર જીવી શકીએ નહિ. પ્રભુ વિશ્વાસુ બાળ કશાથી ડરવાની જરૂર નથી. જે સંજોગો આવી પડે તેને હસતે મુખડે ભોગવતાં રહો. આપણે શરીર-વાણી-મન ઈત્યાદિ દ્વારા જે કર્મો કરીએ, તે સર્વને પ્રભુ કે પરમાત્મા સાક્ષીરૂપ છે, બુદ્ધિ ગુણોને અંતઃકરણમાં ઉત્પન્ન થતાં

તમામ સંકલ્પો ઉત્પન્ન થતાંની સાથે જ તે પરમાત્મા રૂપ છે, એવા પ્રકારના ભાવ વડે સર્વભાવનાઓને કેવળ એક પ્રભુમાં એકઠી કરી. શ્રમણ સંસ્કૃતિ મંગળપ્રધાન છે. શુભ કરતાં મંગળને જેણે ઉત્કૃષ્ટ માન્યું, તપ-સંયમ અને અહિંસાને ધર્મ મંગળ માની, તેના ઉપર શ્રદ્ધા સ્થાપી, તે નિરાકુળ બની જાય છે. આકુળતા તેને મુંઝવી શકતી નથી. જેણે જીવનમાં નિરાકુળતા અનુભવી, તે મંગળમાર્ગનો પથિક પોતાની અંદર રહેલ અનંત સુખ-શાંતિના મહાસાગરની શીતળ લહેરી માણે છે. 'સર્વમંગલ માંગલ્યં' વિશિષ્ટતાયુક્ત જૈન શાસનની ઘોષણા કરે છે.

દુઃખના કારણ સમાન રાગ-દ્વેષાદિને જેણે જાણ્યાં છે, તેને સંસારમાં અવતરવાપણું નથી કે સંસારના દુઃખોને વેઠવાપણું નથી. રાગાદિ આંતરશત્રુઓને જેણે હણ્યા છે, તે જ સર્વશક્તિમાન - સર્વ મંગળમય છે. એ મંગળમય પ્રભુનું ધ્યાન રાગાદિ શત્રુઓ સામે ઝુઝવાની અને દુઃખમાંથી છુટવાની પ્રેરણા તેમ જ શક્તિને જગાડે છે.

ઉનાળાના દિવસોમાં શીતળ હવાવાળા બગીચામાં ઘણાં માણસો બેઠેલા હોય છે, તેમને કોણ બોલાવવા ગયું હતું? તાપમાંથી બચવા અને વિશ્રાંતિ લેવાનું સ્થાન આ

સુંદર છે, કારણ ધનાની સાથે વગર આમંત્રણે લોકો ખેંચાઈ આવે છે. સુખ ભોગવવાનો કે ઇચ્છવાનો અધિકાર સૌને છે, પણ તે સુખ અનિત્ય નહિ-નિત્ય હોવું જોઈએ. નિત્ય સુખનું ધ્યેય જેઓ ભૂલી જાય છે, તેઓ સુખની ઇચ્છાએ અનિત્ય ઐહિક સુખની પાછળ દોડીને દુર્દશા પામે છે. સુખની ઇચ્છા એ બૂરી વસ્તુ નથી, પણ અનિત્ય સુખની ખાતર નિત્ય સુખને ભૂલી જવું એ જ ખરો અપરાધ છે. અનિત્ય સુખની લાલસા ન છૂટતી હોય, તો તેને પ્રભુભક્તિમાં વાળવી.

આંતર-રિપુઓએ આજે વિશ્વમાં ઉત્પાત મચાવ્યો છે, ત્યારે તેનું દમન કરનાર અરિહંતોનું શરણ સ્વીકાર્યા વિના ચાલે તેમ નથી. રાગ, દ્વેષ અને કષાયથી મુક્તિ ન થાય ત્યાં સુધી ભલેની, તપસ્વી કે ધર્મધુરંધર આત્માને અથવા કોઈને પણ પરિભ્રમણથી બચવાનો કે નિરૂપાધિક પરમાતિપરમ શાંતિ ભોગવવાનો પરવાનો મળી જતો નથી. ગુરુત્વાકર્ષણના નિયમથી પણ એ નિયમ વધુ વ્યાપક અને ગંભીર છે.

કષાયથી ભરેલાને તેનું પરિણામ ભોગવવું જ પડે એ સાર્વભૌમિક વિધાન છે. ત્રિપદી, વસ્તુ, સ્વભાવ અને કર્મ વિપાકના સિદ્ધાંત સ્વતંત્ર છે.

o જૈન ધર્મનું કોઈ એક જ પુસ્તક એવું છે,
કે જેમાં જૈન ધર્મનો બધો સાર આવી જાય ?
એની બાજુ કાંઈ વાંચવું જ ન પડે ?
હા છે અને તે અનેકાન્તવાદ.
પણ બાળ કોઈ ગ્રન્થની જરૂર જ નહિ.

o પરમાત્માનું ધ્યાન કે ગુણાનુવાદ કરતી વખતે આપણી છુપી અહંબુદ્ધિ આપણાથી અજાણ રહી જાય, જે અંદરથી પ્રગટાવવાનું છે, તે બહારથી મળી જશે એવા ભ્રમણા રહે,
તો જ આપણી ક્રિયા ભાવશૂન્ય બને અથવા
ઉપાસના સંબંધી સાચી દૃષ્ટિનો વિલય થાય.
પ્રભુના ધ્યાનથી પ્રભુમય બનવાની-કર્મમળ ધોવાની
દૃષ્ટિ એ જ યથાર્થ જૈન ઉપાસના છે.
જ્યાં એ દૃષ્ટિ ગઈ, ત્યાં ભાવશૂન્યતા આવી.
ભક્તિની ભીનાશ પણ તેમાં રહેલી છે.
પુષ્ટાલંબન હોવાથી નિમિત્તની શુદ્ધિ એ ઉપાદાનની શુદ્ધિ માટે અનિવાર્ય છે.
કેવળ નિમિત્ત પ્રધાનતાવાળા ક્રિયાવાદ ઉપર ચાલ્યા જાય છે.
કેવળ ઉપાદાન પ્રધાનતાવાળા શુષ્ક-નીરસ બની જાય છે.
ઉપાદાન નિમિત્તનો સુમેળ છે,
ત્યાં ભાવ અને ભક્તિ બંને ટકે છે.

o વિનયી પુરુષ ભગવાનના પ્રકાશમાંથી
પોતાનો આત્મદીપક ચેતાવે છે.

બાહ્યતપથી જેમ નિર્મળતા-સ્વસ્થતા સ્વતઃ મળે છે,
તેમ આંતરંગ તપથી હૃદયની સુકુમાર વૃત્તિઓ ખીલે છે.

તપ = શુષ્કતા, વિલાસ = સિક્તતા એ ભ્રમણા છે.

તપની પાછળ તો તૃપ્તિ અને
શાંતિના ઝરા ઉભરાતા રહે છે.
વિલાસની પાછળ ચિંતા અને ગ્લાનિઓની
ભઠ્ઠીઓ સળગતી રહે છે.
તપ એ માત્ર દેહદમન નથી.
જ્ઞાન એ માત્ર બુદ્ધિનો વૈભવ નથી.
તપથી વાસના તૂટે છે,
જ્ઞાનથી વૈરાગ્ય જાગે છે.

બાહ્યતપ રૂકવટ છે, તો આંતરતપ સુવાસ છે.

જૈન સાધનામાં ભગવાન પાસેથી કશું જ મેળવવાનું નથી.
ધ્યાનના બળે અંદરથી જ પરમાત્મપણું પ્રગટાવવાનું છે.
ભાવશૂન્ય ક્રિયાને જૈનશાસનમાં સ્થાન નથી.
ભગવાનની કૃપા નહિ, પોતાનો જ ભાવ ફળ આપનારો છે,
એ સિદ્ધાંત ઉપર જૈન સાધનાનું મંડાણ છે.

## શ્રદ્ધા અને સ્વરૂપજ્ઞાન

શ્રદ્ધા એટલે સુદૃઢતા, એકનિષ્ઠતા, પરિપૂર્ણ નિશ્ચયતા. શ્રદ્ધાના અભાવે સ્વરૂપજ્ઞાન તકલાદી કે અર્થહીન બની જાય છે. શ્રદ્ધા વિના માત્ર દૃષ્ટિ કે માત્ર જ્ઞાન તેટલાં ઉપયોગી થઈ શકતા નથી. જેમ કે વિષ મારે-અગ્નિ બાળે, તેમ પાપ દુઃખ આપે એ નિશ્ચય હોવા છતાં શ્રદ્ધાની કમીના કારણે વિષ અને અગ્નિની જેમ પાપથી પાછા ફરાતું નથી. પ્રવૃત્તિમાં દૃઢતા લાવવા માટે શ્રદ્ધાના બળની જરૂર છે. જ્ઞાન અને વિવેકને સરૂપ કરાવનાર શ્રદ્ધા છે. આથી શ્રદ્ધાનો અર્થ પરિપક્વ જ્ઞાન-પરિપક્વ વિવેક. જે જ્ઞાન અને વિવેક જીવનમાં ઉપયોગી ન થાય, તે જ્ઞાન-વિવેક ઉપર પરિપૂર્ણ શ્રદ્ધા પ્રગટી નથી, એમ સાબિત થાય. જ્ઞાન અને વિવેક કરતાં પણ શ્રદ્ધાની અગત્ય કેટલી છે, તે હવે સમજાશે. એવી શ્રદ્ધા યથાર્થ વક્તાનાં વિશ્વાસથી, શ્રદ્ધાળુ પુરુષોના સંસર્ગથી-ચારિત્ર સાંભળવાથી આવે છે.

'તમેવ સચ્ચં નિસ્સંકં' ઇત્યાદિ ભાવનાં દરિયામાં વિશ્વાસના મોટાં મોજા ઉછળતા હોય છે. હાર-જીત, નિંદા કે પ્રશંસા તેને નિરાશ કે નિરુત્સાહ નથી કરી શકતાં.

સમ્યગ્દૃષ્ટિ ભલે સંસારમાં રહે, સંસાર સાથે લેપાતો નહિ.

શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે પ્રકાશ અને અંધકાર જેટલો ફેર છે. વૈજ્ઞાનિકો કોલસા - હીરાને એક જ પદાર્થ માને છે, છતાં બે વચ્ચે કેટલું બધું વૈષમ્ય છે ને? શ્રદ્ધાને ધર્મજીવનનો પાયો માનવાથી વિવેક કે કસોટી બધું ઊડી જતું નહિ. ખરી વાત એ છે કે વિવેક અને પરીક્ષા વિના શ્રદ્ધા સંભવતી જ નહિ. એકલો વિવેક કે તર્કવાદ આત્મિક વેપારની ખૂબ કમાણી કરશે, પણ સંચય કે ઉપભોગ નહિ કરી શકે. જો એને જ જીવનનો પાયો બનાવવામાં આવે, તો તેના ઉપર આધ્યાત્મિકતાની મહેલાત ચણી શકાય નહિ. શ્રદ્ધા જ એ મહેલાતના પાયાને મજબૂત બનાવે છે. સમ્યગ્દર્શનને જ્યારે કેવળ શ્રદ્ધાથી ઓળખાવાય છે, ત્યારે પોતાના શુદ્ધ રૂપને ઉપાદેય માની, અશુદ્ધ રૂપનો ત્યાગ કરવાનો નિશ્ચય કરવો તે શ્રદ્ધા છે. શ્રદ્ધા ધૈર્ય-સાહસ-બળ પ્રગટાવે છે.

શ્રદ્ધા એક નગદ મૂડી છે.

'વસ્તુમાત્રની પરીક્ષા કરો, પણ જે રૂડું હોય સિદ્ધ થાય, તેને કથીર માનીને ફેંકી ન દેશો' એમ શ્રદ્ધાવાદીઓનું કહેવું છે. વારસામાં મળેલ શ્રદ્ધા એક અમૂલ્ય ધન છે.

શ્રદ્ધાને ચિન્તન, મનન, સ્વાધ્યાય, પરીક્ષા વડે સંગીન કે
સ્થિર ન બનાવાય તો તે ગાઢું રહેવા છતાં
ખરેખરી ભીડ વખતે તે કામમાં આવતું નથી.

## શ્રદ્ધાનું શુદ્ધ સ્વરૂપ

‘હું શુદ્ધ જ્ઞાનમય આત્મા છું, બાકી બધા પ્રપંચજાળ છે.’ એ શ્રદ્ધાનું શુદ્ધ સ્વરૂપ છે. આત્મસ્વરૂપને વિષે જેને પાકી શ્રદ્ધા છે, તેને ત્રણ ભુવનનું રાજ્ય મળે તો પણ એમ માને કે એ રાજ્ય મારું નથી, કર્મજનિત છે, તેથી લાભ-હાનિ પ્રસંગે તીવ્ર હર્ષ-શોક કરે નહિ. ઐશ્વર્ય કે આફત વચ્ચે પણ ‘હું તો આત્મસ્વરૂપ જ છું’ એવી તેની શ્રદ્ધા અવિચલિત રહે છે. એને સર્વ જીવ પોતાના આત્માના જ અંશ દેખાવા લાગે છે. તેથી તેના હિતરૂપ જ્ઞાન પ્રગટ થાય છે, તો પણ હેયોપાદેયની જાગૃતિ-વિવેક ન થાય ત્યાં સુધી નિરર્થક છે. તે થતાંની સાથે જ તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન બની જાય છે.

o સંબંધ ઉભયનિષ્ઠ હોય. એકમાં નહિ પણ બંનેમાં હોય. બંનેના પોતપોતાના સ્વભાવ મુજબ જ હોય. સ્વભાવ પણ જેવું કાર્ય અનુભવાય તેવો કલ્પાય, પણ મનસ્વી રીતે ન કલ્પાય. અગ્નિના સ્પર્શથી હાથને દાહ

થાય છે, તેથી તેનો દાહક સ્વભાવ કહેવાય. જલના સ્વભાવે શીતળતા હોય, માટે તેનો શીતળ સ્વભાવ કહેવાય. જીવમાં કર્માણુઓને સ્વગુણ સાથે એકમેક કરી આવરાવવાની અને અણુઓમાં જીવધર્મ સાથે એકમેક બની આવરી લેવાની તાસીર છે. એ રીતે બન્નેનો પૃથક્-પૃથક્ સ્વભાવ છે.

લોહચુંબકમાં લોઢાને ખેંચવાની અને
લોઢામાં ખેંચાવાની કુદરતી શક્તિ છે.
લોઢામાં ખેંચવાની કે અયસ્કાંતમાં ખેંચાવાની શક્તિ નથી.

: બૃહદારણ્યક કહે છે કે :

મરી ગયેલા મનુષ્યની વાણી અગ્નિમાં વિલીન થાય છે,
પ્રાણ વાયુમાં, આંખ સૂર્યમાં, મન ચંદ્રમામાં,
કાન દિશાઓમાં, શરીર પૃથ્વીમાં, હૃદયાકાશ ભૂતાકાશમાં,
રૂંવાડાં ઔષધિઓમાં, માથાના વાળ વનસ્પતિઓમાં,
લોહી-શુક્ર પાણીમાં મળી જાય છે.

o Secret of Serenity

Don't take yourself too seriously.
There is always tomorrow.
Nothing is good or bad.
Thinking makes it so.

સંથારાપોરસી, સં. ૨૦૧૪ મહા વદી ૬-૭, શ્રી ભદ્રેશ્વર તીર્થ

'ॐ ह्रीं श्रीं श्री पार्श्वनाथाय नमः

मम इष्टं कुरु कुरु स्वाहा ।'

'ॐ ह्रीं श्रीं महावीरदेवाय नमः

इष्टं मंगलं च कुरु कुरु स्वाहा ।'

'अजरामरवत् प्राज्ञो विद्यामर्थं च चिन्तयेत् ।

मृत्युना गृहीत इव केशेषु धर्ममाचरेत् ॥'

(પરિશિષ્ટ-૩૨)

મારી જિંદગીનો આજે છેલ્લો દિવસ છે, એમ માનીને મનની સ્થિરતા-Serenity-સ્વસ્થતા સંગે વર્તન કરવું.

જિંદગીની સુખની કહાણી કે દુઃખની કહાણી...

બંને તરફ તાણીની તટસ્થતાથી જોતાં શીખો.

આ જગતમાં જન્મ લેવાનો ફાયદો એ એક જ હોવો જોઈએ.

સુખ વખતે વધુ ઉદાર બનો - ઉદારતા કેળવો.

દુઃખ વખતે વધુ વિરક્ત બનો-વૈરાગ્ય વધારો.

દરેક મુશ્કેલીઓનો કાંઈને કાંઈ ઉકેલ હોય છે જ.

o

If you will do good deeds,
God shall supply all your needs.
The best is yet to be.

સમાજ જીવનમાં ઇચ્છે કે ન ઇચ્છે તો પણ માનવીને સારા નરસા પ્રસંગોમાં અનેક આઘાત-પ્રત્યાઘાતોમાંથી પસાર થવું પડે છે. જીવનમાં આવતાં નાના મોટાં પ્રસંગોએ મન ક્ષુબ્ધ બને છે. જ્ઞાનતંતુઓની શક્તિ ઓછી થાય છે. આ બધાની સીધી અસર રક્ત-ધાતુ પર થાય છે. રક્ત દ્વારા જ માનવીનું દેહ બંધારણ ઘડાય છે, અરે લોહીના દોષમાંથી બંધાયેલું શરીર ટંકશા કહીએ તો કોઈ પ્રકારની માંદગીનો ભોગ થઈ પડે છે. સાત ધાતુઓની પાયાની ધાતુ રક્ત છે.

| | |
|---|---|
| શોક - ઘી - વાયુ | ભય કે આઘાતથી ઘી-વાયુ વધે છે. |
| હર્ષ - ગોળ - કફ | આળસ-પ્રમાદ-અતિહર્ષથી ગોળ-કફ વધે. |
| ક્રોધ - સુંઠ - પીત | ક્રોધથી સુંઠ-પિત્તજ વિકૃતિ પેદા થાય. |

ત્રિદોષની સમાનતા આરોગ્ય અર્પે છે.

ત્રિદોષની વિષમતા રોગોત્પાદક શક્તિઓ પેદા કરે છે.

## શાસ્ત્ર અધ્યયન

રસોઈ કરવી હોય ત્યારે ચૂલો, બાકડાં, તપેલા
વગેરે સાધન તૈયાર કરવાં પડે છે
અને પછી તેમને બાજુ પર મૂકી દેવાં પડે છે,
તેમ શાસ્ત્રાભ્યાસ માટે સમજવું.

0

'Matter is ever constant.'

કઠિન કર્તવ્યપણું પાલન કરે છે, તે અનેક સદ્ગુણી બાળવો છે. પંચ વિષયો ઇચ્છા પ્રમાણે અનુકૂળ વર્તે, તે પુણ્યનો ઉદય, તેથી શાતા થાય. પંચ વિષયો ઇચ્છાથી વિપરીત-પ્રતિકૂળ વર્તે, તે પાપનો ઉદય, તેથી અશાતા થાય.

: એક હાથના દેરામાં સવા હાથનો દેવ :

'મધુપુરમાં વરૂણ શેઠે એક હાથનું દેરૂં ચણાવ્યું,
તેમાં સવા હાથના દેવ સ્થાપન કર્યા.'

મધુપુર = સંસારનગર, વરૂણ શેઠ = સંસારી જીવ,
નાનું દેરૂં = કાયા, સવા હાથ = અનંત ચતુષ્ટય, દેવ = આત્મા.

આત્મારૂપી દેવ ચિંતામણિ રત્નની જેમ
પોતાની સેવા કરનારને વાંછિત સુખ આપે છે.

આત્મારૂપી દેવ હાથી જેવા મોટા શરીરમાં અને
કીડી જેવા નાના શરીરમાં પણ રહી શકે છે.

o કોઈ પણ જીવના સુખનો નાશ કરવો તે હિંસા,
તેથી પાપ બંધાય.

કોઈ પણ જીવના દુઃખનો નાશ કરવો તે દયા,
તેથી પુણ્ય બંધાય.

o

Do not tell the world what you can do, show it. - N. Hill

૦ સિદ્ધાચલ પર્વત પર એક ઊંચું અને વિસ્તારવાળું,
શાખા અને પત્રથી ભરપુર એવું અશોકવૃક્ષ છે,
તેની છાયા સૂર્યના તડકા ઉપર પડતી નથી.
અનંત આકાશરૂપ સિદ્ધાચલ પર્વત, ગુણરૂપી શાખાઓ
અને પર્યાયરૂપી પત્રોથી ભરપુર પુદ્ગલવૃક્ષ છે. તે વૃક્ષની
છાયા જડરૂપી સૂર્યના ઉપયોગરૂપી તડકા ઉપર પડતી નથી.
તેનો અર્થ જ્ઞેય આકારે જ્ઞાન પરિણમે છે,
પણ જ્ઞાન આકારે જ્ઞેય પરિણમતું નથી.
અમુક વિષયનો અભ્યાસ કરવો તે વિદ્યા.
પાંચ ઇન્દ્રિયો તથા મનની ક્રિયા જાણવી તે જ્ઞાન.

આરોગ્ય

ખોરાક-હવા-પાણીની અશુદ્ધતા કરતાં ઇન્દ્રિયોની અશુદ્ધતા,
તેના કરતાં પણ ઇન્દ્રિયોના વ્યવહારની અશુદ્ધતા,
અને તેના કરતાં પણ બુદ્ધિની અશુદ્ધતા
વધારે નુકશાનકારક અને ભારે અવ્યવસ્થા કરનાર છે.
બુદ્ધિ ઇન્દ્રિયોમાં, ઇન્દ્રિયો બુદ્ધિમાં અશાંતિ-અવ્યવસ્થા
કરે જાય છે, પરિણામે અશુદ્ધતા અને અવ્યવસ્થાનું
વિષચક્ર ચાલ્યા કરે છે. પરિણામે આખું માનવભવનું
શરીર નરકાગાર જેવું અશુદ્ધ, અવ્યવસ્થિત, અશાંત
અને વિકૃત બની જાય છે.

નિરોગી બુદ્ધિ શુદ્ધ, શાંત અને વિકારરહિત હોય છે.
નિરોગી ઇંદ્રિયો સત્ય, અહિંસા, ક્ષમા, ધૈર્ય, સ્થૈર્ય, દાન, તપ, દમ, પવિત્રતા અને સરળતામાં પ્રવૃત્ત હોય છે.
રોગાક્રાંત ઇંદ્રિયો કામ-ક્રોધ-લોભ-મોહ-મદ-દંભ-અસત્ય-અજ્ઞાન અને અપવિત્રતામાં પ્રવૃત્ત હોય છે.

ઇન્દ્રિયો કરતાં વિષયો શ્રેષ્ઠ છે,
વિષયોથી મન, મનથી બુદ્ધિ, બુદ્ધિથી શ્રેષ્ઠ આત્મા છે.
ભિન્ન ભિન્ન વિષયોને ગ્રહણ કરવા માટે બુદ્ધિ જ વિકૃત થઈને વિવિધરૂપ ધારણ કરે છે. બુદ્ધિના વિકારોને જ ઇન્દ્રિયો કહે છે. મનુષ્ય જ્યારે કોઈ ઇચ્છા કરે છે, ત્યારે તેની બુદ્ધિ મનમાં-રૂપમાં પરિણત થઈ જાય છે. નેત્રાદિ ઇન્દ્રિયો ભિન્ન દેખાવા છતાં પણ બુદ્ધિમાં જ સ્થિત છે. શરીરમાં રહેલો આત્મા શરીરથી ભિન્ન છે. તે સાક્ષીરૂપે સર્વ વ્યવહાર નિર્લેપપણે જોયા કરે છે. ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ કે તે સર્વના ગુણી આત્માને જાણતા નથી, પરંતુ આત્મા તેમને સદા જાણતો રહે છે, આત્મા તેમને સદા જોતો રહે છે.

અયોગ્ય આહાર-વિહાર-આચારથી પંચતત્ત્વમાં ગડબડ કરી, રોગ નોતરી, ત્યાર પછી તેઓના નિવારણ માટે

પૈસા ખરચી વૈદ્ય-ડૉક્ટરો-દવા માટે દોડાદોડા કરવા કરતાં આપણા આહાર-વિહાર અને આચરણને શુદ્ધ, સ્વચ્છ અને નિર્દોષ રાખીએ તો કેવું સારું ! તે કેટલું બધું સરળ, સમજવાળું, બિનખર્ચાળ અને વૈજ્ઞાનિક છે!

આ શરીરનો દરેકેદરેક ભાગ પંચમહાભૂતોનો બનેલો છે. રંગીન દેખાતી ચામડી, કાળા દેખાતા વાળ, લાલ દેખાતું લોહી, સફેદ દેખાતા હાડકાં, માંખણ જેવું માંસ, દોરડીઓ જેવા મજ્જાતંતુઓ, નળીઓ જેવી રક્તવાહિનીઓ, ફુગ્ગા જેવા ફેફસાં, એન્જિનનાં પંપ જેવું હૃદય, રેડીઓ સ્ટેશન જેવું મગજ વગેરે સર્વ એ પંચમહાભૂતોની જ વિવિધ રચના અને પ્રમાણનું પરિણામ છે.

જે કોષનો સમૂહ શરીરને ઢાંકે, રક્ષે અને અંદરના પ્રવાહી મળને બહાર કાઢે છે, તે ચામડી કહેવાય છે. શરીરને ટટ્ટાર રાખી શકે, અગત્યના ભાગોનું રક્ષણ કરી શકે તે હાડકાં, શરીરના સંદેશાના વ્યવહાર કરનાર કોષસમૂહને આપણે જ્ઞાનતંતુઓ કહીએ છીએ, લોહીને જરૂરી એવા જગ્યાએ લઈ જનાર કોષસમૂહને રક્તવાહિનીઓ કહે છે, હવામાંથી પ્રાણવાયુને શોષી લઈ લોહીને શુદ્ધ કરીને કાર્બન વાયુને બહાર કાઢનાર કોષસમૂહને ફેફસાં કહે

છે. દરેકે દરેક કોષસમૂહની રચના સરખી હોય છે. તેમાં જીવનરસ એ Protoplasm. એની મધ્યમાં અને આસપાસ પાતળું દૃઢ પડ હોય છે મધ્યકેન્દ્ર. તે જ કોષનું સંચાલન કરે છે. એક કોષમાંથી ઘણાં કોષો થાય છે. આને કોષોનું વિભાજન કહેવાય છે. વિભાજનમાં એક કોષમાંથી બે ભાગ પડે છે. દરેક ભાગ પોતે વિકસે છે. તે દરેકમાંથી પાછા ભાગ પડે છે. જે ઘસાઈ જાય છે, ત્યાં નવા ઉત્પન્ન થાય છે. દરેક કોષ અને તેની અંદરની રચના પંચમહાભૂતોમાંથી જ બનેલ હોય છે.

૧ cellના આખાળા - અવયવવાળા હાઈડ્રા કહેવાય છે.

દરેક પ્રાણીની જેમ આ કોષનું પ્રાણ પણ
વધે છે, વિકસે છે, પ્રજનન કરે છે અને
તેને હવા, પ્રકાશ, ખોરાકની જરૂર પડે છે.

કોષમાં જીવનશક્તિ-આત્મામાં ચૈતન્યશક્તિ હોય છે.

0 तथा स्खलित - प्रतिपत्तिरिति।

धर्मबिन्दु - ५-२१

સ્ખલના કાળે જે દોષ લાગે છે, તે દોષનો સ્વીકાર
કરવામાં ન આવે તો ઉત્તરકાળે તે દોષ
અનંતગુણા દારૂણ વિપાકને આપનાર થાય છે.

## જ્ઞાનની ૭ ભૂમિકાઓ

(૧) શુભેચ્છા - સત્સંગ સેવનની ઇચ્છા
(૨) વિચારણા - સદ્વર્તન
(૩) તનુમાનસા કે વૃત્તિ - વૈરાગ્ય
(૪) સત્ત્વાપત્તિ - ભક્તિ
(૫) અસંસક્તિ - અનાસક્તિ
(૬) પદાર્થાભાવિની - બ્રહ્મચિન્તન
(૭) તુર્યગા - બ્રહ્માકાર, બ્રહ્મસાક્ષાત્કાર

## સ્યાદ્વાદનું કર્તવ્ય

અન્યોન્ય ખંડનમાં રક્ત અંશોનું પ્રામાણિક એકત્રસ્થાપન એ જ સ્યાદ્વાદનું પરમ કર્તવ્ય છે.

## સૃષ્ટિ - સંચાર

કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને ઉદ્યમ (પાંચે) એ સમવાય પંચકથી સર્જન અને સંચાર થાય છે.

૦ અધર્મ અને અનીતિ એ જ આપણા શત્રુઓ છે, નહિ કે કોઈ અમુક મનુષ્ય.

સર્વપ્રકારના મોહનું નિરાકરણ સર્વવ્યાપી પ્રેમથી થઈ શકે છે.
ગુરુ-ગુરુણીની એકતા પ્રસિદ્ધ છે. અદૃશ્ય આત્મા દૃશ્ય
શરીરને ધારણ કરે છે, આકાશ અમૂર્ત છે, છતાં મૂર્ત-

અમૂર્ત દ્રવ્યનો આધાર છે. કષાય, વિષય, કર્મ, કામ વગેરેને આત્મા પ્રત્યક્ષ રીતે ઉપલબ્ધ કરી રહેલો છે. તે ગુણ શરીરાશ્રયી નથી, પણ જીવાશ્રયી છે. સ્વભાવ, કાલાદિ પંચસમવાયથી પ્રેરાઈને જીવ કર્મોને ગ્રહણ કરે છે.

કાળ - જે કાળે જે થવાનું હોય તે.

સ્વભાવ - જીવનો કર્મ ગ્રહણ કરવાનો સ્વભાવ.

નિયતિ - ભાવિભાવ

પૂર્વકૃત - જીવે પહેલાં કરેલાં કર્મ.

પુરુષકાર - જીવનો ઉદ્યમ-વીર્ય.

એ પાંચની પ્રેરણાથી જીવ શુભ-અશુભ કર્મને જાણતાં-અજાણતા ગ્રહણ કરે છે. રાગાદિના વશ કર્મોને ગ્રહણ કરવાનો જીવનો સ્વભાવ છે. લોહચુંબકની જેમ કાલાદિથી પ્રેરાઈને સમાપમાં રહેલાં શુભાશુભ કર્મોને જીવ ગ્રહે છે. કેવળનું ધ્યાન ધરનારને ઈન્દ્રિયાદિની મદદ વિના કેવળ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. જીવ તૈજસ-કાર્મણ શરીર વડે કર્મ તથા આહારાદિ પુદ્ગલોનું ગ્રહણ કરે છે. જીવ અને કર્મનો સંયોગ સંબંધ પ્રવાહથી અનાદિ છે, આદિ માનવું યુક્તિ સંગત છે. અજ્ઞાનતિમિર-ભાસ્કર બંનેનો સંબંધ અનાદિ સંસિદ્ધ છે. માટીમાં સોનું, અરણિના કાષ્ઠમાં અગ્નિ,

દૂધમાં ઘી, સૂર્યકાન્ત મણિમાં અગ્નિ અને ચંદ્રકાન્તમણિમાં
અમૃતનો યોગ સ્વસિદ્ધ છે, તેમ જીવ અને કર્મનો
યોગ અનાદિ સંસિદ્ધ છે, એમ જ્ઞાનીઓ કહે છે.
જેમાં આત્મસંબંધી અધિકાર-વિચાર = અધ્યાત્મશાસ્ત્ર.
અધ્યાત્મનો જ્ઞાનોદય થાય ત્યારે આત્મા
પ્રત્યેક પ્રાણીના પ્રાણોને પોતાના પ્રાણ સમાન જાણે.
સૂર્યોદય હોય ત્યાં અંધકાર કેમ રહે?
વિષયાંધતા હોય ત્યાં અધ્યાત્મજ્ઞાનોદય શાનો?
ભાવાધ્યાત્મવાદીઓ વિષય-કષાયાદિ હંમેશા દૂર રહે છે.
૫ ઇંદ્રિયોનો અધીશ્વર મન વશ ન થાય તો અધ્યાત્મ શેનું?
૫ ઇંદ્રિયોનો અધીશ્વર મન વશ ન થાય તો સમાધિ ક્યાંથી?
પ્રામાણિક અધ્યાત્મજ્ઞાનીઓ ભાડાની વસ્તુનો સાર લઈ લે, તેમ શરીર વડે સંયમ, તપ, દાન, શીલ, પરોપકાર, જ્ઞાનાભ્યાસ, યોગાભ્યાસ અને શુભધ્યવસાયાભ્યાસ કરી પરમાનંદના અધિકારી બને છે.

મનની સ્થિરતા અને સમાધિ એકાર્થક છે. નિરાકારમાં ચિત્તની સ્થિરતા સાધવી તે સમાધિનો હેતુ છે, જે ઉચિત-કુશલાદિ યુક્ત હોય તેને વિદ્વાનો 'શાસન' કહે છે. અલ્પબુદ્ધિવાળાને જેનાથી બોધ મળે તે પણ 'શાસ્ત્ર' છે.

ધ્યાન પોતાના ઇષ્ટનું સ્મરણ,
અંધકાર કે પ્રકાશનું નહિ.
પ્રેમપૂર્વક મનથી થતું ઇષ્ટનું ધ્યાન એ જ ધ્યાન છે.
પહેલાં ઇષ્ટ સાથે સંબંધ કરવો જોઇએ,
પછી તેના ગુણ જાણવાથી પ્રેમ થશે.
પ્રેમ થયા બાદ સ્મરણ, પછી ચિંતન અને પછી ધ્યાન થશે.
તે ક્રમ વિના ધ્યાન શક્ય નથી.
સાક્ષાત્ દર્શન એ ધ્યાન બાદ થનારી દશા છે.
એ સ્વાભાવિક નિયમ છે કે
મન જેટલું શુદ્ધ થાય છે, તેટલું સબળ બને છે.
પ્રભુ સ્મરણ તથા કોઈનું બુરું ચાહ્યા વિના
નિષ્કામ ભાવે સેવા કરવાથી મન શુદ્ધ થાય છે.
ઇચ્છા બે પ્રકારની છે:
એક સુખ-ભોગની, બીજી પ્રભુપ્રાપ્તિની.
સુખભોગની ઇચ્છાનિવૃત્તિ થઈ શકે છે, પરંતુ પૂર્તિ નહિ.
ભગવાન સંબંધી ઇચ્છાની પૂર્તિ થઈ શકે છે
અને તે પણ આ જન્મમાં જ.
પ્રભુપ્રાપ્તિની ઇચ્છાપૂર્તિ માટે બે પરમ સાધન છે:
ભોગાસક્તિનો ત્યાગ અને પ્રભુનામનો જાપ.

સંત ચંદન છે, અસંત કુઠાર છે.

સત્પુરુષનો લાભ શ્રદ્ધાથી નહિ, પણ સંપર્કથી છે.
સંપર્કનો અર્થ મન, બુદ્ધિ, ઇંદ્રિય, શરીર સંતની સાથે જોડાય.
સંત સંપર્કથી એક ક્ષણમાં અશાંતિ મટી જાય. મનનું જોડાવું
એટલે મનન-ચિંતન કરવું. સંકલ્પ-વિકલ્પ તેના જ કરવા.

શ્રદ્ધાની જરૂર ત્યાં છે, જ્યાં ભગવાન અપ્રકટ છે.

જરૂર છે પ્રભુ સાથે જોડાવાની.

આ એક પરમ આશ્વાસનની વાત છે કે એક ક્ષણ
માટે પણ કોઈપણ ઇંદ્રિયથી મહાપુરુષની સાથે
જોડાણ થઈ જાય, તો કલ્યાણ થઈ જ જવાનું.

સ્ત્રી-પુત્ર સાથે અંતરથી અનન્તવાર જોડાયા, પણ કલ્યાણ થયું નહિ, કિન્તુ એક ક્ષણવાર માટે પણ અવતાર યા સંતરૂપ પ્રભુની સાથે ભાવ વિના પણ જોડાયા, તો આપણું કલ્યાણ નિશ્ચિત છે. એકવાર એક ઇંદ્રિય પણ જોડાણ, તો ધીમે ધીમે બધી ઇંદ્રિયો જોડાઈ જશે. જોડાણ પુરેપુરું ન થાય ત્યાં સુધી જ વિલંબ છે. એક જન્મ કે અનેક જન્મમાં પણ એકવાર-એક ક્ષણને માટે પણ મહાપુરુષ સાથે જોડાણ થયું, તો આગળ જઈને પુરું જોડાણ અને પરિણામે પુરું કલ્યાણ થવાનું જ.

વિષયોમાં તીવ્ર વૈરાગ્ય એ ભગવદ્ ભક્તિમાં ચિત્ત લગાડવાનો પરમ ઉપાય છે. મનદર્પણ સ્વચ્છ કરવા માટે પ્રભુ નામ સાબુન છે. ચંદન ઘર્ષણથી વહ્નિ બનીને સ્વયં વહ્નિ રૂપ બની જાય છે. એવો એનો સ્વભાવ જ છે. અહંકાર, સંસારની વાસના, વિષયસુખની ચાહ, લૌકિક સ્વાર્થ, ધન-માન પૂર્તિની આકાંક્ષા એ બધું પ્રભુનું તેજ ગ્રહણ કરવાની આડે આવે છે. વાસ્તવિક સંત કે પ્રભુ ઉપર શ્રદ્ધાની જેટલી જરૂર નથી, એટલી ઉન્મુખતાની છે.

શ્રદ્ધા વિના પણ સંબંધમાત્રથી કામ થાય, એ જ એ મહાપુરુષોની વિશેષતા છે. ભાવ કે શ્રદ્ધાના તારતમ્ય કરતાં ઉન્મુખતાનું તારતમ્ય મુખ્ય છે. જાતને મિટાવી, તેના સ્થાને સંતને સ્થાપવામાં અનન્યતા એ શરત છે.

જ્યાં સુધી રાગ-દ્વેષની પરિણતિ આત્મામાં વર્તતી હોય, સમભાવમાં આત્મા રમણ કરતો ન હોય, ત્યાં સુધી ધ્યાનની કોઈપણ પ્રક્રિયા પોતાના શરીર ઉપરના કોઈપણ ભાગ સાથે ન કરવી, પણ તે તે ધ્યાનના પ્રવર્તકોની આકૃતિ કે ફોટાઓ સન્મુખ રાખી કે માનસ ચક્ષુની સામે લાવી, તેના ઉપર જ ધારણા કરવી. જો તેમ ન કરતાં પોતાનાં અંગ ઉપર જ હૃદય આદિ

સ્થાનો ઉપેક્ષા કરવામાં આવે તો જ્યાં જ્યાં રાગ-દ્વેષની પરિણતિ હોય, તે બધા પોતાની ઉપેક્ષા જ સાધક દશાપૂર્વક પ્રતિકૂળ અસર કરવાવાળા હોય છે.

0 જ્ઞાનનો વ્યવહાર પરનો બોધક - સ્વનો શોધક છે.

ચારિત્રનો વ્યવહાર સ્વનો બોધક - પરનો શોધક છે.

જ્ઞાન સાપેક્ષ હોય તો - ક્રિયા ઉચિત હોય તો સત્ય છે.

0 દ્રવ્યમાં વિષયાકાર - ભાવમાં સંકલ્પવિકલ્પાત્મક છે.

મિથ્યાત્વ

મિ | ચક્ષુમાં આભિગ્રહિક, ઘ્રાણમાં અનાભિગ્રહિક, | મિ
થ્યા | શ્રોત્રમાં સાંશયિક, સ્પર્શનામાં અનાભોગિક, | થ્યા
ત્વ | રસનામાં આભિનિવેશિક. | ત્વ

0 very sorry = દુષ્કૃતગર્હા રૂપ

Thank you = સુકૃતાનુમોદના રૂપ

yours faithfully your most obedient servent = ચતુ:શરણાગમન રૂપ

0 જીવ એ સચ્ચિદાનંદ - ચિદાનંદ રૂપ છે.

જ્ઞાન નિર્મળતાની ઇચ્છાદિ શિવમાં જ કર્તા; ક્રિયા અને કાર્ય ત્રણે રહેલાં છે. શિવ-શક્તિ જુદા પડી શકતાં નહિ.

ह्रीं

## સ્વર તથા વ્યંજનોનો આધ્યાત્મિક અર્થ

अ = શિવ-શક્તિનું પ્રથમ નિર્માણ.

आ = પ્રથમ નિર્માણ શક્તિ.

इ ई = એકોઽહં બહુસ્યામ્ એવી ઇચ્છાશક્તિરૂપ.

उ ऊ = જ્ઞાન શક્તિ.

ए ऐ ओ औ = ક્રિયા શક્તિ.

अं = ઐક્યભાવનાદ્યોતક શુદ્ધ વિદ્યા.

अः = વિસર્ગ એટલે સ્પષ્ટ નિર્માણ રૂપ.

अ ह ह = સૃષ્ટિ નિર્માણના કારણ.

કખગઘઙ = પાંચ મહાભૂત

ચછજઝઞ = પાંચ તન્માત્રા

ટઠડઢણ = પાંચ કર્મેન્દ્રિય

તથદધન = ઘ્રાણજિહ્વાચક્ષુત્વક્શ્રોત્ર

પ = પ્રકૃતિ, ફ = અહંકાર, બ = બુદ્ધિ,

ભ = ચિત્ત, મ = મન, ય = જીવાત્મા,

રરલવહ (અંતઃસ્થા) = વાયુ, અગ્નિ, પૃથ્વી, જલ, ગગન કારણ

શષસ (ઉષ્માક્ષર) = શુદ્ધ, વિદ્યા, ઈશ્વર, સદાશિવ

ક્ષ-ક્+ષ = પૃથ્વીથી સદાશિવ પર્યંત

અક્ષમાળામાં બધા તત્ત્વો સમાય છે.

## ભગવતીના પાંચ રૂપ

(૧) વહ્નિમાલા - શબ્દબ્રહ્મ, પરબ્રહ્મ - શબ્દાતીત
(૨) પાંચ મહાભૂતાદિ ૩૬ તત્ત્વો
(૩) દેહધારી રૂપ, શ્રી ચક્ર સહિત
(૪) શ્રી યંત્ર - મૂલ યંત્ર
(૫) શ્રી મંત્ર - કુંડલિની - શિવ - શક્તિ - શુદ્ધ - વિદ્યા

શિવો ભૂત્વા શિવં યજેત્, દેવો ભૂત્વા દેવં યજેત્ ।

(પરિશિષ્ટ-૩૩)

હંસ એ શિવમાંથી જીવ બનવાનો સૃષ્ટિક્રમ છે.
સોઽહં એ જીવમાંથી શિવ બનવાનો લયક્રમ છે.

મંત્ર અને તેના વર્ણો એ દેવનું સૂક્ષ્મ શરીર છે.
કામ-કલા-વિલાસ એ ગ્રન્થ છે. અ થી ન પર્યંત અને હરલવઈ વર્ણોનો ઉપયોગ શરીર સ્વાસ્થ્ય માટે થઈ શકે. જન્મ વખતે પાંચ ભૂત normal હોય છે. જ્યારે abnormal થાય, ત્યારે જે તત્ત્વમાં ફેરફાર હોય તે પૂર્ણ કરવા માટે વહ્નિમાલાનું આલંબન લેવાય છે.

હ્રીઁ ના ૩ કરોડના જાપથી શરીરમાં સુધા અનુભવાવા લાગે.

o કુંડલિની એ ભગવતીનું રૂપ છે.
અશુભવૃત્તિઓ છેદાય ત્યારે ચક્રભેદ થાય છે.
વૃત્તિઓનાં સૂચક દલો દરેક ચક્રમાં છે.

ॐ

શંકર છ રૂપમાં પરિણામ પામી, પોતાને મર્યાદિત કરે છે:

માયા, અવિદ્યારાગ, કાલ, કલા, નિયતિ, જીવ.

સાંખ્યના ૨૪ તત્ત્વો સાથે ૧૨ મળીને ૩૬ની વર્ણમાળા.

ય = માયા, અવિદ્યારાગ,

ર - લ - વ = કાલ, કલા, નિયતિ

શ - ષ - સ = શુદ્ધ, વિદ્યા, ઈશ્વર, સદાશિવ

હ = ગગન ભૂત - અંતઃસ્થ

ક્ષ - ળ + મ = પૃથ્વી ભૂત અને સદાશિવ

ઉત્ક્રાંતિમાં પ્રથમ સદાશિવ, છેલ્લું પૃથ્વી તત્ત્વ છે.

પરબ્રહ્મ એટલે જેનું શબ્દથી વર્ણન થઈ શકે નહિ.

શબ્દબ્રહ્મ એટલે જેનું શબ્દથી વર્ણન થઈ શકે.

'વિવર્તતે અર્થ ભાવેન સ શબ્દઃ |' - ભર્તૃહરિ

પ્રકૃતિ પદાર્થના અસ્તિત્વરૂપે પરિણામ પામે તે 'શબ્દ' છે.

આ મંત્ર અને કુંડલિની અર્ધ પ્રકારે ભગવતીનું રૂપ છે.

વાગ્ ભવકૂટ - મસ્તક ભાગ

કામ રાજકૂટ - કંઠથી કટિ સુધી

શક્તિકૂટ - કટિથી નીચેનો ભાગ.

૦ જળનું વિરોધી અગ્નિ છે, તેથી હ્રીઁ નો જપ અગ્નિને વધારનાર છે. વાયુના આઘાતથી અગ્નિ બ્રહ્મરંધ્રમાં જઈને નીચે આવી તે વૈખરીવાણી છે.

હ્રીઁ ના ઉચ્ચારણનો કાળ ૩॥ કે ૪ માત્રા છે.

હ્રીઁ ૩॥ માત્રા = વ્યંજન ૧ માત્રા, હ્રસ્વ સ્વરની ૧ માત્રા,
દીર્ઘ સ્વરની ૧ માત્રા, મ ની ૦॥ માત્રા.

હ્+ર+ઈ+મ = સાડા ત્રણ માત્રાએ આરાચક્રની ઉપર
આવા નવરશ્મીઓનો ભેદ કરીને
કુંડલિનીને ઉપર લઈ જવાય છે.

ષટ્દલ ચક્રભેદ કરીને અશુદ્ધ વૃત્તિઓનો છેદ.

| | | |
|---|---|---|
| બિન્દુ - ૧/૨, | અર્ધચન્દ્ર - ૧/૪, | રોધિની - ૧/૮ |
| નાદ - ૧/૧૬, | નાદાન્ત - ૧/૩૨, | શક્તિ - ૧/૬૪ |
| વ્યાપિની - ૧/૧૨૮, | સમના - ૧/૨૫૬, | ઉન્મના - શૂન્ય |

શૂન્યમાં શક્તિનું નિર્ગુણત્વ થાય છે.

બ્રહ્મરંધ્રમાં શિવ-શક્તિનું મિલન થાય છે.

પોતે શિવરૂપ બન્યા વિના જગતરૂપ થઈ શકાતું નથી.

શિવરૂપ બનવા માટે શું કરવું?

મધ્યરાત્રીએ શ્રી વિદ્યા (ત્રિપુરા) ઉપાસના.

રાત્રે ૧૨ કે ૩ નો સમય શ્રેષ્ઠ. બીજા નંબરે ઉષઃકાળ.

સૂર્યોદય પહેલાં પાંચ ઘડી 'ગરુ' શબ્દના
કોટી જાપથી એ જ લાઈએ કુંડલીનીનું ઉત્થાન કર્યું હતું.

ગરુ = ગ + ર અગ્નિબીજ, ઉ - શબ્દબીજ.

કામ્ય પ્રયોગ ગુરુ વિના પણ ફળે,
નિષ્કામ પ્રયોગ માટે ગુરુની જરૂર છે.
શિષ્ય મુક્ત ન થાય ત્યાં સુધી ગુરુને મુક્તિ ન મળે.
આ ચક્ર દર્શન પણ અનધિકારીને દોષરૂપ છે.
મંત્રજપ વિના ભક્તિભાવ આવતો નથી.
મંત્રજપથી અવિદ્યા નાશ થાય છે.
વર્ણજપમાં અર્થની ભાવના વધુ બળ પ્રેરે છે.
બ્રહ્મચર્યાદિથી ઠેઠ લલાટ સુધી કુંડલિનીને ચઢાવીને
તાળવું ગરમ થઈ જાય, નાડી અને હૃદયનાં ધબકારા બંધ પડે,
છતાં તેથી આત્મસાક્ષાત્કાર થઈ શકતો નથી.
તે માટે તો રાજયોગની જરૂર છે.
માયાવાદ એ માધ્યમિક બૌદ્ધોનો મત લાગે છે.
જેટલું જગતનું કારણ બ્રહ્મ એ સત્ય છે,
તેટલું જ બ્રહ્મનું કાર્ય જગત પણ સત્ય છે.
રાગ=પાશ, ક્રોધ=અંકુશ અને પંચતન્માત્રા=પંચબાણ છે.
જન્મ-સ્થિતિ-લય એ કર્મશક્તિ છે, શિવ નિષ્ક્રિય છે.
શુદ્ધ વિદ્યા એ અદ્વૈત ભાવનારૂપ છે,
આનંદમય કોષો એ બ્રહ્મભાવરૂપ છે.
આનંદમાં અદ્વૈત છે, જ્યારે વિજ્ઞાનમાં દ્વૈત છે.

વ્રત-તપ મનોનિગ્રહ માટે છે.

સર્વ સાધન-શક્તિ દેવીની કૃપા મેળવવા માટે છે.
માનવસેવા તથા ધર્મ-યાત્રાદિ-શક્તિપૂજા એ પરંપરાએ
સાધનો છે. મન ઉપર કાબૂ મેળવવા માટે માનવસેવા
ઉપકારક છે. ત્રિપુરાની ઉપાસનામાં બધા યોગો સમાય છે.

શિવની કૃપા દ્વારા શિવ બની શકાય.

## યોગનું મુખ્ય કાર્ય

પુરુષ અને પ્રકૃતિના યોગથી મહત્ બન્યું.
મહત્થી 'અહં' ઉત્પન્ન થયું.
સત્ત્વની સાથે મળીને અહં એ મનરૂપ લીધું,
એટલે પાંચ જ્ઞાનેન્દ્રિયો ઉત્પન્ન થઈ.
તેમની સાથે મળી પાંચ કર્મેન્દ્રિયો થઈ.
પછી પાંચ ભૂત અને તન્માત્રાઓની મદદથી
'અહં' એ પ્રાણનું રૂપ લઈ લીધું.
જે દિવસે અહં એ ઇંદ્રિયોને અપનાવી,
તે દિવસથી
તે અહં અનેક ટુકડાઓમાં વહેંચાઈ ગયું.
અહંને ટુકડાઓમાં વિખરાઈ જતાં ઉગારી લેવું અને
અસ્તિત્વ સ્થાપિત કરવું એ જ યોગનું કાર્ય છે.

## શ્રી નવકાર અને શુભવિચાર

'નમો અરિહંતાણં' 'તું અરિહંત છે.'

'નમો'-ત્વમ્, 'અરિહંત'-તત્, 'ચતુર્થી'-અસિ,

'તું અરિહંત છે.'

શ્રી નવકારના જાપના પ્રારંભ પછી સેવાયેલો
સદ્‌વિચાર ભાવનાત્મક બની જઈને
તરત જ સકલ જીવલોક સુધી ફેલાઈ રહે છે.
શ્રી નવકારની નિશ્રા સ્વીકારીને સેવાતો શુભ વિચાર,
એક કીમતી રસાયણનું મહાકાર્ય કરતો અનુભવાય છે.
શ્રી નવકાર જે પુણ્યશાળીઓના હૃદયમાં પ્રવેશે છે,
તેના વિચારની શુભ અસર સંબંધી
જરા પણ શંકા સેવવી, તે સારા-માઠા ખોરાકની શરીર
ઉપર થતી અસર સંબંધી શંકા સેવવા સમાન છે.
શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોને ભાવપૂર્વકના નમસ્કાર
કરવાથી સર્વ પાપનો નાશ થતો હોવાનું ત્રિકાળાબાધિત
સત્ય વિચારની સાચી અસરનો સર્વાંશે સ્વીકાર કરે
છે અને જો વિચારની સાચી અસર ન થતી હોય તો
શ્રી નવકાર જાપ વડે આત્મા ઉપરનાં વિવિધ કર્મો
ટપોટપ ખરવા માંડે છે, તે કેવી રીતે બને?

ह्रीँ

## સમત્વારાધનમ્ ।

બધાંની સાથે સમત્વબુદ્ધિથી વ્યવહાર
કરવો એ જ ભગવાનની ભક્તિ છે.
શરીર અને છાયાની માફક શ્રી નવકાર અને
શુભવિચાર અવિચ્છિન્નપણે જોડાયેલા છે.
શ્રી નવકાર એ ભવની ભાવઠ ભાંગનારા ભગવાનની
અચિન્ત્ય શક્તિના અગાધ મહાસાગર તુલ્ય છે.
જો ભગવાનની અસર ન માનીએ તો
નવકારની કોઈ અસર માનવાની રહેતી જ નથી.
નવકાર એ ભગવત્-સ્વરૂપ છે.
શ્રી પંચ પરમેષ્ઠિ એ ભગવત્-સ્વરૂપ છે,
ભગવંતનું સામર્થ્ય અચિન્ત્ય છે,
તેથી જ નવકારનું સામર્થ્ય અચિન્ત્ય મનાયું છે.
ભગવંતનું અચિન્ત્ય સામર્થ્ય માનનારને જ
શ્રી નવકારનું આરાધન ફળીભૂત થાય છે.
અહં ચૂકવવાથી જે સુખ થાય છે,
તે જ મુક્તિનું સુખ છે.

આગમ, પુરાણ ઔર વેદમેં, બાત બતાઈ દોય,
સુખ દીધાં સુખ હોત હૈ, દુઃખ દીધાં દુઃખ હોય.

શ્રી ભદ્રબાહુસ્વામિ પ્રાસાદાત્ એષ યોગઃ ફલતુ।

શ્રી બૃહદ્ ઉવસગ્ગહર સ્તોત્ર

૨૭ દિવસ સુધી રોજ ૨૭ વખત ભણો

તો ઉપસર્ગ નાશ થાય, આવેલ આપત્તિ ટળે.

ઉવસગ્ગહરં પાસં ........................ આવાસં. ...(૧)

વિસહર-ફુલિંગ-મંતં, ...................... ઉવસામં. ...(૨)

ચિટ્ઠઉ દૂરે મંતો, ......................... દોગચ્ચં. ...(૩)

ૐ અમરતરુ-કામધેણુ, ચિંતામણિ કામ-કુંભ-માઈઆ;
સિરિપાસનાહસેવા, ગહાણ સવ્વેવિ દાસત્તં. ...(૪)

ૐ હ્રીં શ્રીં ઐં તુહ દંસણેણ સામિય પણાસેઈ;
રોગ-સોગ-દુઃખ-દોહગ્ગં, કપ્પતરુમિવ જાયઈ,
ૐ તુહ દંસણેણ સવ્વફલહેઉ સ્વાહા. ...(૫)

ૐ હ્રીં નમિઉણ વિઘ્નનાસય, માયાબીએણ ધરણ-નાગિંદં,
સિરિકામરાજ ક્લીં યં, પાસજિણિંદં નમંસામિ. ...(૬)

ૐ હ્રીં શ્રીં સિરિપાસવિસહર-વિજ્જામંતેણ ઝાણ-ઝાએજ્જા,
ધરણ-પઉમાવઈ દેવી, ૐ હ્રીં ક્ષ્મ્લ્વ્યૂંનમં સ્વાહા. ...(૭)

ૐ જયઉ ધરણિંદ-પઉમાવઈ ય નાગિણી વિજ્જા,
વિમલઝાણસહિઓ, ૐ હ્રીં ક્ષ્મ્લ્વ્યૂં સ્વાહા. ...(૮)

(પાછળ...)

ૐ થુણામિ પાસનાહં, ૐ હ્રીં પણમામિ પરમભત્તીએ,
અટ્ઠક્ખર-ધરણેન્દો, પઉમાવઈ પયડિયાકિત્તી. ...(૯)
જસ્સ પયકમલમજ્ઝે, સયા વસેઈ પઉમાવઈ ય ધરણિંદો,
તસ્સ નામઈ સયલં, વિસહર-વિસં નાસેઈ. ...(૧૦)
તુહ સમ્મત્તે લદ્ધે .................. અયરામરં ઠાણં. ...(૧૧)
ૐ નટ્ઠટ્ઠ-મયટ્ઠાણે, પણટ્ઠ-કમ્મટ્ઠ-નટ્ઠ-સંસારે,
પરમટ્ઠ-નિટ્ઠિ-અટ્ઠે, અટ્ઠગુણાધીસરં વંદે. ...(૧૨)
ૐ ગરૂડો વિનતાપુત્તો, નાગલક્ખો મહાબલ:,
તેણમુચ્ચંતિ મુસા, તેણ મુચ્ચંતિ પન્નગા:. ...(૧૩)
સ તુહ નામ સુદ્ધમંતં, સમ્મં જો જવેઈ સુદ્ધભાવેણ,
સો અયરામરં ઠાણં, પાવઈ ન ય દોગ્ગઈં દુક્ખં. ...(૧૪)
ૐ પંડુ-ભગંદર-દાહં, કાસં-સાસં-ચ સૂલમાઈણિ,
પાસપહુપભાવેણ, નાસંતિ સયલરોગાઈં હ્રીં સ્વાહા. ...(૧૫)
ૐ વિસહર-દાવાનલ-સાઈણિ-વેયાલ-મારિ-આયંકા,
સિરિ નિલકંઠ પાસસ્સ, સમરણમિત્તેણ નાસંતિ. ...(૧૬)
પન્નાસં ગોપીડાં, કુરગ્ગહ તુહ દંસણં ભયકાયે,
આવિ ન હુંતિ એ તહ વિ, તિસંજ્ઝં જં ગુણિજ્જાસો. ...(૧૭)
પીડ જંત ભગંદર ખાસ, સાસ સૂલ તહ નિવ્વાહ,
સિરિસામલપાસ મહંત, નામ પઉર પઉલેણ. ...(૧૮)

(પાછળ...)

ૐ હ્રીઁ શ્રીઁ પાસધરહસંજુત્તં વિસહરવિજ્જં
જવેઈ સુદ્ધમણેહિં, પાવઈ ઈચ્છિઅં સુહં,
ૐ હ્રીઁ શ્રીઁ ઝમ્લ્વ્યૂં સ્વાહા. ...(૧૯)
ૐ રોગ - જલ - જલણ - વિસહર - ચોરારિ - મઈંદ - ગય -
રણ - ભયાઈં, પાસજિણનામસંકિત્તણેણ,
પસમંતિ સવ્વાઈં હ્રીઁ સ્વાહા. ...(૨૦)
ૐ જયઉ ધરણિંદ નમંસિય, પઉમાવઈ પમુહ નિસેવિયા પાયા,
ૐ હ્રીઁ મહાસિદ્ધિં, કરેઈ પાસ જગનાહો. ...(૨૧)
ૐ હ્રીઁ શ્રીઁ તં નમઃ પાસનાહં, ૐ હ્રીઁ શ્રીઁ ધરણેન્દ્ર નમંસિયં
દુહવિણાસં, ૐ હ્રીઁ શ્રીઁ જસ્સ પભાવેણ સયા,
ૐ હ્રીઁ શ્રીઁ નાસંતિ ઉવદ્દવા બહવે. ...(૨૨)
ૐ હ્રીઁ શ્રીઁ પઈં સમરંતાણ મણે, ૐ હ્રીઁ શ્રીઁ ન હોઈ વાહિ ન
તં મહાદુક્ખં, ૐ હ્રીઁ શ્રીઁ ન નામપિ હિ મંતસમં,
ૐ હ્રીઁ શ્રીઁ પયડં નત્થિત્થ સંદેહો. ...(૨૩)
ૐ હ્રીઁ શ્રીઁ જલ - જલણ - ભય તહ સપ્પસિંહ,
ૐ હ્રીઁ શ્રીઁ ચોરારિ સંભવે ખિપ્પં, ૐ હ્રીઁ શ્રીઁ જો સમરેઈ
પાસપહું, ૐ હ્રીઁ શ્રીઁ ક્લીં પુહવિક્યાવિ કિં તસ્સ. ...(૨૪)
ૐ હ્રીઁ શ્રીઁ ક્લીં હ્રીઁ ઈહ લોગટ્ઠી પરલોગટ્ઠી ૐ હ્રીઁ શ્રીઁ જો
સમરેઈ પાસનાહં, ૐ દ્રાં હ્રીઁ દ્રૈં દૈં ગાં ગીં ગૂં ગઃ;

(પાછળ...)

ह्रीँ

તં તટ જિનચંદઈ જિપ્પં. ...(૨૪)
ઈટ નાટ સમરત લગાવંત, ॐ ह्रीँ श्रीँ ક્લીં ગ્રાં ગ્રીં ગ્રું ગ્રૈં
ક્લીં ક્લીં શ્રી કલિકુંડસ્વામિને નમઃ ...(૨૫)
ઈય સંથુઓ મહાયસ ................પાસ જિણચંદ. ...(૨૬)

। ॐ શાંતિઃ ॐ શાંતિઃ ॐ શાંતિઃ ।

## શ્રી ચિદાનંદ પદ - ૩૦

### રાગ - આશાવરી

રાખ ક્યા ઘર ખાસી જાતું, રાખ ક્યા ઘર ખાસી,
તન-ધન નેહ નહિં રહેગે તાકું, છિનમેં ભયે ઉદાસી.
જાતું...(૧)

તું અવિનાશી, ભાવ જગતકે, નિશ્ચેં સકલ વિનાશી,
એટલી ધાર ધરિલે ગુણગાન, અનુભવ મારગ પાસી.
જાતું... (૨)

મેં મેરા એ મોહજનિત જસ, ઐસી બુદ્ધિ પ્રકાશી,
તે નિઃસંગ પગ મોહે સીસ દે, નિશ્ચેં શિવપુર જાસી.
જાતું...(૩)

સુમતા ભઈ સુખી ઈમ સુનકે, કુમતા ભઈ ઉદાસી,
ચિદાનંદ આનંદ લહ્યો ઈમ, તોરે કરમકી ફાંસી.
જાતું...(૪)

ॐ

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૨):**
જીવો પ્રત્યે મૈત્રી, ગુણીજનો પ્રત્યે પ્રમોદ, દુઃખી જીવો પ્રત્યે કરૂણા તથા વિપરીત વર્તનવાળા પ્રત્યે માધ્યસ્થ. હે દેવ! મારા આત્માને હંમેશા આવા ભાવવાળો કરો.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૮):**
અરિહંતો પંચ પરમેષ્ઠિમય છે, કારણકે... તેઓ પૂજ્ય છે માટે અરિહંત, ઉપચારથી સિદ્ધ, ઉપદેશક હોવાથી આચાર્ય, ભણાવનાર છે માટે ઉપાધ્યાય અને નિર્વિષય ચિત્તવાળા છે માટે સાધુ (કહેવાય છે).

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૨૬):**
તે સમયે શ્રમણ ભગવાન મહાવીર 'અરિહંત' થયા. હવે જિન, કેવલી, સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વ દેવ-મનુષ્ય-અસુર સુધીના લોકના પર્યાયને તેઓ જાણે છે, જુએ છે. જેઓને સર્વ લોકના સર્વ જીવોની આગતિ, ગતિ, ચ્યવન, ઉપયાન કે પ્રગટ કે ગુપ્ત, મનથી ભોગવેલું-કરેલું-આચરેલું કાંઈપણ કર્મ રહસ્યભૂત નથી, એવા અરહસ્યભાગી ભગવાન તે તે કાલે મન-વચન-કાયાના યોગમાં વર્તતા સર્વલોકમાં સર્વ જીવોના સર્વભાવોને જાણતા અને જોતા વિચરે છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૨૬):**
સમતા = સર્વત્ર આત્મસમદર્શીપણું.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૩૨):**
પદાર્થનું જ્ઞાન કરવાનું શ્રેષ્ઠ પ્રયોજન મોક્ષ છે. તે આ રીતેઃ 'આ આત્મા જ જોવા-સાંભળવા-જાણવા-ધ્યાન કરવા યોગ્ય છે' આ પ્રકારની શ્રુતિથી 'દેહ અને આત્મા જુદા છે' એવું ભાન થયા છતાં પણ 'શું જુદા જ હશે ને?' આવી શંકા નિર્મૂળ થતી નથી. માટે આત્મભાનયુક્તિના અનુસંધાનપૂર્વક મનનથી સિદ્ધ થતું હોવાથી પદાર્થનું જ્ઞાન મનનમાં પણ ઉપયોગી બને છે અને પદાર્થનું નિરૂપણ શાસ્ત્રમાં કરેલું છે. આ રીતે શાસ્ત્ર પણ મોક્ષ માટે ઉપયોગી છે.

ત્યાર પછી શ્રુતિમાં કહેલી યોગવિધિ વડે નિદિધ્યાસન કરે. પછી દેહથી ભિન્ન એવા આત્માનો સાક્ષાત્કાર થવાથી દેહાદિમાં 'હું' સ્વરૂપ અભિમાનરૂપ મિથ્યાજ્ઞાનનો નાશ થયે છતે, દોષનો અભાવ થવાથી પ્રવૃત્તિનો અભાવ થાય છે, તેથી ધર્મ-અધર્મનો અભાવ થાય છે. જન્મના અભાવપૂર્વે ધર્મ-અધર્મનો અનુભવ કરવાપૂર્વક નાશક થાય છે અને છેલ્લે દુઃખનાં ધ્વંસરૂપ મોક્ષ થાય છે.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૩૩):**
સૂર્ય જેવા વર્ણવાળા, (અજ્ઞાનરૂપી) અંધકારથી પર એવા મહાન પુરુષને હું જાણું છું અને આ પ્રમાણે તેને જાણીને મૃત્યુને પેલે પાર જવાય છે. તે સિવાય બીજો કોઈ માર્ગ નથી.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૩૩):**
મિથ્યાજ્ઞાનનો નાશ થવાથી દોષનો નાશ થાય છે. દોષના નાશથી પ્રવૃત્તિનો નાશ થાય છે. પ્રવૃત્તિના નાશથી જન્મનો નાશ થાય છે. જન્મનાશથી દુઃખનો નાશ થાય છે. દુઃખના નાશથી મોક્ષ મળે છે.

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૩૬):**
વિશ્વના ઈશ્વર, જે દેવ તમારા કુલદેવતા છે તે વીરપ્રભુ જ અમારા પાપનો નાશ કરનાર - અમારા ભગવાન છે. - સિદ્ધહૈમ વ્યાકરણ ૨-૧-૧૮

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૩૭):**
સર્વ જડ પદાર્થો-ભૂતો ક્ષરઃ (નાશવંત) છે. કૂટસ્થ (નિત્ય) એવો આત્મા અક્ષર (શાશ્વત) કહેવાય છે.

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૩૮):**
ઉત્તમ પુરૂષ આત્માથી જુદો છે. એ પ્રમાણે તે 'પરમાત્મા' કહેવાય છે, જે ત્રણ લોકમાં સમાઈને 'અવ્યય' સ્વરૂપને ધારણ કરે છે. - ભગવદ્ગીતા ૧૫-૧૭

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૪૭):**
દાન આપવું, પોતાનો ધર્મ પાળવો, નિયમ અને યમ પાળવા, શાસ્ત્ર સાંભળવું, સારા કાર્યો કરવા, સારા આચારો પાળવા, આ બધું મનનો નિગ્રહ અર્થાત્ મનને

ह्रीँ

કાબૂમાં રાખવા સ્વરૂપ છે. મનની સમાધિ સ્વરૂપ યોગ છે, તે સર્વશ્રેષ્ઠ છે.

- ભાગવત સ્કંધ ૧૧ અ-૨૩-૪૬

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૪૭):**

નાયક વગરનું સૈન્ય હિતકારી નથી.

સ્વચ્છંદી વર્તન હોય ત્યાં નાશ થાય જ છે, એમાં સંદેહ નથી.

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૪૮):**

પરમ ઈશ્વર એવા પરમેષ્ઠિઓને જણાવનાર, સિદ્ધચક્રનું પ્રથમ બીજ મંત્ર (ૐ) છે.

**પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૪૮):**

બધા જ આગમોના સારભૂત, બધા વિઘ્નોના સમૂહને નાશ કરનાર, બધા પુન્ય-પાપ અને સંકલ્પ-વિકલ્પને પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સમાન ૐકારનું શાસ્ત્રના અધ્યયન અને અધ્યાપન સુધી પ્રણિધાન કરવું.

૧) યોગ = ન મેળવેલા ગુણોની પ્રાપ્તિ કરવી.
૨) ક્ષેમ = મેળવેલા ગુણનું રક્ષણ કરવું.
૩) સંકલ્પ = મેળવવાની ઈચ્છા કરવી.
૪) અભેદ = ઐક્ય અર્થાત્ જેવા પરમાત્મા છે તેવો જ હું છું.
૫) સ્વરૂપ = તે જ હું છું અર્થાત્ હું પોતે પણ પરમાત્મા સ્વરૂપ છું.

**પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૪૮):**

જેના નામની સ્મૃતિથી સજ્જનોના ચિત્ત અને ચક્ષુ આકર્ષાઈ જવાથી, દિવ્ય અંજનનો અનુભવ કરીને શુદ્ધ દ્રષ્ટિવાળા થયેલા, તત્કાળ બધું જ નિર્મળ જોઈ શકે છે. આવા પ્રકારની ગંભીર અર્થવાળી, પ્રવચનના નિધાન સમી, હૃદયરૂપી પૃથ્વીની મધ્યમાં રહેલી તે સરસ્વતી માતાની હું સ્તુતિ કરૂં છું.

**પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૪૮):**

રસ અર્થાત્ રસનેન્દ્રિય જીતે છતે બધું જીતાયું છે. જેના વડે મન જીતાયું એણે જગત્ જીત્યું. વેગને નહિ અડકાવવું જોઈએ, પરંતુ મનના વેગને અટકાવવું જોઈએ.

- વાગ્ભટ્ટ

**પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૭૧):**
તું શુદ્ધ છે, બુદ્ધ છે, નિરંજન છે, સંસારની માયાથી રહિત છે. સંસાર એ સ્વપ્ન છે. મોહની નિદ્રાનો ત્યાગ કર. તું સત્ અર્થાત્ શાશ્વત સ્વરૂપવાળો છે, માટે જન્મ કે મૃત્યુ તારે હોતા નથી.

**પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૮૩):**
શુદ્ધ આત્માવાળા સજ્જનો દુર્જનોની ચેષ્ટાને જાણવા છતાં પણ જાણતા નથી, જોવા છતાં પણ જોતાં નથી અને કોઈ કહે તો પણ શ્રદ્ધા કરતા નથી.

- ઉપમિતિ પૃ.૪૯૭

**પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૧૧૬):**
અરિહંતના ૧૨, સિદ્ધના ૮, આચાર્યના ૩૬, ઉપાધ્યાયના ૨૫, સાધુના ૨૭ - આમ સર્વ મળીને ૧૦૮ ગુણો થાય છે.

**પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૧૧૬):**
પ્રણવ = ૐકાર એ ધનુષ્ય છે. આત્મા એ બાણ છે. બ્રહ્મ એનું લક્ષ્ય છે. અપ્રમત્તપણે વિંધવું અને બાણની જેમ તન્મય થવું.
એક અરણિ કાષ્ઠ આત્મા અને બીજું અરણિ ૐ. આ બંનેને જ્ઞાનરૂપી મથનના અભ્યાસથી પંડિત પુરૂષો પાપ બાળે છે.
પોતાના દેહને એક અરણિ અને ૐકારને બીજું અરણિ કરીને ધ્યાન દ્વારા મથન કરવાના અભ્યાસથી, આત્માની જેમ પરમાત્માને જોઈ શકાય છે.
અદશ્ય શરીરવાળા પરમાત્મા મનોમય છે અને ભાવથી ગ્રાહ્ય છે. તેમનું નામ ૐકાર કહ્યું છે. તે નામથી બોલાયેલા ભગવાન પ્રસન્ન થાય છે.
'ૐ' એ એક પરમ અક્ષર છે, જે અક્ષર જે વ્યક્તિ જે ઈચ્છે તે તેને આપે છે.
બ્રહ્મા-વિષ્ણુ-શિવ સ્વરૂપ પ્રણવનો હંમેશા જાપ કરવો અને કરોડો સૂર્ય સમાન તેજવાળા તેનું આત્મામાં હંમેશા નિર્મલ ધ્યાન કરવું.

**પરિશિષ્ટ - ૨૧ (પૃષ્ઠ ૧૨૦):**
યાપનીયયા = શરીરની શક્તિ વડે.
શરીરની શક્તિ વડે થાય તે યાપનીયં.
ઈન્દ્રિયોના ઉપશમ આદિ પ્રકારો વડે કરાય તે યાપનીયં.

ॐ

**પરિશિષ્ટ - ૨૨ (પૃષ્ઠ ૧૨૪):**
ભોગમાં રોગનો ભય, કુળમાં ભ્રષ્ટ થવાનો ભય, ધનમાં રાજાનો ભય, મૌનમાં દીનતાનો ભય, બળમાં શત્રુનો ભય, રૂપમાં ઘડપણનો ભય, શાસ્ત્રમાં વાદનો ભય, ગુણમાં દુર્જનનો ભય, કાયામાં યમરાજ (મૃત્યુ)નો ભય છે.
આમ પૃથ્વી ઉપર મનુષ્યોની સર્વ વસ્તુ ભયયુક્ત છે, માત્ર વૈરાગ્ય જ અભય છે.

**પરિશિષ્ટ - ૨૩ (પૃષ્ઠ ૧૨૫):**
સર્પો પવન પીવે છે, તો ય તેઓ દુર્બલ નથી. જંગલના હાથીઓ સૂકા ઘાસ વડે પણ બલવાન થાય છે. કંદ અને ફલો વડે મુનિવરો (તાપસો) કાલ પસાર કરે છે, એટલે કે સંતોષ જ પુરૂષનું શ્રેષ્ઠ નિધાન છે.

**પરિશિષ્ટ - ૨૪ (પૃષ્ઠ ૧૩૯):**
ભગવાન, બ્રાહ્મણ, ગુરુમહારાજ અને ડાહ્યા માણસની પૂજા કરવી, પવિત્રતા અને સરળતા રાખવી તથા બ્રહ્મચર્ય રાખી અહિંસા પાળવી, તે શારીરિક તપ કહેવાય છે.

**પરિશિષ્ટ - ૨૫ (પૃષ્ઠ ૧૩૯):**
કોઈને ઉદ્વેગ ન થાય એવું, સત્ય-પ્રિય-હિતકારી વચન બોલવું તથા સ્વાધ્યાય-અભ્યાસ કરવો, તે વાણીનો તપ કહેવાય છે.

**પરિશિષ્ટ - ૨૬ (પૃષ્ઠ ૧૩૯):**
મનની પ્રસન્નતા-સૌમ્યતા ટકાવી રાખવી, મૌન કરવું, આત્માને કાબુમાં રાખવો, ભાવની શુદ્ધિ જાળવવી, તે મનનો તપ કહેવાય છે. - ભગવદ્ગીતા

**પરિશિષ્ટ - ૨૭ (પૃષ્ઠ ૧૫૯):**
ત્વં પદ 'જીવ' જણાવે છે. તે જીવ કૂટસ્થ (નિત્ય) છે, તે લક્ષ્યાર્થ છે.

| | |
|---|---|
| તત્ પદ 'ઈશ્વર' જણાવે છે.<br>ત્વમ્ પદ 'જીવ' જણાવે છે.<br>અસિ પદ ઐક્યભાવ જણાવે છે. | 'તત્ત્વમસિ' |

ૐ

**પરિશિષ્ટ - ૨૮ (પૃષ્ઠ ૧૫૯):**
મંત્ર સંકેતને જાણનાર, શ્રી વિદ્યામંત્રના રહસ્ય સ્વરૂપ, શ્રેષ્ઠ ભાવના વડે નાશ પમાડી છે મોહની જાળ જેણે, તે પરમશિવ જ હોય છે.

**પરિશિષ્ટ - ૨૯ (પૃષ્ઠ ૧૬૯):**
અવિવેક એ આપત્તિનું સ્થાન છે. - માઘકવિ

**પરિશિષ્ટ - ૩૦ (પૃષ્ઠ ૧૬૯):**
વિવેકથી ભ્રષ્ટ થયેલાનો નાશ સો મુખવાળો અર્થાત્ ખૂબ જલ્દી થાય છે.
- ભર્તૃહરિ

**પરિશિષ્ટ - ૩૧ (પૃષ્ઠ ૧૭૧):**
હું ધર્મ જાણું છું પણ કરતો નથી, પાપને જાણું છું પણ અટકતો નથી, હૃદયમાં રહેલા કોઈક તત્ત્વ વડે જેમ આદેશ અપાય છે તેમ કરૂં છું.

**પરિશિષ્ટ - ૩૨ (પૃષ્ઠ ૧૮૫):**
ડાહ્યો માણસ અજરામરની જેમ વિદ્યા અને ધનનો વિચાર કરે અને મૃત્યુ વડે વાળથી પકડાયો હોય એમ ધર્મ આચરે. અર્થાત્ વિદ્યા અને ધન મેળવવામાં વિલંબ કરે પણ ધર્મમાં વિલંબ ન કરે.

**પરિશિષ્ટ - ૩૩ (પૃષ્ઠ ૨૦૦):**
કલ્યાણની ભાવનાવાળા થઈને શિવની ભક્તિ કરવી. દિવ્ય ભાવનાવાળા થઈને દેવની ભક્તિ કરવી.



ઉપર દર્શાવેલ ૩ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૫૮ - ૧૯૬૦ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

'શ્રીમદૃષભાદિ વર્ધમાનાન્તેભ્યો નમો નમઃ ।'




પ્રાર્થનાથી જ ઇષ્ટસિદ્ધિ થાય.
જ્યાં ઇષ્ટદેવ પાસે પ્રાર્થના નથી ત્યાં
ઘમંડ-સ્વશક્તિનો ખોટો વિશ્વાસ છે.
ઇષ્ટદેવની કૃપા સંપાદન કર્યા વિના કોઈ
સિદ્ધિ થઈ શકે જ નહિ. પરમેષ્ઠિ ભગવંતોને
નમસ્કાર પ્રાર્થનાસહિત કરવો જોઈએ.
વળી પરમેષ્ઠિ ભગવંતોના જે
ગુણોની પ્રશંસા કરાય, તે ગુણોને પામવાની
અભિલાષા સહિત જ કરવો જોઈએ.

પં. ભદ્રંકર વિજય

www.fiestadesigns.in